gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 28 જુલાઈ 2024

અષાઢ વદ -8, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 14 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



બૉલીવુડમાં કામ મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે નેહા ધૂપિયા..

પેજ 09

**સુવિચાર**


જ્યારે તમે ખોટા લોકોને પ્રોત્સાહન આપો છો ત્યારે, તમે તમારા શ્રેષ્ઠ લોકોને ગુમાવવાનું શરૂ કરો છો..!!

રશિયામાં પુતિન સાથે મંત્રણા બાદ વડાપ્રધાન મોદી હવે યુદ્ધગ્રસ્ત યુક્રેનની મુલાકાત લેશે... યુક્રેનના સ્વતંત્ર દિવસે થઈ શકે યુદ્ધ સમાપ્તિની ઘોષણા

# શું મોદી લાવશે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત ?!!

■ વિશ્વમાં ભારતનો-મોદીનો દબદબો વધશે, હજ્જારોના જીવ બચશે

ગુજરાત | વંદન





શું રશિયા-યુક્રેન યુદ્ધનો સમાધાનકારી અંત ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હસ્તરેખામાં દોરાયેલો છે? આ સવાલ એટલા માટે ઉદભવી રહ્યો છે કેમકે વડાપ્રધાન મોદી રશિયાની મુલાકાત બાદ યુદ્ધગ્રસ્ત યુક્રેનની મુલાકાતે જઈ રહ્યા છે. યુક્રેનની તેમની આ પ્રથમ મુલાકાત છે.

મોદીના વિરોધીઓને આ કદાચ નહીં ગમે પણ રશિયાએ એવો રાજકીય તખ્તો ઘડ્યો હશે કે યુક્રેન યુદ્ધનો સમાધાનકારી અંત લાવવાનો જશ કે શ્રેય રશિયના જૂના ભાઈબંધ ભારતને મળે. ચાલુ મહિને મોદીની રશિયાની મુલાકાત વખતે રાષ્ટ્રપતિ પુતિનની સાથે યુદ્ધનો અંત કઈ રીતે આવી શકે તેના મુદ્દા અને ઉકેલની પદ્ધતિ વિચારવામાં આવી હશે. આ મુદ્દા અને સમાધાનકારી વલણની પ્રાથમિક માહિતી બેક ડોર ચેનલ દ્વારા યુક્રેનને મોકલવામાં આવી હશે અને તેના પર સહમતીનો અણસાર કે નિર્દેશ મળતા મોદીની યુક્રેન મુલાકાત ગોઠવવામાં આવી રહી હોવાનું મનાય છે. આમ પણ મોદીએ દેશ અને દુનિયાને મંત્ર આપ્યો છે કે શાંતિ માટે યુદ્ધ નહીં બુદ્ધ જરૂરી છે અને તેના ભાગ રૂપે વિદેશ મંત્રી એસ જયશંકરે બંને દેશોના રાજનેતાઓ સાથે વાતચીત કરીને વડાપ્રધાન મોદીની યુક્રેનની મુલાકાત ફાઈનલ થઈ હશે કેમકે મોદીની યુક્રેન મુલાકાતની હવે સત્તાવાર જાહેરાત થઈ છે.

24 ફેબ્રુઆરી 2022ના રોજ રશિયાએ એકાએક યુક્રેન પર આક્રમણ કરીને યુદ્ધની શરૂઆત કરી હતી. આ દરમિયાન રશિયા કરતાં યુક્રેનને ભારે ખુવારીનો સામનો કરાવો પડ્યો છે. હજ્જારોના મોત થયા છે અને લાખો લોકોને ઘરબાર છોડવાની ફરજ પડી છે, યુદ્ધ શરૂ થયું ત્યારબાદ ત્યાં અભ્યાસ કરતાં ભારતના હજ્જારો છાત્રોને યુદ્ધ ક્ષેત્રમાંથી સહીસલામત બાહર લાવવા મોદીએ બંને દેશોની અને ખાસ કરીને રશિયા ને વિનંતી કરતાં અમૂક કલાકો સુધી યુદ્ધને રોકી રાખવામાં આવ્યું હતું તે દરમિયાન ભારતના છાત્રોને સહીસલામત બહાર લવાયા હતા. જો કે વિપક્ષ દ્વારા "મોદીએ યુદ્ધ રોક્યું પણ મણિપુરની હિંસા ન રોકી" એવી આલોચના પણ થઈ હતી.

દરમિયાન સત્તાવાર રીતે જણાવ્યા મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને યુક્રેનની મુલાકાત લેશે. ફેબ્રુઆરી 2022થી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પીએમ મોદીની આ મુલાકાત ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વાસ્તવમાં, રશિયા સાથે પણ ભારતના ઘણા સારા સંબંધો છે, જે પછી માનવામાં આવે છે કે પીએમ મોદીની આ મુલાકાત પછી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામનો કોઈ રસ્તો નીકળી શકે છે.

## 882 દિવસ કરતાં વધુ સમયથી ચાલી રહ્યું છે યુદ્ધ



રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી 2022 થી યુદ્ધ ચાલી રહ્યું છે, આ યુદ્ધ હવે 882 દિવસથી વધુ ચાલ્યું છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ બાદ પીએમ મોદીની યુક્રેનની આ પ્રથમ મુલાકાત હશે. આ પહેલા પીએમ મોદી 8-9 જુલાઈના રોજ રશિયા ગયા હતા અને ત્યાં રાષ્ટ્રપતિ પુતિનને મળ્યા હતા. રશિયાના પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ પુતિન સાથે શાંતિની વાત કરી હતી.

### મોદી પહેલાથી જ યુદ્ધ રોકવાનું સમર્થન કરી ચૂક્યા છે

હવે પીએમ મોદી આવતા મહિને યુક્રેન જશે અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકીને મળશે. માનવામાં આવે છે કે પીએમ મોદીની આ મુલાકાત બાદ બંને દેશો રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સમજૂતી પર સહમતિ બની શકે છે. જો કે પીએમ મોદી પહેલા જ યુદ્ધ રોકવાનું સમર્થન કરી ચૂક્યા છે. પીએમ મોદીએ જુલાઈમાં રશિયાની મુલાકાત લીધી હતી, ત્યારબાદ હવે તેઓ ઓગસ્ટમાં યુક્રેનની મુલાકાત લેશે અને શક્ય છે કે આ પ્રવાસના આવતા મહિને પીએમ મોદી ઓક્ટોબરમાં ફરી એકવાર રશિયાની મુલાકાત લે.

### યુક્રેન પ્રવાસની તડામાર તૈયારીઓ

વડાપ્રધાન મોદીના યુક્રેન પ્રવાસને લઈને તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ પહેલા 13 થી 15 જૂન વચ્ચે ઈટાલીમાં યોજાયેલી G-7 સમિટ દરમિયાન પીએમ મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીની મુલાકાત થઈ હતી. તેઓએ યુક્રેનની વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી, જેમાં પીએમ મોદીએ કહ્યું કે ભારત શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપવાનું ચાલુ રાખશે. અગાઉ ઓક્ટોબર 2022માં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી વચ્ચે પણ રશિયા-યુક્રેન પ્રવાસ અંગે ફોન પર વાતચીત થઈ હતી. ફોન પર વાતચીત દરમિયાન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પીએમ મોદીને યુક્રેનની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### વિદેશ મંત્રીએ ભારતીય નાગરિકોની તસ્કરીના મુદ્દે લાઓસ સાથે ચર્ચા કરી



વિદેશ મંત્રી એસ જયશંકરે વિએન્ટિયનમાં લાઓનાં વડાપ્રધાન સોનેક્સા સિફન્ડોન સાથે મુલાકાત કરી. આ દરમિયાન, તેમણે દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશમાં સાયબર કૌભાંડ કેન્દ્રો દ્વારા ભારતીય નાગરિકોની હેરફેરનો મુદ્દો ઉઠાવ્યો અને સંરક્ષણ અને ઊર્જા જેવા ક્ષેત્રોમાં વિકાસ ભાગીદારી અને સહકાર અંગે ચર્ચા કરી. એસોસિયેશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ (ASEAN)ની બેઠકમાં ભાગ લેવા વિદેશ મંત્રી જયશંકર લાઓસની રાજધાનીમાં છે.

### દલિત નેતા કાંશીરામને ભારત રત્ન પુરસ્કાર આપવા માંગણી



કાંશીરામને ભારત રત્ન આપવાની માંગ ફરી એકવાર ઉઠવા લાગી છે. સમાજવાદી પાર્ટીના નેતાઓએ કહ્યું કે સપાએ કાંશીરામને ભારત રત્ન આપવાની માંગ કરી હતી પરંતુ ભાજપ સરકારે તેમ કર્યું નથી. તેમણે કહ્યું કે ભાજપ સરકારમાં હોવા છતાં હજુ સુધી આ કામ કરી શકી નથી. ભાજપે કાંશીરામને ભારત રત્ન આપવા પર વિચાર કરવો જોઈએ. સપા નેતાએ કહ્યું કે ભાજપ જે પણ કામ કરે છે, તે ચૂંટણી અને મતોને ધ્યાનમાં રાખીને કરે છે.

### ગુજરાતના નિવૃત્ત IAS એસ.કે. નંદાનું અમેરિકામાં નિધન



ગુજરાત કેડરના નિવૃત્ત આઈએએસ અધિકારી સુદીપકુમાર (એસકે) નંદા (68) નું શુક્રવારે નિધન થયું છે. તેઓ તેમની પુત્રીને મળવા માટે અમેરિકા ગયા હતા. તેઓ જ્યારે નિવૃત્ત થયા ત્યારે તેમનું પોસ્ટીંગ રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ તરીકે થયું હતું. તેમની કારકિર્દીમાં તેમણે એવા ઘણાં નિર્ણયો લીધા હતા કે જે લોકોની સુખાકારી માટે મહત્વના હતા. પહેલી ફેબ્રુઆરી 1956માં જન્મેલા ડૉ. નંદાએ રાજ્ય સરકારની ફરજો દરમ્યાન અનેક મહત્ત્વના હોદ્દાઓ સંભાળ્યા છે. આરોગ્ય વિભાગમાં તેમની સેવાઓને ઘણી વખત બિરદાવવામાં આવી છે. ભૂજના ભૂંકપની રાહત કામગીરીની દેખરેખ રાખવા માટે અને વિનાશ બાદ રોગચાળો ફેલાય નહીં તેની ખાતરી કરવા માટેની નોંધ લેવાઈ હતી. સરકારની નીતિ વિષયક બાબતો થી આયુર્વેદ, આદિજાતિ વિકાસ અને રક્તદાનમાં તેમનો મોટો ફાળો રહ્યો છે.

## મુંબઈમાં ત્રણમાળની ઈમારત, ધરાશાયી 24 પરિવાર રહેતા હતા

■ અનેક લોકોના દટાયા હોવાની શક્યતા, 1નું મોત-બચાવકાર્ય શરૂ

ગુજરાત | વંદન



મહારાષ્ટ્રના મુંબઈમાં એક ત્રણ માળની ઈમારત ધરાશાયી થઈ ગઈ છે. મુંબઈમાં થયેલા ભારે વરસાદ બાદ નવી મુંબઈના શાહબાઝ ગામમાં બનેલી ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની ઈમારત અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. બિલ્ડિંગ ધરાશાયી થવાને કારણે અહીં ઘણા લોકો દટાયા હોવાની આશંકા છે બિલ્ડિંગમાં કુલ 24 પરિવાર રહેતા હતા. ઘણા લોકો કાટમાળ નીચે દટાઈ ગયા છે. પોલીસ, ફાયરબ્રિગેડ અને NDRF ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બચાવ કામગીરી ચાલી રહી છે. જેસીબીને પણ ઘટનાસ્થળે બોલાવી કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે.

નવી મુંબઈ મ્યુનિસિપલ કમિશનર કૈલાસ શિંદેએ જણાવ્યું હતું કે "આ ઈમારત આજે સવારે 5 વાગ્યા પહેલાં ધરાશાયી થઈ હતી. આ ગ્રાઉન્ડ 3 માળની ઈમારત છે, જે સેક્ટર-19, શાહબાઝ ગામમાં છે. એ 3 માળની ઈમારત હતી. 52 લોકો સુરક્ષિત રીતે બહાર આવ્યા હતા અને કાટમાળ નીચે ફસાયેલા 2 લોકોને બચાવી લેવાયા છે. જેમને બચાવી લેવામાં આવ્યા છે તેમની હાલત સ્થિત છે. આ 10 વર્ષ જૂની ઈમારત છે, તપાસ ચાલી રહી છે, જે પણ દોષિત ઠરે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે મુંબઈના ગ્રાન્ટ રોડ વિસ્તારમાં એક બિલ્ડિંગની બાલ્કનીનો એક ભાગ ધરાશાયી થતાં એક મહિલાનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આ ઘટના ગ્રાન્ટ રોડ રેલવે સ્ટેશન નજીક આવેલી ચાર માળની ઈમારત રુબિનિસા મંઝિલમાં સવારે 11:00 વાગ્યે બની હતી. મુંબઈ ફાયરબ્રિગેડના જણાવ્યા અનુસાર, બીજા ને ત્રીજા માળની બાલ્કની તથા સ્લેબનો એક ભાગ તૂટી પડ્યો હતો અને કેટલાક ભાગ જોખમી રીતે લટકી ગયા હતા.

ગ્રાન્ટ રોડ સ્થિત બિલ્ડિંગની બાલ્કની ધરાશાયી થયાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા. આ ફૂટેજ ઘટનાસ્થળે આવેલી એક દુકાનમાં લગાવેલા સીસીટીવી ફૂટેજનો હતો, જેમાં જોઈ શકાય છે કે એક મહિલા તેના ઘરની બહાર નીકળીને શેરીમાં આવે છે ત્યારે જ તેના ઉપર કાટમાળ પડે છે અને તે નીચે દટાઈ જાય છે, ત્યારે અચાનક જ નાસભાગ મચી જાય છે.

રેસ્ક્યૂ ટીમે વિવિધ સાધનોનો ઉપયોગ કરીને તેમને બહાર કાઢ્યા હતા. મુંબઈ ફાયરબ્રિગેડનાં ચાર વાહનો, એક ક્વિક રિસ્પોન્સ વ્હીકલ (QRV), એક રેસ્ક્યૂ વ્હીકલ (RV) અને એક ટર્નટેબલ લેડર (TTL) સ્થળ પર તહેનાત કરવામાં આવ્યાં હતાં.

## કાશ્મીરમાં ફરી આતંકી હુમલો: એક જવાન શહીદની સાથે આતંકી ઠાર

■ હુમલામાં એક મેજર સહિત ચાર જવાન ઘાયલ થયા

ગુજરાત | વંદન



જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં શનિવારે સવારે સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં એક જવાન શહીદ થયો છે. હુમલામાં એક મેજર સહિત ચાર જવાન ઘાયલ થયા છે. આ એન્કાઉન્ટર માછિલ સેક્ટર પાસેના જંગલ વિસ્તારમાં થયું હતું. ઘાયલ થયેલા તમામ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.એન્કાઉન્ટરમાં એક પાકિસ્તાની આતંકવાદી માર્યા ગયાના સમાચાર છે. તે પાકિસ્તાની બોર્ડર એક્શન ટીમનો SSG કમાન્ડો હોવાની આશંકા છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સૈનિકો કમકારી વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા ત્યારે આતંકીઓએ ફાયરિંગ કર્યુ હતું. સુરક્ષા દળોને કમકારી વિસ્તારમાં પાકિસ્તાની આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી, ત્યારબાદ સેનાએ આ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. હુમલા બાદ આતંકવાદીઓ જંગલમાં ભાગી ગયા હોવાની આશંકા છે. વધારાના સૈનિકો મોકલીને શોધખોળ કરવામાં આવી રહી છે.જમ્મુ-કાશ્મીરના કુપવાડાના કોવુત વિસ્તારમાં બુધવારે થયેલા આતંકવાદી હુમલામાં ઘાયલ નોન-કમિશન્ડ ઓફિસર દિલાવર સિંહનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. સેનાએ એન્કાઉન્ટરમાં એક આતંકીને પણ ઠાર કર્યો હતો. મંગળવારે પૂંછમાં એન્કાઉન્ટર થયું હતું, જેમાં લાન્સ નાઈક સુભાષ કુમાર શહીદ થયા હતા.

## વાંકી નજરે...

સૌજન્યથી...




## નીતિ આયોગની બેઠકમાં હોબાળો, મમતા અધવચ્ચે બહાર નીકળી ગયા

■ હું બોલતી હતી અને મારૂ માઈક બંધ કરી દેવાયું : દાવો



ગુજરાત | વંદન

પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ નીતિ આયોગની બેઠકને અધવચ્ચે પડતી મૂકી હતી. બહાર આવીને તેમણે આરોપ લગાવ્યો કે બેઠકમાં મને બોલવા જ ન દેવાયું. મારું માઈક પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. બેઠકમાં વિપક્ષ તરફથી કોઈ નહોતું આવ્યું અને હું એકલી જ આવી હતી. બધા મુખ્યમંત્રીને 15-15 મિનિટનો સમય અપાયો હતો. જ્યારે મેં મારો પક્ષ રજૂ કર્યો તો મને બોલતા જ અટકાવી દેવામાં આવી. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં નીતિ આયોગની આ 9મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક ચાલી રહી છે. મીટિંગમાં 2047 સુધી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. બેઠક માટે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, આસામના મુખ્યમંત્રી હિમંતા શર્મા, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજન લાલ શર્મા, મધ્યપ્રદેશના સીએમ મોહન યાદવ, આંધ્રના સીએમ ચંદ્રબાબુ નાયડુ અને ગોવાના સીએમ પ્રમોદ સાવંત પહોંચ્યા હતા.

જોકે નીતિ આયોગની આ બેઠકનો I.N.D.I.A. ગઠબંધનના શાસન હેઠળના 7 રાજ્યના મુખ્યમંત્રીઓએ બહિષ્કાર કરી દીધો હતો. આ રાજ્યોમાં તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, પંજાબ, કેરળ અને ઝારખંડ સામેલ છે. આ રાજ્યોના મુખ્યમંત્રી આ બેઠકમાં પહોંચ્યા જ નહોતા. જ્યારે એનડીએના મુખ્ય સહયોગી જેડીયુના નીતિશ કુમાર પણ આ બેઠકમાં આવ્યા નહોતા. તેમની જગ્યાએ ઉપમુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને મુખ્ય સચિવ બ્રજેશ મેહરોત્રાએ હાજરી આપી હતી.

## PM મોદી સહિત ભાજપના નેતાઓ સામે હાઈકોર્ટમાં રિટ



■ ભાજપના નેતાઓએ પદ અને શપથનો દુરુપયોગ કર્યાનો દાવો

ગુજરાત | વંદન

નાગરિકતા સુધારા કાયદો (CAA) સંબંધિત કાયદાનો પ્રચાર પ્રસાર કરવા મામલે વડાપ્રધાન મોદી સહિત ભાજપના ટોચના નેતાઓ સામે કેસ નોંધવાની માગ સાથે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ મામલે રાજ્ય સરકારને નોટિસ પણ મોકલાઈ હતી. આ મામલે હવે આગામી અઠવાડિયે સુનાવણી થવાની શક્યતા છે.

અરજદાર અલીગઢના ખુર્શીદ ઉર રહેમાને આ મામલે અગાઉ કલમ 156 (3) હેઠળ અલીગઢ જિલ્લા કોર્ટમાં અરજી કરી હતી જેને સીજેએમએ 8 જાન્યુઆરી 2024ના રોજ ફગાવી દીધી હતી. આ આદેશ સામે જ સેશન કોર્ટ અલીગઢે પણ રિવ્યૂ પિટિશન 6 એપ્રિલ 2024ના રોજ ફગાવી દીધી હતી. હવે આ બંને આદેશને હાઈકોર્ટમાં પડકારાયો છે.

અરજદારે તેની અરજીમાં વડાપ્રધાન મોદી, ભાજપના અધ્યક્ષ નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ સહિત કમલ સંદેશ નામની મેગેઝિનના પ્રકાશક તથા એમડી અને અન્ય લોકો સામે કેસ દાખલ કરવાની માગ કરી છે. અરજદારે કમલ સંદેશ નામની મેગેઝિનમાં પ્રકાશિત લેખનો હવાલો આપ્યો હતો જેમાં કહ્યું છે કે ભાજપના નેતાઓએ કાવતરાં હેઠળ પોતાના હિતમાં હિંસા, રમખાણો અને ધાર્મિક ભાવના ભડકાવવા માટે પદ અને શપથનો દુરુપયોગ કર્યો હતો.

અરજીમાં દાવો કરાયો કે આ નેતાઓએ સીએએ અંગે ભાષણ આપ્યા. હોર્ડિંગ્સ અને કમલ સંદેશ નામની મેગેઝિનમાં લેખ પ્રકાશિત કરી મોટાપાયે તેનો પ્રચાર કર્યો. તેનાથી દેશમાં મોટાપાયે દેખાવો થયા, હિંસા ભડકી અને જાહેર સંપત્તિને નુકસાન થયું હતું.

## ઉત્તરાખંડના ટિહરીમાં આભ ફાટતા હાહાકાર

■ અનેક ગામના લોકો મુશ્કેલીમાં મુકાયા, 2નાં મોત, અનેક મકાન ધ્વસ્ત

ગુજરાત | વંદન



ઉત્તરાખંડના ટિહરીમાં બુઢાકેદાર ક્ષેત્રમાં આભ ફાટવાની ઘટનાને પગલે હાહાકાર મચી ગયો હતો. બાલગંગા નદીમાં એકાએક પૂરની સ્થિતિ સર્જાતા ચારેકોર વિનાશના દૃશ્યો સર્જાયા હતા. ગેંવાલી, તોલી, જખાણા, વિસન, તિનગઢ અને બુઢાકેદાર ગામના લોકો ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા.

માહિતી અનુસાર આભ ફાટવાની ઘટના બાદ બાલગંગા નદીએ ભયાનક રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં અનેક મકાનો, રસ્તાઓ વહી ગયા હતા જેના લીધે જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું હતું. કેટલાક વીડિયો પણ સામે આવ્યા હતા જેમાં દુકાનો-મકાનો વહી જતાં સ્પષ્ટ દેખાય છે. બુઢાકેદારના તોલી ગામમાં તો ભૂસ્ખલન જેવી ઘટના બનતાં એક મા-દીકરી જીવતી દટાઈ ગઈ હતી. સમગ્ર ખીણ વિસ્તારમાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. મૃતકોની ઓળખ સરિતા દેવી અને અંકિતા તરીકે થઈ હતી. સ્થિતિ એવી ભયાનક થઈ ગઈ છે કે તંત્રની ટીમ રેસ્ક્યૂ કે સહાય પહોંચાડવા માટે ત્યાં સુધી પહોંચી શકી નથી. આભ ફાટવાની ઘટનાને કારણે મકાનો પણ ધરાશાયી થઈ ગયા હતા. વિસ્તારના અનેક ભાગોમાં પીવાના પાણી તથા વીજળીનો સપ્લાય પણ ખોરવાઈ ગયો છે. તંત્રએ નુકસાનનું આકલન કરવાની શરૂઆત કરી દીધી છે.

## મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પણ રાજકારણમાં ઝંપલાવશે

■ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ઊભા રહેશે

ગુજરાત | વંદન



મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર સંજય પાંડેએ રાજકારણમાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો છે. શુક્રવારે તેમણે જાહેરાત કરી હતી કે, હું આગામી વિધાનસભા ચૂંટણી લડવા જઈ રહ્યો છું. તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. તેઓ મુંબઈના વર્સોવા વિધાનસભા મત વિસ્તારથી ચૂંટણી લડવા જઈ રહ્યા છે. પૂર્વ પોલીસ કમિશનર સંજય પાંડેએ જણાવ્યું કે, હું લાંબા સમયથી ચૂંટણી લડવાની યોજના બનાવી રહ્યો હતો. હું એ જ મતવિસ્તારથી ચૂંટણી લડીશ જ્યાં

...અનુસંધાન પેજ નં. 6 પર

## યુપીના બલિયાના એક પોલીસ સ્ટેશનના દરોડામાં તંત્રનો ભ્રષ્ટ ચહેરો બહાર આવ્યો

■ ઉચ્ચ અધિકારીઓએ પાડ્યા દરોડા, ભ્રષ્ટાચાર જોઈને સમસમી ગયા

ગુજરાત | વંદન




બલિયાના નરહી પોલીસ સ્ટેશનમાં વારાણસીના એડીજી પીયૂષ મોરડિયા અને આઝમગઢના ડીઆઈજી વૈભવ કૃષ્ણના દરોડામાં જે પણ પાસાઓ સામે આવ્યા છે તે ડરામણા અને અત્યંત શરમજનક છે.

આ મુદ્દે ઘણી ચર્ચા થઈ હતી અને તેમની ફરિયાદ બાદ એડીજી અને ડીઆઈજીએ બુધવાર-ગુરુવારે રાત્રે નરહી પોલીસ સ્ટેશન અને બલિયાના કોરન્ટાડીહ ચોકી પર આ દરોડા પાડ્યા હતા. આ બંને અધિકારીઓએ ભરૌલી ચેકપોસ્ટ પર પણ દરોડા પાડ્યા હતા. આ દરોડાના પરિણામો ચોંકાવનારા તો છે જ પરંતુ સમગ્ર પોલીસ વિભાગ માટે શરમજનક પણ છે. આ દરોડામાં એવું બહાર આવ્યું છે કે એકલા કોરંટાડીહ ચોકી પર તૈનાત પોલીસ રોજના 5 લાખ રૂપિયા વસૂલે છે. આ પોસ્ટની સામેથી દરરોજ લગભગ 1000 ટ્રક પસાર થાય છે અને દરેક ટ્રક પાસેથી રૂ. 500 વસૂલવામાં આવે છે. આ વસૂલાતની ડાયરીમાં યોગ્ય રીતે નોંધ કરવામાં આવે છે અને બીજા દિવસે 5 લાખની સમગ્ર રકમનું વિતરણ કરવામાં આવે છે.

આ રકમમાંથી કેપ્ટનને કેટલી, એડિશનલ અને ડેપ્યુટી એસપીને કેટલી અને ઈન્સ્પેક્ટર સુધી અહીં તૈનાત કોન્સ્ટેબલોને કેટલી રકમ આપવામાં આવે છે તેની વિગતો આ ડાયરીમાં છે. આ જ પોલીસ સ્ટેશન વિસ્તારની ભરૌલી ચેકપોસ્ટ પર પણ બરાબર આ જ સ્થિતિ છે અને અહીં પણ દરરોજ રાત્રે ત્યાંથી પસાર થતી 1000 ટ્રકો પાસેથી 500 રૂપિયા લેવામાં આવે છે. અત્યાર સુધી અમે સ્ટોરી કહી છે, જે પોલીસ અધિકારીઓ દ્વારા શુક્રવારે સાંજ સુધીમાં પ્રેસ કોન્ફરન્સ અથવા અન્ય માધ્યમો દ્વારા જાહેર કરવામાં આવી હતી. હવે તે વાર્તા કહેશે, જે

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર

સાપ્તાહિક ગુજરાત વંદન

gujaratvandan.com

# કેન્દ્રીય બજેટમાંથી ગુજરાતના ફાળે ₹43,378 કરોડ આવશે

■ ગત વર્ષે મળેલા 38 હજાર કરોડ સામે 5 હજાર કરોડ વધુ ફાળવાયા

ગુજરાત | વંદન

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં 2024-25ના વર્ષ માટે સામાન્ય બજેટ રજૂ કર્યું, તેમાં ગુજરાત માટે કોઈ ખાસ જાહેરાત કરાઈ નથી. અલબત્ત કેન્દ્રીય કરવેરામાંથી રાજ્યોને ફાળવાતી રકમ પેટે ગુજરાતને આ વર્ષ માટે 43,378 કરોડ રૂપિયા મળશે તેવો અંદાજ મૂકવામાં આવ્યો છે. દરેક રાજ્યોને વર્ષોવર્ષ નિયત ટકાવારી પ્રમાણે આ રકમ મળે જે તેમાં ગુજરાતનો હિસ્સો 3.47 ટકા જેટલો રહે છે.

કેન્દ્ર સરકારે આ માટે દરેક રાજ્યો વચ્ચે કુલ 12.47 લાખ કરોડ રૂપિયા ફાળવવા માટે નિયત કર્યાં છે. ગુજરાત સરકારે ચાલુ નાણાકીય વર્ષનું બજેટ ગયા ફેબ્રુઆરી માસમાં રજૂ કર્યું હતું જેમાં કેન્દ્રીય કરવેરામાંથી પ્રાપ્ત થતી આવક પેટે 42,245 કરોડ રૂપિયાનો અંદાજ આંક્યો હતો. તેની સામે કેન્દ્રએ મુકેલા અંદાજ મુજબ ગુજરાતને રાજ્યના પોતાના અંદાજ કરતાં 1 હજાર કરોડ રૂપિયા કરવેરાની સહાય પેટે વધુ મળશે. ગયા નાણાંકીય વર્ષમાં ગુજરાતને કેન્દ્ર સરકારના સુધારેલાં અંદાજ મુજબ 38,414 કરોડ રૂપિયા ચૂકવાયાં હતાં, તે જોતાં આ વર્ષે લગભગ 5 હજાર કરોડ રૂપિયા વધુ મળશે.

ગિફ્ટ સિટી, હીરા-કાપડ ઉદ્યોગોને બળ મળશે નાણામંત્રી



નિર્મલા સીતારમણે રજૂ કરેલાં અંદાજપત્રમાં કરેલી જાહેરાતમાં ગિફ્ટ સિટી અને બુલેટ ટ્રેઈન જેવા ગુજરાત સંલગ્ન પ્રોજેક્ટ માટે ખાસ ધ્યાન અપાયું છે. ગિફ્ટ સિટીમાં વ્યાપાર માટે જાહેર કરાયેલી કરવેરા માફીને લઈને ગુજરાતને સારું એવું પ્રોત્સાહન મળ્યું છે. આ ઉપરાંત હીરાના ઓનલાઈન ઓક્શન પર લેવાતો 2 ટકા વેરો માફ કરીને ગુજરાતના હીરા ઉદ્યોગને બળ આપ્યું છે. આ સિવાય સ્પાન્ડેક્સ યાર્નના કાચા માલ પર લેવાતી કસ્ટમ ડ્યૂટીમાં કરાયેલાં ઘટાડાથી કાપડ ઉદ્યોગ પરનું ભારણ ઘટશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના બજેટને વિકસિત ભારત માટેના પથને અનુલક્ષીને સર્વગ્રાહી અને સર્વસ્પર્શી ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, આ બજેટથી ગુજરાતના લઘુ અને મધ્યમકદના ઉદ્યોગોને બળ મળશે. આ ઉપરાંત ગોલ્ડ, સિલ્વર અને પ્લેટિનમની ઈમ્પોર્ટ ડ્યુટીમાં ઘટાડો થવાથી ગુજરાતના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગને વધુ વેગ મળશે તેમજ રૉ-ડાયમંડ માટે આ બજેટમાં જાહેર કરેલી જોગવાઈઓથી ડાયમંડ કટિંગ અને પોલિશીંગ ઈન્ડસ્ટ્રીને પણ પ્રોત્સાહન મળશે તેમ તેમણે જણાવ્યું છે. આવકવેરાના સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં અપાયેલી રાહતથી મધ્યમ વર્ગને મોટો આર્થિક લાભ થશે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે બજેટને વધાવતાં કહ્યું કે તેનાથી દેશમાં આર્થિક વૃદ્ધિ, સામાજિક સશક્તીકરણ અને માળખાકીય સુવિધાઓ નવી ઊંચાઈ આંબશે. 1.52 લાખ કરોડ રૂપિયાની ફાળવણીથી કૃષિ ક્ષેત્ર અને ખેડૂત સમૃદ્ધ થશે.

યુવાનો માટે શિક્ષણ અને રોજગારને લગતી યોજનાઓથી તેમને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત આવાસ યોજનાને અપાયેલા મહત્ત્વને કારણે ગરીબ અને મધ્યમવર્ગીય નાગરિકોને પોતાનું ઘર મળશે. ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમસ્યા દૂર થશે અને ટેકનોલોજી, ડીજિટલ સ્ટાર્ટઅપને બળ મળશે.

# ભારતીય મજદૂર સંઘ બન્યું વિશ્વનું સૌથી મોટું શ્રમિક સંગઠન




■ વર્ષ દરમિયાન વિવિધ ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરાશે

ગુજરાત | વંદન

ભારતીય મજદૂર સંઘે 70 વર્ષ પુરા કર્યા છે અને 8 હજાર ટ્રેડ યુનિયન ધરાવતું વિશ્વનું સૌથી મોટું શ્રમિક સંગઠન બન્યું છે. ભારતીય મજદૂર સંઘના સ્થાપના દિવસ 23 જુલાઈ 2024થી 23 જુલાઈ 2025 સુધી અખિલ ભારતીય મજદૂર સંઘ દ્વારા વિવિધ ઉજવણીના કાર્યક્રમો વર્ષ દરમિયાન આયોજિત કરવામાં આવ્યા છે.

અખિલ ભારતીય મજદૂર સંઘના પ્રદેશ મહામંત્રી ગિરીશ પટેલે કહ્યું કે ગ્રામ્ય વિસ્તારોમાં છૂટક મજૂરી કરતા, બાંધકામ અને કૃષિ ક્ષેત્રના શ્રમિકો અસંગઠિત ક્ષેત્રના સરકારી પોર્ટલમાં રજિસ્ટર થાય અને સરકારી તમામ યોજનાઓના લાભો મેળવે તે હેતુથી" ચલો ગાંવ કી ઓર " કાર્યક્રમ હેઠળ સંઘના હજારો કાર્યકરો દરેક ગામમાં જઈને સ્થાનિક શ્રમિકોને સાથે રાખીને સંઘના ધ્વજનું ધ્વજારોહણ કરશે. ટૂંકી પત્રિકાના માધ્યમથી સંઘના ઈતિહાસનો પરિચય કરાવશે. શ્રમિકોને ગર્વિષ્ઠ શ્રમિકની ઓળખ આપીને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરવામાં આવશે.

23 જુલાઈ સ્થાપના દિવસથી ગુજરાત પ્રદેશના હજારો કાર્યકરો રાજ્યના 10 હજાર જેટલા ગામોમાં ધ્વજારોહણ અને પત્રિકાનું વિતરણ કરવામાં આવશે.

# ગાંધીનગર મનપા દ્વારા ચ-0 સર્કલ ખાતે પ્રથમ યોગ સેન્ટર બનાવાશે

■ સેન્ટર માટે કન્સલ્ટન્ટની સેવા લેવાશે-સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત

ગુજરાત | વંદન



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિવિધ પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્ટની સેવા લેવામાં આવતી હોય છે. જેના ભાગરૂપે બે સ્થળોએ લાયબ્રેરી તેમજ યોગ સ્ટુડીયોના બે અલગ અલગ પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્ટની સેવા લેવામાં આવનાર છે. આ બાબતની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુકવામાં આવી છે.

ગાંધીનગરમાં દર વર્ષે આંતરરાષ્ટ્રિય યોગ દિવસની જાહેર મંચ પર ઉજવણી થાય છે. તે સિવાયના દિવસોમાં પણ શહેરમાં અનેક સ્થળોએ નિયમિત યોગ ક્લાસ ચાલે છે. નાગરિકો વધુ ને વધુ યોગ તરફ વળે તે માટે મહાનગરપાલિકા દ્વારા 5 જેટલા યોગ સ્ટુડિયો બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી અને તે માટે બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી હતી. હવે શહેરના સૌ પ્રથમ યોગ સેન્ટર માટે ચ-0 સર્કલની પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગરના મુખ્ય પ્રવેશદ્વાર ગણાતા ચ-0 સર્કલ ખાતે પ્રથમ યોગ સેન્ટર બનાવવા માટે કન્સલ્ટન્ટની સેવા લેવામાં આવનાર છે. આ માટે કુલ પ્રોજેક્ટ કોસ્ટના 3 ટકા લેખે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની સેવા લેવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. ગુરૂવારે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવશે.

આ સાથે ઝુંડાલ અને કોટેશ્વર ખાતે લાયબ્રેરી બનાવવા માટે પણ આ જ કન્સલ્ટન્ટને પ્રોજેક્ટ કોસ્ટના 2.5 ટકા લેખે રોકવામાં આવશે. નાગરિકો વધુ ને વધુ યોગ તરફ વળે તે માટે મહાનગરપાલિકા દ્વારા 5 જેટલા યોગ સ્ટુડિયો બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

# ઈસનપુર મગોડી ગામનો દસ્તાવેજ થઈ ગયો, ગ્રામજનોની મુશ્કેલી વધી

■ છેલ્લા 47 વર્ષથી રહેતા ગ્રામજનોને મકાન ખાલી કરવા નોટિસો પણ અપાઈ

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં જમીનની કિંમતો આસમાને પહોંચી હોવાથી ભૂમાફિયાઓ નીત-નવા કારસ્તાન કરી રહ્યા છે. આખા ગામ વેચી દેવાના સિલસિલાએ ગાંધીનગર તાલુકામાં આવેલા ઈસનપુર મગોડી ગામને પણ અસર કરી છે. આખા ગામની જમીનનો દસ્તાવેજ થઈ જતાં છેલ્લા 47 વર્ષથી રહેતા ગ્રામજનોને મકાન ખાલી કરવા નોટિસો પણ અપાઈ છે. ગ્રામજનોમાં વધી રહેલા આક્રોશને વાચા આપવા કોંગ્રેસના નેતાઓએ ઈસનપુર મગોડી ગામની મુલાકાત લીધી હતી.



ઈસનપુર મગોડીના ગ્રામજનોએ જણાવ્યુ હતું કે, ગામની જમીન અગાઉ રતીલાલ મફતલાલ શાહના નામે હતી. 47 વર્ષ પહેલા નથાજી જુગાજી, શંકાજી નામના બે ઠાકોરભાઈઓને 81 રૂ.ના સ્ટેમ્પ પર આ જમીન વેચાતી લીધી હતી. ગામમાં 40 જેટલા મકાનમાં 200 વ્યક્તિ રહે છે. 7/12ના ઉતારામાં પણ મકાનોની એન્ટ્રી થયેલી છે. ગામમાં સરકારની વિવિધ યોજનાઓ થકી રોડ-રસ્તા, લાઈટ પાણીની સુવિધા છે. ગ્રામજનો પાસે વેરા પહોંચો છે. જમીનની કિંમતો વધી હોવાથી ભૂમાફિયાઓએ આ જમીન બારોબાર પડાવી લેવા ષડયંત્ર કર્યું છે. મૂળ જમીન માલિક રતીલાલના નાના ભાઈ સાંકળચંદ મફતલાલ શાહના વારસદારોએ આ જગ્યા બારોબાર વેચી મારી છે. રાણીપના રહેવાસી સંજયભાઈ રમેશભાઈ પટેલે આ જમીન ખરીદી છે. આ મામલે રાજ્ય સરકાર પગલાં લે તેવી આશા છે.

કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, વિધાનસભામાં કોંગ્રેસના નેતા અમિત ચાવડા, પૂર્વ ધારાસભ્ય બળદેવજી ચાવડા સહિતના કોંગી અગ્રણીઓ ઈસનપુર મગોડીના ગ્રામજનોને મળ્યા હતા. અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે, આજે સમગ્ર ગુજરાતમાં ભૂમાફિયા બેફામ થયા છે. આખા ને આખા ગામોના દસ્તાવેજ થઈ રહ્યા છે, જબરજસ્તી કબજા લેવાઈ રહ્યા છે. એના માટે પોલીસ પ્રશાસનનો દુરુપયોગ થઈ રહ્યો છે, કારણ કે તેમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના પૈસા છેક નીચેથી ઉપર સુધી પહોંચે છે.

ઈસનપુર મગોડી ગામમાં 47 વર્ષથી પરિવારો વસવાટ કરે છે. તેમની પાસે લાઈટ કનેક્શન, રેશન કાર્ડ, મતદાર ઓળખપત્ર સહિતના પુરાવા છે. તેમ છતાં રાતોરાત ખોટી રીતે દસ્તાવેજો થાય છે.

# રાજકોટવાળી દુર્ઘટના ફરી નહી બને તેવી તકેદારી લેવાની અપીલ




■ કુડાસણના શ્રીફળ હાઈટ્સના રહીશોએ કરી સીએમને ફરિયાદ

ગુજરાત | વંદન

શહેરના કુડાસણ વિસ્તારમાં સરદાર ચોક પાસે આવેલી શ્રીફળ હાઈટ્સ સોસાયટીમાં માર્જીનની જગ્યામાં ગેરકાયદે બાંધકામ કરીને ત્યાં રસોઈ કરવામાં આવતી હોવાથી ગમે ત્યારે રાજકોટ ટીઆરપી મોલ જેવી દૂર્ઘટના સર્જાવાની દહેશત વસાહતીઓએ વ્યક્ત કરી છે. આ મામલે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવતા સોસાયટીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત ફરિયાદ કરી છે.

શ્રીફળ હાઈટ્સ કો- ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના સેક્રેટરીએ જણાવ્યું કે સોસાયટીમાં આવેલી 14 નંબરની દુકાનના માલિકે તે દુકાન પ્રદિપભાઈ સુખડીયાને ભાડે આપી છે અને તેઓ જે.પી. સુખડીયાના નામે ધંધો કરી રહ્યા છે. તેઓ સોસાયટીની કોમન જગ્યામાં રસોઈકામ કરે છે. જેની મહાનગરપાલિકામાં ઓનલાઈન ફરિયાદ અગાઉ કરી હતી પરંતુ તે વખતે માત્ર ગણાવવા ખાતર કેટલુંક દબાણ દૂર કરવામાં આવ્યું હતું પરંતુ મુખ્ય દબાણ દૂર કરવામાં નહીં આવતા ફરીથી પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં મહાનગરપાલિકાના અધિકારીઓએ માત્ર સ્થળ તપાસ કરી નોટીસ આપીને સંતોષ માન્યો હતો.ગુજરાતમાં વિવિધ તક્ષશીલા કાંડ અને તાજેતરના રાજકોટના ટીઆરપી ગેમઝોન કાંડ છતાં સોસાયટીમાં ગમે ત્યારે આગની ઘટના બની શકે તેવી દહેશત હોવા છતાં મહાનગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

## ચેતવણીરૂપ કિસ્સો, ઠગોથી સાવધાન

# પગના દર્દમાંથી છુટકારો મેળવવાની લ્હાયમાં રૂપિયા 12.60 લાખ ગુમાવ્યાં

■ વાઢકાપ પણ કરી દેવાઈ પરંતુ દર્દ રહ્યું.. પૈસા ગયા

ગુજરાત | વંદન




ગાંધીનગર મેરીટાઈમ બોર્ડના કાર્યપાલક ઈજનેરનાં પત્નીને મહિલા સહીતની ચાર જણાની ગેંગે પગની અસહ્ય પીડાથી મુક્તિ અપાવી દેવાનો વિશ્વાસ કેળવી રૂ. 12 લાખ 60 હજારનો ચૂનો લગાવવામાં આવ્યો હોવાની ફરીયાદ ઈન્ફોસિટી પોલીસ મથકના ચોપડે નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પગના દર્દથી છુટકારો અપાવવાનો કારસો રચી યુનાની પધ્ધતિથી વૃદ્ધાનાં પગની વાઢકાપ પણ કરી દેવાઈ હતી.ગાંધીનગરના રાંદેસણ મારૂતી મેઘનમમાં રહેતા 51 વર્ષીય જાગૃતીબેનના પતિ અવિનાશ પટેલના ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં કાર્યપાલક ઈજનેર તરીકે નોકરી કરે છે. ગત તા. 10 ડિસેમ્બર 2023 ના રોજ દંપતી અને તેમનો દીકરો વતન નવસારીથી પરત ગાંધીનગર આવી રહ્યા હતા. ત્યારે રસ્તામા બરોડા એક્સપ્રેસ હાઈવે પર આજવા ચોકડી નજીક જય અંબે હોટલ ઉપર ચા-પાણી કરવા ઉભા રહ્યા હતા.

એ વખતે ગાડીમાંથી નીચે ઉતરતી વેળાએ જાગૃતિબેનને બંને પગે ચાલવાની તકલીફ પડી રહી હતી. દરમિયાન એક વ્યક્તિએ પોતાની ઓળખાણ રાજીવ મહેતા તરીકે આપીને પગની તકલીફ વિશે પૃચ્છા કરી હતી. આથી જાગૃતિબેને ઘણા સમયથી પગનો દુખાવો હોવાની વાત કરતા રાજીવ મહેતા નામના શખ્સે પોતાની માતાને પણ આવી જ તકલીફ હોવાનું જણાવી એક વર્સી નામના વ્યક્તિએ સારવાર કરતા મટી ગયાનો દાવો કર્યો હતો.

બાદમાં તેણે પોતાની માતાનો નંબર પણ જાગૃતિબેનને આપ્યો હતો. આથી જાગૃતિબેને ફોન કરતા આનંદી મહેતા નામની મહિલા સાથે ટેલીફોનીક વાતચીત કરી હતી. જેણે સુરતનાં વર્સી નામના વ્યક્તિ પાસે ટ્રીટમેન્ટ કરાવ્યા પછી પગની પીડાથી મુક્તિ મળી ગઈ હોવાનો દાવો કરી એક નંબર આપ્યો હતો. એટલે જાગૃતિબેને વર્સી નામના શખ્સે વાવોલમાં દર્દીને તપાસવા આવતો હોવાનું કહી તેમના 12 ડિસેમ્બરે ઘરે ગયો હતો.

જ્યાં પગે તકલીફ હોવાનું કહીને યુનાની પધ્ધતિથી સારવાર કરી આપવાનુ જણાવી તેણે જાગૃતિબેનના મારા ડાબા પગે સામાન્ય કાપો મુકી તેની પાસેની કોઈ વસ્તુ સાથે લગાડી પાઈપ વડે પગમાંથી પરૂ તથા અન્ય ખરાબ ભાગ બહાર કાઢ્યો હતો. આ સારવારના એક વખતના રૂ. 6 હજાર લેખે કુલ રૂ. 2 લાખ રોકડા અને રૂ. 1 લાખ UPIથી જાગૃતિબેને ચૂકવી પણ દીધા હતા.

# વધુ એક ગામ વેચાઈ જવાની ફરિયાદ નોંધાઈ

■ દહેગામ નગરપાલિકાના વોર્ડ નંબર 7માં બની ઘટના

ગુજરાત | વંદન

દહેગામ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર સાતમાં આવેલું રામાજીના છાપરાનું પણ વેચાણ થઈ ગયું હોવાનો બનાવ સામે આવ્યો છે જેથી રામાજીના છાપરા વિસ્તારમાં રહેતા ગ્રામજનોએ આ અંગેની જાણ ધારાસભ્યને કરી હતી તેમજ હવે તેઓ સરકારી અધિકારીઓ તેમજ મુખ્યમંત્રીને પણ રજૂઆત કરનાર છે.દહેગામ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર સાતમાં સમાવિષ્ટ રામાજીના છાપરામાં 200 જેટલા મકાનો આવેલા છે અને 1500 જેટલા લોકો વસવાટ કરે છે. અહીંના લોકો 1947 પહેલા એટલે કે આઝાદીના પહેલાથી વસવાટ કરે છે. દહેગામ નગરપાલિકાના વોર્ડ નંબર 7 ના સદસ્ય શૈલેષસિંહ પરમારના જણાવ્યા અનુસાર ગામની 18 વીઘા જમીન પૈકી 14 વીઘા જમીનું વર્ષો પહેલા ના જે તે સમયના મૂળ માલિકોના વારસદારોએ અન્ય વ્યક્તિને વેચી દીધી હોવાથી અન્ય લોકોના નામ જણાયાં હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે રામાજીના છાપરામાં વસવાટ કરતા લોકોના વંશજોએ જે તે વ્યક્તિ પાસેથી આઝાદી પહેલા જમીન ખરીદી હતી જેના જે તે સમયના લખાણો પણ અહીંના રહીશો પાસે હોવાનું જણાવ્યું હતું.આ બનાવથી સમગ્ર ગ્રામજનો સત્બ્ધ થઈ ગયા હતા અને આ બનાવને લઈ આ અંગે ધારાસભ્યને રજૂઆત કરી હતી.ત્યારબાદ પોતાના ગામની જમીન વેચાઈ ગઈ હોવાથી સરકારી તંત્રના અધિકારીઓ તેમજ મુખ્યમંત્રીને રજૂઆત કરનાર હોવાનું જણાવ્યું હતું.

# વિદ્યુત સહાયકની ભરતીમાં જૂના એપ્રેન્ટિસોને તક આપવા માંગણી

■ ઉમેદવારોએ ઊર્જા મંત્રીને લેખિત રજૂઆત

ગુજરાત | વંદન



બે દાયકા પછી વીજ કંપનીમાં વિદ્યુત સહાયક વર્ગ-4ની ભરતી 18મી જુન 2022ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેને અઢીથી ત્રણ વર્ષ જેટલો સમય થવા છતાં ભરતીની કામગીરી કરવામાં નહીં આવતા તાત્કાલિક ભરતી કરવાની માંગ વીજ કંપનીમાં એપ્રેન્ટીસ કરેલા ઉમેદવારોમાં ઉઠી રહી છે. ભરતીના મામલે ઉમેદવારોએ ઉર્જા મંત્રીને રજૂઆત કરી પ્રશ્નો ઉકેલાય તેવી આશા રાખી રહ્યા છે.

રાજ્ય સરકારના ઉર્જા વિભાગ દ્વારા જેટકો, એમજીવીસીએલ, પીજીવીસીએલ, ડીજીવીસીએલમાં વિદ્યુત સહાયક વર્ગ ચારની ભરતીની જાહેરાત 18 મી જુન 2022ના રોજ કરવામાં આવી હતી. જોકે આ જાહેરાત કર્યા બાદ ભરતીની કામગીરી કરવામાં નહીં આવતા એપ્રેન્ટિસ કરેલા ઉમેદવારોની ધીરજ ખૂટી પડતા નારાજગી ઉઠવા પામી છે.

# પૂર્વ વિસ્તારના સ્મશાનના રી-ડેવલપમેન્ટની માંગને પગલે કામગીરી શરૂ કરવામાં આવી

■ રૂ.6. કરોડના ખર્ચે સ્મશાન ગૃહનું આધુનિકરણ કરવાની તૈયારીઓ કરવામાં આવી

ગુજરાત | વંદન




શહેરના પૂર્વ વિસ્તારમાં સ્મશાનના રી-ડેવલપમેન્ટ માટેની માંગ છેલ્લા ઘણા સમયથી ઉઠી હતી. જેને પગલે મ્યુનિ. દ્વારા હવે સ્મશાન ગૃહોના રી-ડેવલપમેન્ટ કરવાની કામગીરી શરૂ કરાઈ છે. નરોડાના સૈજપુર બોઘામાં હયાત સ્મશાન ગૃહમાં લાકડાથી અંતિમ વિધિ કરવામાં આવે છે. તેમાં પણ કોરોના કાળમાં તો સ્મશાન ગૃહમાં લાકડાથી અંતિમ વિધિ થતી હોવાથી અંતિમ વિધિ માટે લાંબી લાંબી લાઈનો લાગતી હતી. જેમાં લોકોને લાંબા સમય સુધી બેસવાનો વારો આવતો હતો. એટલે CNG ભઠ્ઠી બનાવવા કેટલાય વર્ષોથી સ્થાનિકો માંગણી કરી રહ્યા છે. જેના પગલે હવે મ્યુનિ દ્વારા રૂ.6. કરોડના ખર્ચે સ્મશાન ગૃહનું રી-ડેવલપમેન્ટ કરવાની તૈયારીઓ કરાઈ છે. જેમાં 2 CNG ભઠ્ઠી બનાવાની સાથે સમગ્ર સ્મશાન ગૃહનું આધુનિકરણ કરવામાં આવશે.

સ્મશાનગૃહના રી-ડેવલપમેન્ટમાં 2 CNG ભઠ્ઠી સાથે સાથે એક સાથે 6 મૃતકોને લાકડાથી અંતિમ વિધિ કરવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવશે. ઉપરાંત અંતિમ વિધિમાં આવેલા લોકો માટે 3 વેઈટિંગ એરિયા બનાવવાનું પણ આયોજન છે. જેમાં કુલ 237 લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરાશે. ઉપરાંત પૂજા એરિયા, પાર્કિંગની સુવિધા પણ ઊભી કરાશે. જેમાં 194 ટુ વ્હીલર અને 25 ફોર વ્હીલર પાર્ક કરી શકાશે. મ્યુનિ. ના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી 2 થી ત્રણ માસમાં કામગીરી શરૂ કરાશે.

# અમેરિકાની વિઝા ઍપ્લિકેશન સિસ્ટમમાં આવી રહી છે મુશ્કેલીઓ

■ ગુજરાતના અરજદારો વિઝા ફી ભરવા છત્તા અટવાઈ ગયા છે

ગુજરાત | વંદન

અમેરિકામાં ઓનલાઈન વિઝા એપ્લિકેશન સિસ્ટમમાં એરર હોવાથી છેલ્લા એકથી દોઢ મહિનાથી લોકો પરેશાન છે. અમેરિકા જનારામાં સૌથી વધુ ક્રેઝ ગુજરાતમાંથી સાત લાખ લોકોની વિઝા ફી ભરાઈ ગઈ છે પણ તારીખ જ મળતી નથી. જે પૈકી 50 હજાર એવા અરજદારો છે જેમની એક વર્ષથી તારીખ ન મળવાના કારણે રૂ. 16,000 લેખે આઠ કરોડ વિઝા ફી જતી કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે અને આખી પ્રક્રિયા પુનઃ હાથ ધરવી પડશે. અમેરિકાના વિઝા મેળવવાની દિનપ્રતિદિન પ્રક્રિયા કઠિન બનતી જતી હોવાથી ગુજરાતમાંથી IATA રજિસ્ટર્ડ ટ્રાવેલ એજન્ટોએ વિઝાનું કામ બંધ કરી દીધું છે.

વિઝા ઈન્ટરવ્યૂ માટે વર્ષ 2025 સુધી વેઈટિંગ ચાલી રહ્યું છે ત્યારે હવે નવી મુસીબત યુએસના વિઝા માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ ગયા બાદ પ્રોફાઈલમાં તારીખ પર સિલેક્ટ કરવામાં આવે છે તો 'એક્સેસ લિમિટેશન' જેવી એરર આવે છે, આગળ તારીખ લેવાતી જ નથી. મેઈલમાં ક્વેરીનો નિકાલ થતો નથી | યુએસના કોલ સેન્ટર પર જ્યારે ફોન કરવામાં આવે છે તો આઈપી એડ્રેસ, પાસપોર્ટની




કોપી, સિસ્ટમ લિમિટેશનની પ્રિન્ટ સ્કીનનો મેલ પર માહિતી મંગાવવામાં આવે છે ત્યારબાદ પણ કોઈ નિકાલ થતો નથી.

સ્કૂલના નાસાની ટૂરના 46 વિદ્યાર્થીઓ અટવાયા. અમદાવાદની જાણીતી સ્કૂલે 46 વિદ્યાર્થીઓને નાસાની ટૂર કરાવવા આઠ લાખ ફી ભરી દીધી છે, એક વર્ષ થઈ જતા ઈન્ટરવ્યૂ માટે તારીખ મળતી નથી. ટૂરિઝમને આકર્ષવા દરેક દેશો વિઝા સરળ કરી રહ્યા છે. દરેક દેશો ટૂરિઝમને આકર્ષવા ઈ-વિઝા નીતિ સરળ કરી રહ્યા છે. જોકે અમેરિકાના B1-B2 સહિત કોઈ પણ કેટેગરીના વિઝા મેળવવા મુશ્કેલ બનતા જાય છે.

USમાં ઈ-વિઝા જેવી કોઈ સિસ્ટમ નથી. એપોઈન્ટમેન્ટ જલદી ઉપલબ્ધ કરાવાશે. અમે જાણીએ છીએ કે કેટલીક કેટેગરીમાં અરજદારો 2025ના અંત સુધી એપોઈન્ટમેન્ટ મળવાની રાહ રહ્યા છે, જે જલદી ઉપલબ્ધ થશે. અરજદારોની માહિતીને સુરક્ષિત રાખવા માટે, અમે અમારી સિસ્ટમની સુરક્ષાને વધારવા વધુ સુવિધાઓ લાગુ કરી છે. કેટલાક વપરાશકર્તાઓ, ખાસ કરીને જેઓ થર્ડપાર્ટીની સર્વિસનો ઉપયોગ કરે છે, તેઓ તેમના બ્રાઉઝર્સને બાહ્ય એપ્લિકેશનો, વેબ એક્સ્ટેન્શન્સ અથવા એમ્બેડેડ સ્ક્રિપ્ટ્સનો ઉપયોગ કરવાને કારણે સમસ્યાઓ અનુભવી શકે છે જે અમારા શેડ્યૂલિંગ સૉફ્ટવેર દ્વારા અવરોધિત છે.

# ગાંધીનગર મનપા દ્વારા ત્રણેય ઝોનમાં ફાયર સ્ટેશન બનાવવાનો નિર્ણય

■ ચીફ ફાયર ઓફિસરથી માંડીને પટાવાળા સહિત કુલ 195 સ્ટાફની ભરતી કરાશે

ગુજરાત | વંદન

પાટનગરમાં રાજકોટ જેવી હોનારત રોકવા માટે ગાંધીનગર મ્યુનિ. દ્વારા ત્રણેય ઝોનમાં ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. આ સાથે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગમાં મહેકમ માળખુ તૈયાર કરવામાં આવ્યું છે. નવા માળખામાં ચીફ ફાયર ઓફિસરથી માંડીને ફાયર મેન, પટાવાળા સહિત કુલ 195 કર્મચારી-અધિકારીની ભરતી કરવામાં આવશે. ફાયર સેફ્ટીના નિયમોના પાલન અને હોનારત રોકવા માટે અલગ પ્રીવેન્શન વિંગ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુરુવારે યોજાયેલી સ્થાયી સમિતીની બેઠકમાં ફાયર શાખામાં 195 કર્મચારીની ભરતીને બહાલી આપવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાં ફાયર ઓફિસર અને એક ચીફ ફાયર ઓફિસરની નિમણૂક કરવામાં આવશે. ફાયરમેન કમ ડ્રાઈવરના પદે 138 નિમણૂક કરવામાં આવશે. ફાયરમેનની ભરતી માટે સ્વિમિંગ, દોડ અને રસ્સો પકડી ઉપર ચડવાની ક્ષમતા ચકાસવામાં આવશે. ચાર અલગ-અલગ કસોટી નિયત સમયમર્યાદામાં પૂરી કરવાની રહેશે. શારીરિક કસોટીમાં પાર નહીં ઉતર્યા હોય તેવા ઉમેદવારની ભરતી રદ થશે.

દરેક ઝોનમાં ફાયર સેફ્ટીના નિયમોના પાલન માટે અને લોકોમાં જાગૃતિ લાવવા માટે પ્રીવેન્શન વિંગ બનાવવામાં આવશે. આ વિંગમાં સિવિલ અને ઈલેક્ટ્રિકલના એન્જિનિયરનો પણ સમાવેશ થશે.

હોનારત બન્યા બાદ તેનો સામાનો કરવા માટેની પ્રોટેક્શન વિંગ અને તેનો સ્ટાફ અલગ રહેશે, જ્યારે પ્રીવેન્શન વિંગમાં 45 જેટલા કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# શહેરમાં ભારત-આસિયાન ટ્રેડ કાઉન્સિલની ઓફિસ કાર્યરત થતાં સબંધો મજબૂત થશે..

## ગુજરાતી વેપારીઓ સહિત દેશના વેપારીઓને પણ લાભ થશે

ગુજરાત | વંદન

ભારત અને આસિયાન દેશો વચ્ચે વર્ષોથી ખૂબ જ સારી રીતે વેપાર થઇ રહ્યો છે. મોટા પ્રમાણમાં ઈમ્પોર્ટ-એક્સપોર્ટ પણ થઇ રહ્યું છે ત્યારે હવે અમદાવાદ ખાતે ભારત-આસિયાન ટ્રેડ કાઉન્સિલની ઓફિસ કાર્યરત કરવામાં આવી છે. જેને લઈને ગુજરાતી વેપારીઓ સહિત દેશના વેપારીઓને ઘણો ફાયદો થશે. આ ઉપરાંત અમદાવાદના ઉદ્યોગપતિ મનિષ કીરી ભારત-આસિયાન ટ્રેડ કાઉન્સિલના ટ્રેડ કમિશનર બનતા વેપાર ઉદ્યોગ અને આસિયાન દેશો સાથેના વેપારી સંબંધો વધુ મજબૂત થશે.

આસિયાન દેશોમાં બ્રુનેઇ, દારેસલામ, બર્મા, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર તથા થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે. વર્તમાન સમયે ભારત અને આસિયાન દેશો વચ્ચેના વેપાર 131.58 અબજ ડોલરનો છે. જે ભારતના કુલ ટ્રેડનો 11.3 ટકા જેટલો છે.

ભારત-આસિયાન ટ્રેડ કાઉન્સિલના અમદાવાદ ખાતેના કાર્યાલયનું મ્યાનમારના ભારત ખાતેના એમ્બેસેડર યુ મો કોવ યોંગ દ્વારા ઉદઘાટન કરાયું હતું. તેમણે ભારત અને બર્મા વચ્ચેના



વ્યાપારિક સંબંધો ઘણા મજબૂત હોવાનું જણાવ્યું હતું. સાથે સાથે મ્યાનમાર વિદેશી રોકાણને આવકારી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

ગુજરાતના કેમિકલ ઈન્ડસ્ટ્રિયાલિસ્ટ અને કીરી ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મનિષ કીરીએ ટ્રેડ કમિશનર તરીકેની જવાબદારી સંભાળતા જણાવ્યું હતું કે, આસિયાન દેશો સાથેના ભારતના તમામ પ્રકારના વેપાર ઉદ્યોગમાં કાઉન્સિલનો સંપૂર્ણ સહકાર રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું 5 ટ્રિલિયન ઈકોનોમીનું સપનું સાકાર કરવા માટે પોતાની ટીમ દ્વારા અસાધારણ મહેનત કરાશે. આ ઉપરાંત MSME માટે ખાસ આ કાઉન્સિલની મદદ મળી રહેશે. ઉદ્યોગ અને વેપાર માટે આયાત-નિકાસ માટે પણ કાઉન્સિલ સતત મદદરૂપ થતી રહેશે. વર્ષ 22-23માં ભારતના આસિયાન દેશો સાથેનો વેપાર 131.58 અબજ ડોલરનો હતો, જે ભારત દેશના કુલ ટ્રેડનો 11.3 ટકા હતો. આ દેશો સાથે વેપારની તકો વધે તેના માટે સતત પ્રયાસ કરવા તેમની ટીમ તત્પર રહેશે.

# PMની ડિગ્રીનો વિવાદ: કેજરીવાલની અપીલની હવે 27મીએ સુનાવણી

## બંને પક્ષકારોએ સમય માંગ્યો, કોર્ટે તારીખ આપી

ગુજરાત | વંદન

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ડિગ્રીના વિવાદમાં હાઈકોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં ગુજરાત યુનિવર્સિટી-કેજરીવાલ બંને તરફથી સમયની માગ કરવામાં આવતાં કેસની સુનાવણી આગામી 27 ઓગસ્ટે રાખવામાં આવી છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી બતાવવા સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશને ગુજરાત યુનવર્સિટીને હુકમ કર્યો હતો. તેની સામે ગુજરાત યુનિવર્સિટી 2016માં હાઈકોર્ટમાં ગઈ હતી. જ્યાં કોર્ટને જણાવાયું હતું કે, વડાપ્રધાનની ડિગ્રી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. કોર્ટે વર્ષ 2023માં ચુકાદો આપતા કેજરીવાલને 25 હજારના દંડ સાથે અરજીનો નિકાલ કર્યો હતો અને યુનિવર્સિટીએ કેજરીવાલને વડાપ્રધાનની ડિગ્રી બતાવવાની જરૂર નથી તેમ દર્શાવ્યું હતું.

જોકે, કેજરીવાલે 25 હજારના દંડ મુદ્દે અને વડાપ્રધાનની ડિગ્રી ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર ન હોવાની બાબત સાથે રિવ્યૂ પિટિશન દાખલ



કરી હતી. જેને જસ્ટિસ બીરેન વૈષ્ણવે નકારી નાખી હતી. હવે મૂળ 2016ના કેસ સામે અરવિંદ કેજરીવાલે ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ અપીલ કરી છે. આ મામલે આજે હાઈકોર્ટમાં સુનવણી હતી. પરંતુ યુનિવર્સિટી અને કેજરીવાલ બંને તરફથી સમયની માગ કરવામાં આવી હતી. કેજરીવાલના વકીલ તરફથી લીવ નોટ હતી જ્યારે યુનિવર્સિટી તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતા અન્ય કેસમાં વ્યસ્ત હોવાથી હાજર રહી શકે તેમ ન હતા. જેથી કરીને હાઈકોર્ટે આ મુદ્દે 27 ઓગસ્ટે સુનવણી રાખી છે.

# એક તરફ અનાજ આપવાનો આદેશ બીજી તરફ રેશનકાર્ડ રદ

## શ્રમિકોના નામ ઉમેરવાનો કર્યો આદેશ

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે એકતરફ ઈ-શ્રમ પોર્ટલ ઉપર રજીસ્ટર થયેલા દરેક શ્રમિકનો એનએફએસએમાં સમાવેશ કરીને તેમને 4 સપ્તાહમાં રેશનિંગનું અનાજ મળવું જોઈએ તેવો ચૂકાદો આપેલો છે, બીજી તરફ ગુજરાત સરકાર રેશન કાર્ડની સંખ્યા ઓછી કરતી જાય છે. છેલ્લા ત્રણ મહિનામાં અનાજ લીધું નહીં હોવાના નામે પુરવઠા વિભાગ અત્યાર સુધીમાં 5 લાખ રેશનિંગ અનાજ મેળવતા નાગરિકોના કાર્ડ સાયલન્ટ કરી ચૂકી છે. જેમાં સ્થળાંતરિત સહિતના શ્રમિકોનો મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. ગુજરાતમાં 1.16 કરોડ જેટલા ઈ-શ્રમ કાર્ડ રજીસ્ટર થયા હોવાનું સરકારે અગાઉ જાહેર કરેલું છે. આ મુદ્દે માહિતી અધિકાર ગુજરાત પહેલના પંક્તિ જોગે જણાવ્યું હતું કે સુપ્રીમના આ ચૂકાદાથી આ તમામ શ્રમિકોને અનાજ મેળવી શકે તે પ્રમાણે માપદંડ મુજબ ચકાસણી કરી તેમને એનએફએસએમાં સામેલ કરવાની પ્રક્રિયા રાજ્ય સરકારે કરવી પડશે. સુપ્રીમ કોર્ટે તે બાબતની પણ સ્પષ્ટતા કરેલી છે કે કાર્ડ માટે એનએફએસએનો ક્વોટા કે 2011ની વસતી ગણતરીના મુદ્દાઓ અવરોધરૂપ બનશે નહીં. ગુજરાતમાં હાલ 74,18,710 કુટુંબના 3,60,22,731 લોકોને એનએફએસએમાં સામેલ કરવામાં આવ્યા છે. જે 2011ની વસતી ગણતરીના ડેટા મુજબ 59.55 ટકા થાય છે. રાજ્યની 67.5 ટકા વસતીને એનએફએસએમાં સામેલ કરી શકાય છે. તે પ્રમાણે હાલની વસતીની સંખ્યા મુજબ કુલ 4.90 કરોડ લોકોનો એનએફએસએમાં સમાવેશ કરી તેમને સસ્તુ અનાજ મળે તેવી વ્યવસ્થા કરી શકાય છે.

## આ વખતે પણ ગુજકેટ જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે જ યોજવાનું આયોજન

# ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા 23 માર્ચે લેવાશે : બોર્ડનો નિર્ણય

ગુજરાત | વંદન

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે 23 માર્ચ, 2025ના રોજ ગુજકેટ લેવાની જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષા 13 માર્ચના રોજ પૂર્ણ થયાના 10 દિવસ પછી ગુજકેટ લેવામાં આવશે. ગુજકેટ માટે આવેદનપત્રો ભરવાની કાર્યવાહી હવે પછી જાહેર કરાશે. આ વખતે પણ ગુજકેટ જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે જ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રશ્નપત્રો દરવર્ષની જેમ આ વખતે પણ હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમમાં આપવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-12 સાયન્સ પછીના ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા 2017થી કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ પરીક્ષા ફરજિયાત કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવેલી છે. વર્ષ-2025 માટે રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના ગ્રૂપ-A, ગ્રૂપ-B અને ગ્રૂપ-ABના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા 23 માર્ચ, 2025 રવિવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજવામાં આવશે.

ગુજકેટ-2025ના આવેદનપત્ર ONLINE ભરવાની તારીખ તથા માહિતી પુસ્તિકા બોર્ડની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરાશે, તે અંગેની જાણ બોર્ડ દ્વારા હવે પછીથી કરવામાં આવશે. ગુજકેટની પરીક્ષા સવારે 10 વાગ્યાથી 4 વાગ્યા દરમિયાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે યોજાશે. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તેમજ ગણિત વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકનો અમલ કરેલો છે.

NCERT આધારીત ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે બોર્ડ દ્વારા નિયત થયેલ પ્રવર્તમાન અભ્યાસક્રમ ગુજકેટ- 2025ની પરીક્ષા માટે રહેશે. ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે બહુવિકલ્પિય પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો ધરાવતા પ્રશ્નપત્રો રહેશે. જેમાં ભૌતિક વિજ્ઞાનના 40 ગુણના 40 પ્રશ્નો હશે. જ્યારે રસાયણ વિજ્ઞાનના 40 ગુણના 40 પ્રશ્નો હશે. ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર સંયુક્ત રહેશે. એટલે કે 40 પ્રશ્નો ભૌતિક વિજ્ઞાનના અને 40 પ્રશ્નો રસાયણ વિજ્ઞાનના એમ કુલ 80 પ્રશ્નોના, 80 ગુણ અને 120 મિનિટનો સમય આપવામાં આવશે

# યુપીના રાજ્યપાલ આનંદીબેનનો કાર્યકાળ પૂરો થવાની આરે, કોણ બનશે અનુગામી?

■ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, નીતિન પટેલ, વિજય રૂપાણીનાં નામ ચર્ચામાં

ગુજરાત | વંદન

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદી બેન પટેલનેઓ યુપીના રાજ્યપાલ તરીકેનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે તમન સ્થાને ગુજરાતમાંથી પૂર્વ મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, નીતિન પટેલ અને પૂર્વ મુખ્ય મંત્રી, વિજય રૂપાણીનાં નામની ચર્ચા શરૂ થઈ છે. 2019માં આનંદીબેન પટેલને જ ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ બનાવાયાં હતાં. 2021માં ગુજરાતના જ મંગુભાઈ પટેલને મધ્યપ્રદેશના ગવર્નર બનાવાયા હતા. આમ નરેન્દ્ર મોદીના શાસનમાં ગુજરાતના ત્રણ નેતાઓને રાજ્યપાલ પદ મળ્યું હતું. જેમાંથી બે નેતાઓના રાજ્યપાલનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે. ત્યારે ગુજરાતના વધુ બે નેતાને રાજ્યપાલ બનવાની તક મળી શકે છે. જેમાં વિજય રૂપાણી, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, નીતિન પટેલના નામ મોખરે છે. 29 જુલાઈએ આનંદીબેનનો રાજ્યપાલ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે.

ગુજરાતમાં નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કાર્યશૈલીથી સંપૂર્ણ રીતે પરિચિત હોય છે. સાથે સાથે મોદી પણ ગુજરાતના નેતાઓની રાજકીય કુનેહથી વાકેફ હોવાથી કામગીરીમાં સરળતા પડે છે. જેથી ફરી એકવાર ગુજરાતના નેતાઓને રાજ્યપાલ બનાવે તો નવાઈ નહીં. આનંદીબેન પટેલ અને વજુભાઈ જેવા સિનિયર આગેવાનોની રાજ્યપાલ તરીકેની કામગીરી પણ સરળતાથી પૂરી થઈ હોવાથી નરેન્દ્ર મોદીની સરકાર બીજા પણ ગુજરાતના નેતાઓને તક આપશે.

# નાણાંમંત્રીએ રાહુલના પહેલી નોકરી પક્કીના વાયદાની કોપી કરી

## પહેલી નોકરી પક્કીની જાહેરાત પદયાત્રા વખતે કરી હતી : ગોહિલ

ગુજરાત | વંદન

નરેન્દ્ર મોદી સરકારના બજેટ-2024માં આંધ્રપ્રદેશના ચંદ્રબાબુ નાયડુ અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારનો ડર દેખાય છે તેવી કડક આલોચના ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શકિતસિંહ ગોહિલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ કરી હતી. ગોહિલે કહ્યું હતું કે, નીતિશકુમાર અને ચંદ્રબાબુ નાયડુએ નાક દબાવ્યું એટલે થોડી ઘણી જાહેરાતો આ બંને રાજ્યો માટે કરવી પડી છે. ભાજપે વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમા વચન આપ્યું હતું કે, પગારથી ટેક્સ ભરતા લોકોને રૂ. 10 લાખ સુધીની આવક પર કરમુકિત અપાશે, તે બાબતને 11મા બજેટમાં પણ પાળવામાં આવી નથી.

રાહુલ ગાંધીએ યુવાનોની



પહેલી નોકરી પક્કીની જાહેરાત તેમની પદયાત્રા દરમિયાન કરી હતી તેની કોપી પેસ્ટ કરીને નજીવા સ્ટાઈપેન્ડની શરતી જાહેરાત કરી છે. તેમ ગોહિલે કહ્યું હતું. અમિત ચાવડાએ કહ્યું હતું કે, બજેટ ખેડૂતો, નાના વેપારીઓ, બેરોજગાર યુવાનો કે દેશના સામાન્ય વ્યકિત માટે નિરાશાજનક છે. ગોહિલે કહ્યું હતું કે, બજેટમાં ખેડૂતો, શ્રમજીવીઓ, મનરેગા માટે કોઈ જાહેરાત નથી. આરોગ્ય ઉપર જે વાત થવી જોઈએ તે નથી. પ્લેટિનમ ઉપર કસ્ટમ ડ્યૂટી ઘટાડી અને પ્લાસ્ટીક ઉપર વેરો વધાર્યો છે. આ દેશમાં પ્લેટિનમ ખરીદનારા ઓછા છે, જ્યારે પ્લાસ્ટિકનો વપરાશ ભારતના દરેક ઘરમાં જોવા મળે છે. નાના ઉદ્યોગકારો અને બંધ થતા એમએસએમઈની બજેટમાં કોઇ વાત નથી.

સરકાર વિદેશથી આવતી કંપનીઓના ટેક્સ ઘટાડવાની વાત કરે છે, વિદેશના લોકો માટે આટલી લાગણી પણ દેશના લોકોની ચિંતા થતી નથી. કેન્દ્ર સરકારને આસામ, બિહાર અને આંધ્રપ્રદેશમાં પૂર આવે તે નુકસાન થાય છે તે દેખાય છે તો ગુજરાતના ઘેડ પંથક, પોરબંદર શહેર, જૂનાગઢ વિસ્તાર, દ્વારકા અને દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં અતિવૃષ્ટિથી ખેડૂતો પરેશાન છે તે સરકારને દેખાતા નથી.

# જામીન પડતાં પહેલા ચેતજો : કોર્ટે 10 લાખની રિકવરી માટે વોરંટ કાઢ્યું

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયામાં રહેતા યુવક હાર્દિક પાઠકે અમદાવાથી હોટલ મેનેજમેન્ટનો અભ્યાસ કરવા ગયેલા મિત્ર રાહુલ દવે પાસેથી ઈન્ડિયન ઢોસા પ્લાઝાના ધંધા પેટે 1 વર્ષ માટે રૂ.30 લાખ લઈને પરત નહીં આપી ઠગાઇ કરી હતી. જે કેસમાં આરોપી હાર્દિક પાઠક છેલ્લી 13 મુદતથી કોર્ટમાં હાજર ન રહેતા તેના જામીનદાર બનેલા હેમલ દવે વિરુદ્ધ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.જી.ચાચુએ 15 દિવસમાં રૂ.10 લાખ કોર્ટમાં જમા કરવા માટે રિકવરી વોરંટ કાઢ્યું છે. વધુમાં કોર્ટે સ્થાનિક પોલીસને નિર્દેશ કર્યો છે કે, જામીનદાર તરફે 15 દિવસમાં રૂ.10 લાખ ભરવામાં ન આવે તો રકમ વસૂલ થાય તેટલી મિલ્કત વેચવી તથા બજવણી કરવા માટે તમે જે કાંઇ કર્યુ હોય તે જણાવી રિકવરી વોરંટ પરત કરવું.

# શહેરમાં ચાંદીપુરાથી મોતનો પહેલો કેસ નોંધાયો, 6 વર્ષના બાળકનું મૃત્યુ

■ 12માંથી 3ના રિપોર્ટ પોઝિટિવ, લાંભાનું 11 મહિનાનું બાળક વેન્ટિલેટર પર

ગુજરાત | વંદન

ચાંદીપુરા વાઈરસથી 6 વર્ષના એક બાળકનું મૃત્યુ થયું છે. શહેરમાં આ વાઈરસના ચેપથી પહેલું મૃત્યુ નોંધાયું હોવાની વિગતો મ્યુનિ.એ આપી છે. સરકારે ચાંદીપુરા વાઈરસના ચેપની શંકાએ 12 ટેસ્ટ કરાવ્યા હતા. આમાંથી 3ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાંથી લાંભાનું 11 મહિનાનું એક બાળક વેન્ટિલેટર પર છે જ્યારે અન્ય એક બાળકની હાલતમાં સુધારો દેખાતા રૂમમાં દાખલ કરાયું છે. મ્યુનિ.ના જણાવ્યા અનુસાર શહેરમાં અત્યાર સુધી ચાંદીપુરા વાઈરસના 3 કેસ આવ્યા છે. કોર્પોરેશને આપેલી માહિતી અનુસાર મોટેરા સ્ટેડિયમ પાસે આવેલા વેલજીભાઈના કુવા નજીક રહેતા 6 વર્ષના બાળકને ઝાડા-ઉલટી અને તાવની ફરિયાદ સાથે સાબરમતીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવ્યો હતો. તેની સ્થિતિ વધુ વણસતા 16 જુલાઈએ વેન્ટિલેટર પર મુકવામાં આવ્યો હતો. શુક્રવારે સારવાર દરમિયાન આ બાળકનું મૃત્યુ થયું હતું. દરમિયાન લાંભાનું 11 મહિનાનું બાળક એલજી હોસ્પિટલમાં દાખલ કરાયું છે. તે હાલ વેન્ટિલેટર પર છે. મ્યુનિ.એ આપેલી સત્તાવાર માહિતી અનુસાર દાણીલીમડામાં આવેલા બાગેફિરદોશ વિસ્તારમાં રહેતા 7 વર્ષના એક બાળકનો ચાંદીપુરા વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે તેની સ્થિતિ સુધારા પર છે. પરંતુ હાલ તે સરકારી હોસ્પિટલમાં દાખલ છે. મ્યુનિ.એ આ વાઈરસના ચેપની શંકાએ 12 બ્લડ સેમ્પલ ટેસ્ટ માટે મોકલ્યા હતા. આમાંથી 9ના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. જ્યારે 3ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જે 3 રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા તેમાંથી એક બાળકનું મૃત્યુ થયું હતું. ખાનગી હોસ્પિટલોને પણ કોઈ શંકાસ્પદ કેસ આવે તો જાણ કરવા તાકીદ કરાઈ છે.તકેદારીના ભાગરૂપે 24 કલાકમાં 39 હજારથી વધુ ઘરમાં તપાસ શહેરમાં ચાંદીપુરા વાઈરસના ચેપના 3 કેસ નોંધાવા સાથે કોર્પોરેશને હવે ઝુંબેશ ચાલું કરી છે. હેલ્થ વિભાગની ટીમો ઘેર ઘેર ફરીને તપાસ કરી રહી છે. ગુરુવારે 39606 ઘરમાં તપાસ કરવામાં આવી હતી. મ્યુનિ.ની યાદીમાં જણાવ્યા અનુસાર આ તપાસ ઝુંબેશમાં 114 લોકોને તાવ આવતો હોવાનું જાણવા મળ્યું હતું. મ્યુનિ.એ તમામ ઝોનમાં મોબાઈલ મેડિકલવાનથી લોકોને સારવાર આપવાની શરૂ કરી છે. અત્યાર સુધી અંદાજે 500 લોકોને સારવાર અપાઈ ચૂકી છે. આમાંથી મોટાભાગના લોકોને તાવ, ઝાડા-ઉલટી, માથાનો દુખાવો, ખેંચ કે બેભાન થઈ જવા જેવાં લક્ષણો જોવા મળ્યા હતા. તમામને સારવાર અપાઈ હતી.

## મહિલા, બાળકો અને વૃદ્ધોની સુરક્ષા માટે કરી અમદાવાદ પોલીસની પહેલ

# શહેરમાં લાગ્યા સેફ્ટી બટન , એક કોલ અને મદદ હાજર

ગુજરાત | વંદન

21 મી સદીમાં પહોંચ્યા બાદ દેશમાં દરેક ક્ષેત્રમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે. એવામાં પોલીસ વિભાગ પણ આધુનિક થવા માટે સજ્જ થઈ રહ્યો છે. તાજેતરમાં અમદાવાદ પોલીસ પણ આધુનિક થવા જઈ રહી છે. ત્યારે શહેર પોલીસ દ્વારા નાગરિકોની સલામતી અને સુરક્ષા વધુ ઝડપી બને અને એમાંય ખાસ કરીને મહિલાઓ, નાના બાળકો અને અન્ય વ્યક્તિની સુરક્ષાને ધ્યાનમાં લઈને અનોખી યોજના અમલમાં લાવી છે. જો તમે આ શહેરના વતની છો તો તમારે માટે આ વાત જાણવી આવશ્યક છે. શહેરમાં નિર્ભયા સેફ સિટી પ્રોજેક્ટ હેઠળ મહત્વપૂર્ણ વિવિધ સ્થળો પર ઈમરજન્સી કોલ બોક્સ લગાવવામાં આવ્યા છે. ખાસ કરીને એવા સંજોગોમાં જ્યાં પરિવાર અથવા અન્ય કોઈની મદદ પહોંચી ન શકે ત્યારે પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી શકે છે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે .

રસ્તામાં જતી વેળાએ તમે જો આવા થાંભલાઓ પર લગાવેલા બોક્સ જોયા હશે, તો તમારા મનમાં પ્રશ્ન જરૂર થયો હશે કે આ બોક્સ શા માટે લગાવવામાં આવ્યા છે.તો તમારે આ વાત જાણવી જરૂરી બની જાય છે , પોલીસ હવે 24 X7 દરેક નાગરિકની સુરક્ષા કરવા તત્પર થઈ રહી છે. કોઇ પણ નાગરિક સાથે કોઈ પ્રકારની અપ્રિય ઘટના ન બને તેનું ધ્યાન હવે પોલીસ રાખશે . તો તમારે વધારે ચિંતા કરવાની જરૂર નથી. હવે પોલીસ તમને દરેક પરિસ્થિતિમાં મદદરૂપ થશે.તમારે ફક્ત આ બોક્સમાં હેલ્પ બટન દબાવવું પડશે. જે વિસ્તારમાં આ ઘટના બની છે, તમારે ઈમરજન્સી કોલ બોક્સ (ECB) માં ઈન્સ્ટોલ કરેલું બટન દબાવવું પડશે અને પોલીસ તમારી મદદ માટે આવશે. શહેરના 205 વિસ્તારોમાં અત્યાર સુધી ઈમરજન્સી કોલ બોક્સ લગાવવામાં આવ્યા છે.આ સ્ટ્રીટ વીડિયો બોક્સ દ્વારા મુશ્કેલીમાં ફસાયેલી વ્યક્તિને તરત મદદ મળી શકે છે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે વ્યક્તિને મદદની જરૂર હોય તેણે બોક્સમાં લાગેલું લાલ હેલ્પ બટન દબાવવું એટલે થોડી વારમાં જ તેમનો કોલ સીધો પોલીસ કંટ્રોલ રૂમમાં પહોંચી જશે. અને કોઈ પણ સંજોગોમાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જશે. અમદાવાદના સ્પેશિયલ પોલીસ કમિશનર અજય કુમાર ચૌધરીએ જણાવ્યું કે, 'મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે અમે 205 વિસ્તારોમાં ઈમરજન્સી કોલ બોક્સ (ECB) લગાવ્યા છે. તેથી જો કોઈને કોઈ સમસ્યાનો સામનો કરવો પડે તો તેઓ આ બટનને દબાવી શકે છે. આ એક દ્વિ-માર્ગી સંચાર વ્યવસ્થા છે. આ 'નિર્ભયા સેફ સિટી' પ્રોજેક્ટ હેઠળની પહેલ છે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ફંડ આપ્યું છે. હાલમાં અમને દરરોજ સરેરાશ 50 કોલ આવે છે. આ બોક્સમાં ઈમરજન્સી બટન સાથે માઈક, સ્પીકર અને કેમેરા છે. કોઈપણ અપ્રિય ઘટનાના કિસ્સામાં, જો કોઈ વ્યક્તિ આ મશીનમાં ઈન્સ્ટોલ કરેલું બટન દબાવશે, તો પોલીસ કંટ્રોલના રૂપમાં વીડિયો કોલ કરવામાં આવશે અને તમે પોલીસ કંટ્રોલ રૂમ સાથે કનેક્ટ થઈ જશો. આ પછી તમે તમારી સમસ્યા જણાવી શકો છો અને પોલીસ તરત જ તમારી મદદ માટે પહોંચી જશે.

આ ઈમરજન્સી કોલ બોક્સ (ECB) લગાવવાથી મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકોને સૌથી વધુ ફાયદો થશે. આ સિસ્ટમથી એવા લોકોને ફાયદો થશે જેઓ શહેરમાં એકલા અથવા અસુરક્ષિત અનુભવી રહ્યા છે.નિર્ભયા સેફ સિટી પ્રોજેક્ટ હેઠળ આ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ પ્રકારની સિસ્ટમ શરૂ કરનાર અમદાવાદ ભારતનું પ્રથમ સિટી બન્યું છે. જરૂર પડ્યે પોલીસના કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમમાંથી નજીકની PCR સેવા અને સિનિયર અધિકારી પણ ઘટના સ્થળે પહોંચી શકે છે.

# શહેરમાં ભીખ માગતાં બાળકોનું રેકેટ પકડાયું

## દલાલો બીજા રાજ્યોમાંથી બાળકો અને આખા પરિવારને લાવે છે

ગુજરાત | વંદન

સાહેબ ભૂખ લાગી છે પૈસા આપોને... આવું તમને અમદાવાદના દરેક ટ્રાફિક સિગ્નલ પર બાળકોના મુખેથી સાંભળવા મળે. બાળકો એટલાં બધાં કરગરે કે, આપણે દયા ખાઈને બાળકોને પાંચ કે દસ રૂપિયા આપી દઈએ. પણ આ બાળકો ક્યાંના છે, શું કામ ભીખ માગે છે એ સવાલ આપણા મનમાં ક્યારેય આવ્યો જ નથી. પણ ચોંકાવનારી વાત એ છે કે, દલાલો ભીખ મગાવવા રાજસ્થાન સહિત અન્ય રાજ્યોમાંથી બાળકો સહિત તેના આખા પરિવારને લઈ આવે છે

અને અહીં ટ્રાફિક સિગ્નલ પર ભીખ મગાવે છે. તેમાંય વિસ્તાર મુજબ રોજે રોજ બાળકો પાસે ભીખ મગાવડાવી સાંજે નક્કી થયેલા રેટ મુજબ રૂપિયા બાળકોના પરિવારને ચૂકવી દેવામાં આવે છે.



દરેક વિસ્તારના ટ્રાફિક સિગ્નલનું રેટકાર્ડ પણ નક્કી કરવામાં આવ્યું છે. પોશ વિસ્તાર એસજી હાઈવે હોય તો 150 રૂપિયા અને સીજી રોડ હોય તો 100 રૂપિયા એમ રેટ નક્કી કરેલા છે. આ આખા રેકેટનો ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પર્દાફાશ થયો છે. જેમાં 15 બાળકોને હ્યુમન ટ્રાફિકિંગ હેઠળ લવાયાં હોવાથી 9 ફરિયાદ થઈ છે. આ તમામ 15 બાળકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જેમાં કેટલીક બાળકીઓ પણ છે. આ બાળકીઓ સાથે અનૈતિક કૃત્ય થયું છે કે નહીં એ જાણવા માટે પોલીસે મેડિકલ ચેકઅપ કરાવવાનું શરૂ કર્યું છે.

અત્યારસુધીમાં કુલ 33 બાળકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યાં છે. જે અલગ અલગ ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. પરંતુ છેલ્લા 24 કલાકમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ પાસે જે વિગત આવી છે તે ખૂબ જ ચોંકાવનારી છે. જેમાં હ્યુમન ટ્રાફિકિંગની વાત સામે આવી છે અને આ સમગ્ર મામલો અમદાવાદ શહેરના મોટા ટ્રાફિક જંક્શનથી શરૂઆત થઈને રાજસ્થાનનાં નાનાં ગામડાઓ જેમાં ડુંગરપુર અને અંતરિયાળ ગામો સુધી પહોંચે છે. જ્યાંથી એજન્ટો આ બાળકો જે 15 વર્ષથી નીચેનાં છે તેમને ત્યારબાદ માતા અને તેના નવજાત શિશુ અને તેની સાથે આખા પરિવારને ભીખ માગવા માટે રાજસ્થાનથી અમદાવાદ લાવવામાં આવ્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સંપાદકીય....

# રશિયનો ભલે એક હાથે તાળી વગાડતા,પણ ભારતની તાળી બે હાથે પડે છે...!!



ભારત અને રશિયા વચ્ચેના સંબંધો છેક નેહરૂકાળથી સકારાત્મક અને એક પાક્કી દોસ્તી સમાન રહ્યાં છે. વર્તમાન વડાપ્રધાન મોદીએ રશિયાની દોસ્તીને આગળ ધપાવવા નેહરૂ પ્રત્યે કોઈ છોછ રાખ્યો નથી તે એક સારી બાબત કહી શકાય. તેમણે તાજેતરમાં જ રશિયાની મુલાકાત લીધી તે અગાઉ ભારતે યુક્રેન યુધ્ધના પગલે રશિયા પર અમેરિકાના નિયંત્રણો છતાં ભરપૂર ખનિજ તેલનો જથ્થો કેટલાય મહિનાઓ સુધી મંગાવીને રશિયાની આર્થિક સ્થિતિને આંચ આવવા દીધી નથી. અમેરિકાને એ ગમ્યુ નથી અને મોદીએ છેલ્લે લીધેલી રશિયાની મુલાકાત વખતે જ રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તેને લઈને ભારતની આલોચના કરી છે,.

એક રીતે જોઈએ તો રશિયાએ ભારતની લાજ રાખવા મોદીની મુલાકાતના દિવસે જ યુક્રેન પર હુમલો કરીને નિર્દોષોની હત્યા કરવાનું ટાળવા જેવુ હતું. દિવસોની ક્યાં કમી હતી...અને તે પહેલા યુક્રેને કાંઈ રશિયા પર હુમલો કર્યો નહોતો. તેથી રશિયાના આ અવિચારી કે ગણતરીપૂર્વક વ્યૂહરચનાને કારણે ભારતને શરમમાં મૂકાવવુ પડ્યું.અલબત ભારતે રશિયાના એ હુમલાના પગલાની કોઈ ટીકા ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. પણ હવે રહી રહીને અમેરિકાને ન ગમ્યુ હોય તેમ ભારતની આકરી ટીકા કરી. તેના જવાબમાં ભારતે યોગ્ય જ કહ્યું કે પસંદગીની સ્વતંત્રતાનો દરેકને હક્ક છે.

રાજકીય રીતે જોઈએ તો અમેરિકા અને રશિયા એકબીજાના કટ્ટર દુશ્મન છે. છેલ્લાં ઘણાં સમયથી બન્ને વચ્ચે શીતયુધ્ધ જેવુ છે. અમેરિકાએ રશિયાના આક્રમણ સામે સહાય આપીને યુક્રેનને બચાવ્યે રાખ્યું તે રશિયાને નહીં ગમ્યુ હોય. અને એ પણ હકીકત છે કે જો અમેરિકા-બ્રિટન અને યુરોપનો સાથ ન હોત તો આજે રશિયામાં પુટિનની આણ વર્તાતી હોત. અમેરિકા જાણે છે કે અગાઉ ક્રેમિયા નામનો પ્રદેશ કે દેશ પચાવી પાડ્યો તેમ રશિયા યુક્રેનને હડપ કરીને યુરોપના બીજા દેશો પર નજર નાંખી શકે છે. આ તબક્કે એમ કહી શકાય કે રશિયાની છુપી નીતિ પણ તેના મિત્ર રાષ્ટ્ર ચીન જેવી વિસ્તારવાદી છે.યાદ રહે કે રશિયાએ મિત્રરાષ્ટ્ર ચીનને ક્યારેય એવુ કહ્યું નથી કે તે રશિયાના વર્ષો જુના મિત્ર ભારતથી દૂર રહે અને ભારતને પરેશાન ના કરે. આ બાબતની ખાસ નોંધ લેવાવી જ જોઈએ.

હજુ ગયા વર્ષે જ અમેરિકાએ વડાપ્રધાન મોદીનું લાલ જાજમ પાછરીને ભવ્ય અને દિવ્ય સ્વાગત કર્યુ ત્યારે અમેરિકાને મોદી રૂડા રૂડાં લાગ્યા અને પોતાના વર્ષો જુના દોસ્ત રશિયાને મળીને દોસ્તી તાજી કરવા ગયા તે ન ગમ્યું....આ તે કેવુ કહેવાય.... એમ કહી શકાય કે ભારતે અને ખાસ કરીને મોદીએ અમેરિકાને અબજો અબજો ડોલરનો કારોબાર આપ્યો ત્યારે મોદી ગમ્યા અને એ જ મોદી રશિયા પાસેથી સંરક્ષણના સાધનો ખરીદે ત્યારે અણગમા થઈ જાય એવી સ્વાર્થી વિદેશ નીતિ અમેરિકાને મુબારક.

ભારત કોઈનાથી ડરે તેમ નથી. કેમ કે તેની પાસે રશિયા જેવા પાક્કા ભાઈબંધ છે. ભારતને બચાવવા તેના વિમાનો-નોકાઓ-સબમરીનો અને આખી ડિફેન્સ સિસ્ટમ ખડે પગે તૈયાર છે તેમાં કોઈ બેમત નથી. અને તેના બદલામાં ભારતે રશિયા પાસેથી ખનિજતેલનો જથ્થો ખરીદ્યો તો તે વાજબી કહી શકાય. હાં તટસ્થ રીતે જોઈએ તો રશિયાએ મોદીની મુલાકાતના દિવસે જ યુક્રેનની એક હોસ્પિટલ પર હુમલો કરવાનું મુલ્તવી રાખ્યું હોત તો યુક્રેન કે અમેરિકામાંથી કોઈને પણ ભારતની સામે બોલવાની તક ન મળી હોત.ખેર, જાગ્યા ત્યારથી સવાર...સમજીને મોદી ફરીથી રશિયા જવાના છે ત્યારે એ વખતે રશિયા યુક્રેનની સામે આવું કોઈ અડપલુ ન કરે તે ઈચ્છનિય છે. રશિયા એ ન ભૂલે કે તાળી બે હાથે પડે છે. રશિયનો એક હાથે તાળી વગાડતા હશે પણ ભારતની તળી બે હાથે પડે છે. તેથી રશિયાએ દોસ્તી વાસ્તે મોદીની મુલાકાત વખતે તેમના ફાઈટર વિમાનોની ઘરેરાટીને આરામ કરવા દેવુ પડશે.

## મંગળ પર અધધ....10 લાખ લોકોનું શહેર સ્થાપવાનું છે...યે કહેનેવાલે દિવાના નહીં હૈં...

# મસ્ક નવરા પડે એટલે ચલ મનવા મંગલ કી ઓર.....!

## હવે પછીનો મુખ્ય સવાલ એ છે કે મંગળ કોનો હશે? મંગળ ગ્રહની માલિકી કોની ગણાશે...?

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com





સ્પેસસુટ્સ પહેરીને લોકો બજારમાં હરી ફરી રહ્યાં છે, મહિલાઓ પેક કરેલા શાકભાજી ખરીદી રહી છે, ગોળ ગોળ ફરતા ઘરો છે, જન્મેલા બાળકો સાયબર ટ્રકમાં ફરી રહ્યાં છે, એક સ્થળે રોકેટ આવીને ઉભો રહે છે અને તેમાંથી પૃથ્વી પરથી આવેલા સગા-સંબંધીઓ બહાર નિકળીને સયબરગાડીમાં બેસીને માર્સ કોલોની જવા રવાના થાય છે અને રોકેટ સ્પેસશુટમાં રહેલા લોકોને બેસાડીને ફરીથી પૃથ્વી તરફ પ્રયાણ કરે છે....

આ કોઈ સાયન્સ ફિક્શન સ્ટોરી જેવુ લાગે. પરંતુ આગામી દાયકાઓમાં તે નક્કર સ્વરૂપ ધારણ કરે તેમ છે અને આ પ્રકારના દ્રશ્યો મંગળ ગ્રહ પર જોવા મળશે. આ સપનું છે ટેસ્લા અને ટ્વીટરના માલિક એલોન મસ્કનું. એલોન મસ્કનું એક મોટું સ્વપ્ન છેઃ મંગળ પર અધધ....10 લાખ લોકોનું શહેર સ્થાપવાનું....કહેનેવાલા દિવાના નહીં હૈ...તેઓ એ સપનું સત્ય કરી બતાવે એવા છે. તેમણે પૈસા ખર્ચ કરનારાઓને અંતરિક્ષની ટુર કરાવવાનો નવો બિઝનેસ શરૂ કર્યો છે, સ્પેસશટલ બનાવ્યાં છે અને અંતરિક્ષમાં અટવાયેલી સુનિતા વિલિયમ્સને પરત લાવવા માટે એલોન મસ્કના રોકેટની મદદ લેવી પડે તો નવાઈ નહીં....

તેની સ્પેસએક્સ ટીમ મંગળ પર માર્સ કોલોની બનાવવાના પ્રોજેક્ટ પર કાર્યરત છે.પરંતુ તે જ સમયે, તેમની સામે અને સમગ્ર માનવજાત સામે એક મોટો પડકાર પણ છે. આ મોટા સ્વપ્ને ફરી એક વાર પ્રશ્ન ઉભો કર્યો છેઃ શું આપણે ખરેખર મંગળ પર રહી શકીએ એમ છીએ...?

પૃથ્વીથી થોડાક 100 કિલોમીટર ઉપર, એક અલગ વાર્તા ચાલી રહી છે. અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બેરી વિલ્મોર તેમના અવકાશયાન, બોઈંગ સ્ટારલાઈનરમાં ખામી સર્જાયા બાદ સ્પેસ સ્ટેશન પર ફસાયેલા છે. આ ઘટના આપણને યાદ અપાવે છે કે આપણા પડોશી ગ્રહ સુધી પહોંચવાનો માર્ગ કેટલો મુશ્કેલભર્યો હશે...

અમેરિકી અંતરિક્ષ સંસ્થાન નાસાનું માનવું છે કે 2040 પહેલા મનુષ્ય મંગળ પર જઈ શકશે નહીં. પરંતુ મસ્ક માત્ર 20 વર્ષમાં ત્યાં પહોંચવા માંગે છે...! આ માટે, તે તેની તમામ સંપત્તિનું રોકાણ કરવા તૈયાર છે અને મંગળ માટે તેની કંપની બોરિંગનો ઉપયોગ કરવા માંગે છે. જોકે મંગળ પર પહોંચવું એટલું સરળ નથી. સાચો રસ્તો પસંદ કરવો, વાહન અને ઈંધણનું સંચાલન, રેડિયેશન, નીચું ગુરુત્વાકર્ષણ, અવકાશયાત્રી આરોગ્ય, એકલતાનો સામનો કરવો, મંગળ પર અને ત્યાંથી વાતચીત કરવી અને મંગળની ભ્રમણકક્ષામાં યોગ્ય રીતે પ્રવેશ કરવો - આ બધા મોટા પડકારો છે.... પણ ખતરોં કે ખિલાડી તરીકે પંકાયલા મસ્ક આ પડકારો ઝીલવા તૈયાર છે....

આપણા પ્લાનેટથી લાખો કિ.મી. દૂર આવેલા રાતા ગ્રહ મંગળ મિશનનું આયોજન કરવું એ પોતે જ ઘણું મુશ્કેલ કામ છે. પૃથ્વી અને મંગળ દર બે વર્ષે નજીક આવે છે, અને ત્યારે જ રોકેટ મોકલી શકાય છે. આ પ્રવાસમાં 150 થી 300 દિવસનો સમય લાગે છે. તેથી આવશ્યક ચીજવસ્તુઓ મોકલવી ખૂબ મુશ્કેલ બની શકે છે.

મસ્કની કંપની સ્પેસએક્સનું રોકેટ સ્ટારશિપ પહેલાથી જ વિશ્વનું સૌથી મોટું રોકેટ છે, પરંતુ મંગળ માટે તેને હજુ પણ મોટું બનાવવું પડશે. મસ્ક તેને 150 મીટર લાંબુ બનાવવા માંગે છે. જો કે આ રોકેટનો પુનઃઉપયોગ થઈ શકે છે, તેમ છતાં દર વખતે રોકેટને ઉડાવવા માટે 30 મિલિયન ડોલરનો ખર્ચ થશે.



જો કોઈને બચાવવા પાછા જવું પડે તો તે સ્વપ્ન બનીને રહી જશે......

તમામ પ્રકારની બધી મુશ્કેલીઓ માત્ર તકનીકી નથી. અવકાશયાત્રીઓ કે જેઓ અવકાશ મથક પર લાંબા સમય સુધી રહે છે તેઓના હાડકાં નબળાં હોય છે, આંખની સમસ્યા હોય છે અને તેમના જનીનોમાં પણ ફેરફાર થાય છે. મંગળ પર આ સમસ્યાઓ વધુ હશે, કારણ કે ત્યાં ખૂબ રેડિયેશન છે.

તો માત્ર મંગળ જ શા માટે? કારણ કે અન્ય ગ્રહોની તુલનામાં, અહીં પોતાની સામગ્રી ઉત્પન્ન કરવાની શ્રેષ્ઠ સંભાવના છે, જે કોઈપણ ગ્રહ પર રહેવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો કે રોબોટ્સ વસ્તુઓ બનાવવાની આશાઓ છે, જ્યાં સુધી લાખો લોકો ત્યાં રહેવાનું શરૂ ન કરે ત્યાં સુધી મંગળ સંપૂર્ણ સ્વાયત્ત બનવાની શક્યતા નથી. મંગળ ગ્રહના લોકોએ ત્યાં મળેલી વસ્તુઓમાંથી બને તેટલો સામાન બનાવવો પડશે, પરંતુ તેમને ચોક્કસ પ્રકારના સામાન માટે પૃથ્વી પર નિર્ભર રહેવું પડશે. ત્યાં સુધી માલ મોકલવો ખૂબ ખર્ચાળ હશે.

જો મંગળ પર સોના-ચાંદી કરતાં વધુ મૂલ્યવાન ધાતુઓ જેમ કે જર્મેનિયમ, હેફનિયમ, લેન્થેનમ, સેરિયમ, રેનિયમ અને અન્ય મળી આવે તો તેને પૃથ્વી પર લાવીને ઘણી કમાણી કરી શકાય છે. એક



અમેરિકન સ્પેસ સોસાયટીના વડા રોબર્ટ ઝુબ્રિને આ પ્રકારનો દાવો કર્યો છે.

શરૂઆતમાં મંગળ પર જનારા લોકોએ સલામતી માટે ગુફાઓમાં રહેવું પડશે. બની શકે છે કે તેમણે પહેલા ચંદ્ર પર આ માટે તૈયારી કરવી પડશે. અને આમ પણ ચંદ્ર પર ગુફા હોવાનું પૂરવાર થયું છે, જેમાં અંતરિક્ષયાત્રી કટોકટીમાં આશ્રય લઈ શકે છે.

માનવીનો આધાર શ્વસનતંત્ર પર રહેલો છે. શ્વાસ લેવા માટે હવા અને જીવન ટકાવી રાખવા પીવા માટે પાણી બનાવવું ખૂબ જ જરૂરી રહેશે. MOXIE જેવી ટેક્નોલોજી, જે મંગળના કાર્બન ડાયોક્સાઈડને ઓક્સિજનમાં ફેરવે છે, તે એક સારી શરૂઆત છે. પાણીનો નિકાલ અને પુનઃઉપયોગ માટેની સારી તકો રહેલી છે.

અવકાશમાં જવાની સાથે સાથે અનેક સવાલો પણ ઉભા થાય છે. મંગળ ગ્રહ મનુષ્ય માટે ખૂબ જ મુશ્કેલ સ્થળ છે, પરંતુ જો આપણે ત્યાં જઈશું તો આપણે ત્યાં ખતરો બની જઈશું. આપણે પૃથ્વીના જીવજંતુઓને મંગળ પર ન મોકલવા જોઈએ અને જો ત્યાં કોઈ જીવન છે તો તેને પૃથ્વીના જીવજંતુઓથી પણ સુરક્ષિત રાખવું પડશે. તેથી, આપણે એવા નિયમો બનાવવા પડશે જેથી ત્યાં કોઈ કોરોના જેવો ચેપી રોગચાળો ન ફેલાય.હવે પછીનો મુખ્ય સવાલ એ છે કે મંગળ કોનો હશે? મંગળ ગ્રહની માલિકી કોની ગણાશે...શું ખાલી ધ્વજ લગાવવાથી આખો ગ્રહ કોઈનો બની જશે...? જો કે આમ કરવાથી યુરોપના ઈતિહાસમાં કંઈ સારા પરિણામો મળ્યા નથી. જો આપણે મંગળ પર રહેવું હોય તો મંગળ માટે પણ કેટલાક નિયમો બનાવવા પડશે, જેથી પૃથ્વી પર કરેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય.મંગળ સુધી પહોંચવાનો માર્ગ ઘણો લાંબો અને મુશ્કેલ છે. પરંતુ એલોન મસ્ક જેવા સપના જોનારા અને સુનીતા વિલિયમ્સ જેવા અવકાશયાત્રીઓની હિંમતથી આપણે એક દિવસ મંગળ ગ્રહ તો શું પણ તેનાથી કેટલાય લાખો કિ.મી. દૂર આવેલા ટમટમતા તારાઓ સુધી પહોંચી શકીશું....કેમ કે કાળા માથાના માનવીએ જે ધાર્યું તે કરી બતાવ્યું છે.

માનવીએ ચંદ્ર પર જવાની જીદ કરી અને કરી બતાવ્યું. માનવીએ રોબોટ બનાવવાનું નક્કી કર્યું અને હવે તેને બનાવીને રોબોટમાં જાન ફૂંકવાની તૈયારીઓ ચાલી રહી છે. અંતરિક્ષમાં સ્ટેશન બને...?

માનવીએ પણ કરી બતાવ્યું.... નકલી સુરજ બની શકે....ચીને એ પણ કરી બતાવ્યું અને એમ કરતાં કરતાં એક દિવસ માનવી શટલયાનમાં બેસીને મંગલ પહોંચશે, લટાર મારીને પરત આવશે....વો મંગલ ઘડી...વો મંગલ શુભ ઘડી કબ આયેંગી....બસ આ મસ્ક થોડાક બિલિયન ડોલર કમાઈ લે અને નવરા પડે એટલે ચલ મનવા મંગળ કી ઓર.......

## લઘુવાર્તા

# ઉત્સાહ : અરે, રંભાગૌરી, ટપાલમાં આજે કોઈનો કાગળ પત્ર!: અને ત્યાં જ રંભામાને યાદ આવી ગયું કે..

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com


રંભામાનો જીવ જરા ઉત્પાતિયો. આમ તો તેમને ચિંતાનું કોઈ કારણ હતું નહીં. છેલ્લાં કેટકલાંક વરસોથી રંભામાને એક ચિંતા કારણ વગર ઘર કરી ગઈ હતી કે જો નળમાં સવારે પાણી નહીં આવે તો?

રંભામા જે સોસાયટીમાં રહેતાં હતાં તે સોસાયટીમાં નળમાં પાણી સવારે રોજ નવને ટકોરે ફક્ત વીસ મિનિટ માટે જ આવતું હતું. ક્યારેક રંભામાનાં અને સોસાયટીનાં નસીબ સારાં હોય તો પાણી વીસ મિનિટને બદલે બાવીસથી ત્રેવીસ મિનિટ આવતું અને કોઈ દિવસ નસીબનો પડિયો કાણો હોય તો પાણી વીસને બદલે અઢાર મિનિટમાં બંધ થઈ જતું, ત્યારે રંભામાનો મગજનો પારો આસમાને ચઢી જતો. નગરપાલિકા અને બંધમાંથી પાણી છોડતા કર્મચારીઓને મનમાં જેટલી યાદ આવી હોય એટલી એક સામટી બધી ગાળો બેધડક ભાંડી નાંખતા રંભામાની જીભ જરા ય અચકાતી નહીં.

ભલા આમ તો રંભામાને જોઈએ કેટલું પાણી? પોતાના માટે અને રામજીબાપાના રોજિંદા વપરાશ માટે બેથી ચાર બાલટી! પણ રંભામા તો રોજ પતરાનાં બે મોટાં પીપડાં, બે-ચાર બેડાં, એકાદ બે બાલટી સાથે હાથમાં જે કંઈ નાનુંમોટું વાસણ આવે તે વીસ મિનિટ આવતા નળમાં ધડાધડ ભરી લેતાં હતાં.

દિવસ આખો પોતે કોઈ સંકોચ કે કરકસર કર્યા વગર પાણી પોતાના રોજિંદા વપરાશ માટે વાપરે, બાકીનું બચેલ પાણી સોસાયટીમાં જે કોઈ સવારે વહેલુંમોડું ઊઠ્યું હોય કે પછી બીજા કોઈ કારણસર પાણી ભરી શક્યું ન હોય, એવાં અડોશી-પડોશીને બે હાથે લ્હાણી કરી, સ્વર્ગમાં જવાનું પુણ્ય કમાવવાનું રંભામા ચૂકતાં નહીં.

આજે વૈશાખની ધોમ ધખતી બપોરે દાંતે બજર દેતાં ઓસરીમાં હિંડોળે બેઠાં. મનમાં એક જ ચિંતા કરતાં હતાં કે જો આવતીકાલે સવારે નળમાં પાણી નહીં આવે તો? પાણી વગર દિવસ આખો જશે કેવી રીતે? આજે સવારે જ ટી.વી.ના સમાચાર દ્વારા જાણ્યું કે, નગરના તળાવમાં આ ધોમ વૈશાખના



તડકાને કારણે પાણી સુકાવા માંડયું છે. ચોમાસું ગયા વરસની જેમ આ વખતે બે-ચાર અઠવાડિયાં લંબાશે તો? નગરપાલિકાને ન છૂટકે રોજ અપાતા વીસ મિનિટના પાણીમાં કાપ મૂકવાનો સમય આવશે?

બરાબર એ જ વખતે પાણીની ચિંતામાં ડૂબેલાં રંભામાને ‘ટ્રીન ટ્રીન’ સાઈકલની ઘંટડી વગાડતા, ડેલીમાં પ્રવેશેલા બચુ ટપાલીએ, જયશ્રીકૃષ્ણ કહી, તેમના હાથમાં એક પોસ્ટકાર્ડ પકડાવી, સાઈકલને ડેલામાંથી પાછી બહાર જવા જરાક ઘુમાવીને વળાંકમાં લીધી ન લીધી ત્યાં જ રંભામાએ હાક મારીને બચુને ફળિયા વચ્ચે ઊભો રાખી દીધો, “અરે! બચુ દીકરા, તારા બાપા તો સમી સાંજ પહેલાં કયે દિવસે ઘરે આવે છે? મારે તેમની રાહ જોતાં, હાથમાં પોસ્ટકાર્ડ પકડીને કયાં લગી બેસવું? મારા વ્હાલા, તું જ મને આ પોસ્ટકાર્ડ વાંચીને જે કંઈ સારામાઠા સમાચાર હોય તે સંભળાવી દે તો ભલા, તારો ઉપકાર થશે.”

“લાવો માડી, પોસ્ટકાર્ડના સમાચાર તમને સંભળાવી પછી જ સોસાયટીના બીજા ઘરે ટપાલ નાંખવા જઈશ!” આ પ્રમાણે જણાવી બચુ ટપાલી નાકની દાંડીએ ઢળી ગયેલાં ચશ્માંને હળવેકથી આંખે ચઢાવી. પોસ્ટકાર્ડને વાંચવા માંડયું. પોસ્ટકાર્ડના શબ્દેશબ્દ વાચતાં બચુનો ચહેરો ક્ષણવારમાં ચમકી ઊઠ્યો. “અરે! રંભામા લાવો પેંડા અને કરાવો આ બચુનું મોઢું મીઠું. પછી જ હું તમને આ પોસ્ટકાર્ડના ખુશી સમાચાર જણાવું!”

“અરે! બોલ, જલદી બોલ મારા દીકરા, બચુ, શું ખુશી સમાચાર છે પોસ્ટકાર્ડમાં? દીકરા તારા એકનું જ નહીં હું તો આખી સોસાયટીનું મોઢું મીઠું કરાવીશ!”

“માડી, તમારા નાના દીકરા વૈકુંઠરાયના ઘરે બે દિવસ પહેલાં જ દીકરાની પધરામણી થઈ છે.” દીકરા વૈકુંઠરાયના ઘરે પુત્રની પધરામણી થઈ છે, તેના ખુશી સમાચાર બચુના મુખે સાંભળી રંભામા હિંડોળેથી

(અનુસંધાન પેજ-6 ઉપર)

## ધર્મ

# 31મીએ કામિકા એકાદશીઃ આ છે સમય, વ્રત કથા, ધાર્મિક વિધિઓ અને મહત્ત્વ...

કામિકા એકાદશી એ એક મહત્વપૂર્ણ એકાદશી વ્રત છે જે ઉત્તર ભારતીય હિંદુ કેલેન્ડર મુજબ ‘શ્રાવણ’ મહિના દરમિયાન કૃષ્ણ પક્ષ (અસ્ત થતા ચંદ્ર)ના 11મા દિવસે આવે છે . જો કે મરાઠી, ગુજરાતી , તેલુગુ અને કન્નડ કેલેન્ડરમાં આ એકાદશી ‘અષાઢ’ મહિનામાં મનાવવામાં આવે છે. અંગ્રેજી કેલેન્ડરમાં તે જુલાઈ-ઓગસ્ટ મહિનાને અનુરૂપ છે. આ વખતે કામિકા એકાદશી 2024 31 જુલાઈ, બુધવારે છે એકાદશી તિથિ શરૂ થાય છે :30 જુલાઈ, સાંજે 4:45 વાગ્યે. એકાદશી તિથિ સમાપ્ત થાય છે : 31 જુલાઈ, બપોરે 3:56 વાગ્યે પારણાનો સમય : ઑગસ્ટ 01, સવારે 6:01 - સવારે 8:38 વાગ્યે.

કામિકા એકાદશી એ પણ પ્રથમ એકાદશી છે જે ‘ચાતુર્માસ’ દરમિયાન આવે છે, જે શ્રી કૃષ્ણની ઉપાસના માટે સમર્પિત શુભ સમય છે. આ એક દિવસ છે જે ભગવાન વિષ્ણુને તેમના શ્રીધરા સ્વરૂપમાં પૂજા કરવા માટે સમર્પિત છે, અને સમગ્ર વિશ્વમાં હિન્દુઓ દ્વારા ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે આ પવિત્ર એકાદશી તમામ પાપોની માફી આપે છે અને વ્યક્તિ ‘મોક્ષ’ પ્રાપ્ત કરે છે. કામિકા એકાદશી પણ વ્યક્તિને ‘પિતૃ દોષ’માંથી મુક્ત કરવામાં મદદ કરે છે.

કામિકા એકાદશી વ્રત કથા પ્રાચીન હિંદુ ગ્રંથ પદ્મ પુરાણમાં નીચે મુજબ છેઃ

યુધિષ્ઠિરે પૂછ્યુંઃ હે ગોવિંદ, કૃપા કરીને અમને શ્રાવણના અંધારામાં આવતી એકાદશીનું નામ જણાવો. શ્રી કૃષ્ણએ જવાબ આપ્યોઃ હે રાજા, સાંભળો. હું તમને પાપોને દૂર કરે છે તે વાર્તા કહીશ, જે વિશે બ્રહ્માએ અગાઉ નારદને પૂછ્યું ત્યારે તેને વહેંચ્યું હતું.

નારદે કહ્યુંઃ હે કમલાસન, ભગવાન, હું તમારી પાસેથી શ્રાવણના અંધકારમાં



આવતી એકાદશીનું નામ, તેના પ્રમુખ દેવતા, તેના પાલનની રીત અને તેનું ધાર્મિક મહત્વ સાંભળવા ઈચ્છું છું. મહેરબાની કરીને મને આ બાબતો પર જ્ઞાન આપો.

નારદની વાત સાંભળીને બ્રહ્માએ આ રીતે કહ્યુંઃ નારદ, ધ્યાનથી સાંભળો. હું તમને કામિકા નામની એકાદસી વિશે જાણ કરીશ, જે શ્રાવણના અંધકારમાં આવે છે અને લોકોના કલ્યાણ માટે ફાયદાકારક છે. વાજપેય યજ્ઞ કરવાના ગુણ ફક્ત તેના વિશે સાંભળીને જ પ્રાપ્ત કરી શકાય છે. શંખ, ચાકડી અને ગદા ધારણ કરીને જે વ્યક્તિ દેવતાઓના સ્વામીની પૂજા કરે છે તેને જે પુરસ્કાર મળે છે તે મને સમજાવવા દો. હું હરિ, વિષ્ણુ, અથવા મધુસુદના, જે સામાન્ય રીતે શ્રી હરિ તરીકે ઓળખાય છે, તેમની પૂજા અથવા ધ્યાન કરવાથી પ્રાપ્ત થયેલા શ્રેષ્ઠ પરિણામોનું વર્ણન કરીશ.

આ દિવસે કૃષ્ણની ઉપાસના કરવાથી જે પરિણામો મળે છે તે ગંગામાં સ્નાન કરીને કે કાશી, નૈમિષારણ્ય અથવા પુસ્કરાની મુલાકાત લેવાથી પ્રાપ્ત થતા નથી. આ પરિણામો ફક્ત કૃષ્ણની ઉપાસના દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. તે કૃષ્ણની પૂજા કરીને તે જ ફળ મેળવે છે.

## બજેટોનોમિક્સ

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## મજબૂત વિપક્ષમાં એક બેસે અને બીજા ઉભા થાય, એક પછી એક પ્રહારો પર પ્રહારો...

# ટેકો આપનારને મળ્યું, શું સરકારની આવરદા લંબાઈ ગઈ ?!

## સરકાર પણ સામનો કરવા તૈયાર.. વળતા પ્રહારો સાથે નહલે પે દેહલા...જેવુ થઇ રહ્યું છે...



જિસકા મુઝે થા ઈન્તજાર...વો ઘડી આ ગઈ..આ ગઈ... તો ભાઈ, દેશ આખાની નજર બજેટ પર હતી. ક્યારે બજેટ રજૂ થશે અને સામાન્યજનને શું મળશે તે કરતાં જેના ટેકે ટેકાવાળી સરકાર ટકેલી છે એ સરકાર ટેકાના બદલામાં ટેકાવાળા પક્ષોને શું આપશે.....?!

અને 23 જુલાઈએ 11 વાગતામાં નાણામંત્રી નિર્મલા સિતારામને બજેટ રજૂ કર્યું તે સાથે તેમના નામે એક રેકોર્ડ પર નોંધાઈ ગયો. સતત સાત વખત બજેટ રજૂ કરનાર તરીકે તેમનું નામ બજેટના ઈતિહાસમાં લખાઈ ગયું. અને તેમણે જ્યારે જાહેર કર્યું કે ટેકો આપનાર નિતિશના બિહારને 26 હજાર કરોડના પ્રોજેક્ટ માટે નાણાં મળશે ત્યારે નિતીશબાબુ મલક્યા હશે....અને જ્યારે આંધ્ર માટે 15 હજાર કરોડની ફાળમીની જાહેરાત થઈ ત્યારે નાયડૂગરૂ મરક મરક થયા હશે....બન્ને ટેકાધારી નેતાઓ વિચારી રહ્યાં હશે- દેખો ભઈયા...હમને સરકાર કો સમર્થન દિયા હૈ....હમારે સમર્થન પર સરકાર ટીકી હુઈ હૈ તો બદલે મેં કુછ તો દેના પડેંગા.....અને એમ મનાય છે કે ટેકો આપનારા નેતાઓને તેમની માંગણી મુજબનું મળ્યું છે ત્યારે સરકારની આવરદા લંબાઈ ગઈ.....?!

આ વખતે સંસદમાં વિપક્ષ ગઈ વખત જેવુ સાવ સુસ્ત, નિર્બલ, લાચાર અને સરકારને શરણે થઈ જનાર જેવુ નથી. વિપક્ષની આગલી હરોળમાં વિપક્ષના નેતા રાહુલની બાજુમાં જ સપાના અખિલેશ યાદવ છે અને તેમની બાજુમાં અયોધ્યામાં જીતનાર સપાના સાંસદને બેસાડ્યા છે જેથી સરકારને યાદ રહે કે મોટા ઉપાડે રામ મંદિર બનાવ્યું પણ ભાજપને સીટ મળી નથી....

તો મામલો એ છે કે અખિલેશ સરકારની સામે પ્રહારો કરે પછી રાહુલ ઉભા થાય છે. તઓ શાંત થાય એટલે ટીએમસીના મહુવા મોઈત્રા તાડુકે છે અને તેઓ ન હોય ત્યારે મમતા બેનર્જીનો ભત્રીજો અભિષેક બેનર્જી અધ્યક્ષની સાથે બાખડી પડે છે. તો આમચ મહારાષ્ટ્રના શરદ



પવારના પુત્રી શૂળે પ્રહારો કરે છે. અને કુલ મિલાકે દેખા જાય તો ભઈયા, ઈસ બાર લગતા હૈ કી સંસદ ચલ રહી હૈ....અલબત સરકાર પણ તેનો સામનો કરવા તૈયાર છે અને એક પ્રહારનો જવાબ વળતા પ્રહારો સાથે આપીને નહલે પે દેહલા...જેવુ થઈ રહ્યું છે. સરકાર સમજી ગઈ છે કે આ વખતે તો જવાબની તૈયારી કરવી પડશે અને વિપક્ષમાંથી કોઈપણ ખૂણેથી બોલ આવી શકે છે અને તેને ફટકારવાની તૈયારી રાખી છે.

બાત યહાં તક ગઈ કી વડાપ્રધાન મોદીના ભાષણ વખતે વિપક્ષ દ્વારા હોહા થાય છે. તેમને બરાબર સંબોધન કરવા દેતા નથી અને આ બધુ પહેલા પહેલા પ્યાર હૈ....ની જેમ 10 વર્ષ પછી પહેલીબાર હો રહા હૈ....તના મૂળમાં છે રાહુલ અને અખિલેશની જોડી. કોંગ્રેસ 44માંથી 99 બેઠકો મળતાં જોરમાં છે અને અખિલેશે યુપીમાં ભાજપના સપના પર ઠંડુ પાણી રેડી દેતા સંસદમાં પત્ની ડિમ્પલ સાથે પહોંચ્યા છે અને રાહુલની સાથે દે ધનાધન....જેવા વાકપ્રહારો કરીને કહી રહ્યાં છે કે ભાજપાવાલો...2027 આને દો.. યુપી વિધાનસભા મેં તુમ્હે વિપક્ષ મેં બિઠાયેંગે....!

બજેટ સત્રમાં રૂપિયો ક્યાંથી આવશે...રૂપિયો ક્યાં જશે...તેના પર બજેટકીય ચર્ચા કરતાં દુનિયાભર કી ચર્ચા વધારે જોવા મળે તો નવાઈ નહીં. 12 ઓગસ્ટ સુધી બજેટ સત્ર છે પણ ટૂંકાઈ શકાય તેમ નથી. કેમ કે બજેટ તો પાસ કરવુ પડશે અને તે પહેલાં અને બજેટ પાસ ત્યાં સુધી વિપક્ષના પ્રહારોનો સામનો કરવો પડશે.અને આ બધુ કર્યું છે ભારતના મતદારોએ....એકને 272ને બદલે ઘટાડીને 240 આપી અને બીજાને 44ની વધારીને 99 આપી એટલે એકનું જોર ઘટ્યું અને બીજાનું જોર વધ્યું....વધઘટ થઈ છે અને ટેકાવાળા કોઈ વધઘટ ના કરે તો ભયો ભયો...નહીંતર હવા મેં ઉડતા જાયે કેસરી દુપટ્ટા મલમલ કા.... હોજી...હોજી...!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.

### કોર્પોરેશનને આ ખર્ચમાંથી મુક્તિ મળે તેવી રજૂઆત

# સરકારી કોર્ટનો બે કરોડનો ખર્ચ કોર્પોરેશનના માથે નાખ્યો

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ. કોઠામાં બે કોર્ટ આવી છે જેમાં જન્મ-મરણની નોંધણી અને ફૂડના કેસો ચલાવવામાં આવે છે. હાલ આ બન્ને કોર્ટમાં કોર્પોરેશનના ફક્ત 50 જ કેસ છે. આ કોર્ટનો ખર્ચ સરકારની જગ્યાએ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન ભોગવી રહી છે. આમ, 50 કેસ માટે બે કોર્ટમાં વર્ષે બે કરોડથી વધુનો ખર્ચ કોર્પોરેશનના શિરે આવ્યો છે ત્યારે કોર્ટનો ખર્ચ ગુજરાત સરકાર ભોગવે અને કોર્પોરેશનને આ ખર્ચમાંથી મુક્તિ મળે તે માટે કોર્પોરેટરે મ્યુનિ. અધિકારીઓ અને મેયરને રજૂઆત કરી છે. નોંધનીય છે કે, મ્યુનિ. કોઠામાં આવેલી બે કોર્ટ મેટ્રો કોર્ટમાં ખસેડવા માટે રજૂઆત થઈ હતી.

મ્યુનિસિપલ કોઠા ખાતે મેટ્રો કોર્ટ 6-8 આવેલી છે. જેમાં મ્યુનિ.ને લગતા (જન્મ-મરણ નોંધણી) જેવા કેસો ચાલે છે અને કોર્પોરેશન દ્વારા જે ફૂડ એક્ટને લગતા કેસો કરવામાં આવે તે ચલાવામાં આવે છે. આ બન્ને કોર્ટમાં હાલ કોર્પોરેશનના 50 જેટલા જ કેસ છે. આમ છતાં કોર્ટના જજ સહિતના સ્ટાફનો પગાર કોર્પોરેશન દ્વારા ચૂકવવામાં આવી રહ્યો છે. આ મામલે ડે.ચેરમેન, મ્યુનિ. કમિશનર, મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન સહિતની જગ્યાએ લેખિતમાં કોર્પોરેટર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, કોર્પોરેશનની પ્રિમાઈસમાં 6 અને 8 નંબરની બે કોર્ટ આવેલી છે.

જેમાં જન્મ-મરણ નોંધણી અને કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલા ફૂડના કેસો ચલાવવામાં આવે છે. સેન્ટ્રલ ગવર્મેન્ટના જાહેરનામું તથા ગુજરાત સરકારના જાહેરનામાથી જન્મ-મરણ નોંધણીના કેસો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને આપવામાં આવે છે. હાલ આ બન્ને કોર્ટમાં કોર્પોરેશનના અંદાજે 50 જેટલા જ કેસો છે. આમ છતાં બન્ને કોર્ટમાં વર્ષે 2 કરોડથી વધુનો ખર્ચ મ્યુનિ. કોર્પોરેશન ભોગવી રહી છે. કોર્પોરેશનના ફૂડના કેસો ચલાવવા માટે ખાનગી વકીલ(ખાસ વકીલ) મનોજ ખંધારની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે જન્મ-મરણ નોંધણીમાં ખાનગી વકીલો કેસ ચલાવે છે. આમ, કોર્પોરેશનને ફક્ત મ્યુનિ. દ્વારા રોકવામાં આવેલા ખાસ વકીલનો જ ખર્ચ ભોગવવાનો હોય છે. આમ છતાં કોર્પોરેશન બન્ને કોર્ટના જજ, કોર્ટ સ્ટાફના પગાર અને અન્ય સુવિધાના ખર્ચ પણ ઉઠાવી રહી છે.

પત્રમાં એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે, મ્યુનિ. કોર્પોરેશનની કામગીરીમાં લોકોની સુખાકારી માટે વાપરવામાં આવતી રકમમાં કાપ મૂકી જે ખર્ચ ચૂકવવાની જવાબદારી કોર્પોરેશનની નથી ત્યાં કરી રહી છે. કોર્ટના જજ સ્ટાફ સહિતના લોકોના ખર્ચની જવાબદારી રાજ્ય સરકાર અને હાઈકોર્ટની છે. આખા રાજ્યની કોર્ટની જવાબદારી રાજ્ય સરકાર અને હાઈકોર્ટ નિભાવે છે ત્યારે કોર્પોરેશનમાં આવેલી કોર્ટની જવાબદારી પણ સરકારે ભોગવવી જોઈએ અને કોર્પોરેશનમાંથી આ ખર્ચને મુક્તિ અપાવવી જોઈએ. જ્યારે આ બચેલી ખર્ચની રકમ લોકોની સુખાકારી માટે વાપરવી જોઈએ.કોર્પોરેશનની કોર્ટમાં ક્રિમિનલ કેસો ટ્રાન્સફર કરવામાં આવતા વિવાદ સર્જાયો હતો. આ મામલે ક્રિમિનલ કોર્ટ બાર એસો.ના પ્રમુખ ભરત શાહ અને સેક્રેટરી ઈશ્વર દેસાઈએ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટને લેખિતમાં એવી રજૂઆત કરી હતી કે, મ્યુનિ. કોઠા ખાતે આવેલી કોર્ટ નં- 6માં ક્રિમિનલ કેસો ટ્રાન્સફર કરવામાં આવ્યા છે તેનો અમે વિરોધ કરીએ છીએ. કોર્ટ નં-6 મુખ્ય કોર્ટથી બેથી અઢી કિ.મી. દૂર આવેલી છે અને તે ખૂબ જ ગીચ-ટ્રાફિકવાળો વિસ્તાર છે, તેના કારણે જવા-આવવામાં હાલાકી પડે છે, મ્યુનિ. કોર્પોરેશનની બિલ્ડિંગ-ઓફિસો આવેલી હોવાને કારણે વાહન પાર્કિંગની પણ સમસ્યા ઊભી થાય તેમ છે.

# સંસદમાં ગુજરાતના ચાંદીપુરા વાઈરસનીરજૂઆત કરવામાં આવી

### કોંગ્રેસના સાંસદ ગેનીબેને મુદ્દો ઉઠાવી કેન્દ્રનું ધ્યાન દોર્યું

ગુજરાત | વંદન

ચૂંટણી બાદ લોકસભામાં વિપક્ષ જોરદાર ટક્કર આપી રહ્યો છે. આજે સંસદના બંને ગૃહમાં કાર્યવાહી દરમિયાન હોબાળો જોવા મળ્યો હતો. જેમાં વિપક્ષી સાંસદોએ ભારે દેકારો કર્યો હતો. એ દરમિયાન બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર પ્રથમવાર સંસદમાં બોલવા ઊભા થયાં હતાં.

ગુજરાત અને ઈન્ડિયા ગઠબંધનના બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર બુધવારના રોજ સંસદમાં પ્રથમવાર બોલ્યાં હતાં. જેમાં તેઓએ હાલના ગંભીર મુદ્દા એવા ચાંદીપુરા વાયરસ વિશે સરકારને માહિતગાર કરી હતી અને આ ગંભીર બીમારીને લઈ



સરકાર કડક પગલાં ભરે એવી માંગણી ઉઠાવી હતી.

પોતના પહેલા નિવેદનમાં સૌ પ્રથમ ગેનીબેને બનાસકાંઠાની તમામ જનતાનો આભાર માન્યો હતો. જે બાદ તેમણે કહ્યુ હતુ કે મારા સંસદીય ક્ષેત્ર અને સમગ્ર ગુજરાતમાં ચાંદીપુરા નામનો વાયરસ ભયંકરરૂપ ધારણ કરી રહ્યો છે. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી હાલ 84 કેસ નોંધાયા છે. સમગ્ર રાજ્યમાંથી આ વાયરસના કારણે 37 બાળકોના જીવ ગયા છે. આંકડા અનુસાર આ વાયરસની ઝપટમાં આવતા 100માંથી 15 ટકા જ દર્દીઓને બચાવી શકાય તેવો ગંભીર વાયરસ છે.

રાજ્યના અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા અરવલ્લી, મહેસાણા, ખેડા, વડોદરા અને સુરત સહિતના જિલ્લાઓમાં જીવલેણ વાયરસ વધતો જઈ રહ્યો છે. આ વાયરસ દિવસે ને દિવસે ઘાતક થઈ રહ્યો છે. કારણ કે આ વાયરસ બાળકોને જ પોતાનો શિકાર બનાવી રહ્યો છે. જો આ વાયરસને ગંભીરરૂપથી લેવામાં નહી આવે તો કોરોના કરતા વધારે ગંભીર સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ) — પરિવાર અને નજીકના સંબંધી સાથે મુલાકાત થશે. જો તમે કોઈ મહત્ત્વપૂર્ણ કામમાં પૈસા લગાવવાનું વિચારી રહ્યા છો, તો તરત જ નિર્ણય લો. તમે ઘરની સજાવટ સંબંધિત કોઈપણ ફેરફારની યોજના પણ બનાવી શકો છો.જમીન-મકાનને લગતી બાબતોમાં થોડી સમસ્યાઓ આવી શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ) — કોઈ ચોક્કસ નિર્ણય લેતા પહેલા તેની સાથે સંબંધિત યોગ્ય માહિતી મેળવી લેવી. તેનાથી કામ સરળતાથી થઈ જશે. લાંબા સમય પછી મહેમાનોના આગમનથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. પારિવારિક કોઈ સમસ્યા પણ ઉકેલાઈ જશે.

**મિથુન** (ક.છ.ઘ) — વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રહેવાથી તમે જલ્દી જ તમારું લક્ષ્ય પ્રાપ્ત કરી શકશો. આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવૃતિઓમાં પણ થોડો સમય વિતાવો, તમે ખૂબ જ સુખ અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરશો. વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સંબંધિત અન્ય ક્ષેત્રોમાં પણ રસ લેશે.

**કર્ક** (ડ.હ) — રોજિંદી સમસ્યાઓના ઉકેલ માટે સમય સાનુકૂળ છે. તમારી સમજદારી અને સંયમિત વર્તનથી તમારા પડોશીઓ સાથે ચાલી રહેલ કોઈપણ જૂની સમસ્યા આ સપ્તાહે ઉકેલાઈ શકે છે. જેના કારણે તમે તણાવમુક્ત રહેશો અને પૂરી ઉર્જા સાથે તમારા કામમાં સમર્પિત રહેશો.

**સિંહ** (મ.ટ) — મિત્રો અને સંબંધીઓ સાથે વાતચીત થશે અને ભવિષ્યની યોજનાઓ પર પણ ચર્ચા થશે. જો રિયલ એસ્ટેટ સંબંધિત કોઈ કામ પેન્ડિંગ હોય તો તે આ સપ્તાહે પૂર્ણ થવાની પૂરી શક્યતા છે. કેટલાક પેન્ડિંગ પૈસા મળવાથી તમને રાહત મળશે. તમારા અંગત કામમાં થોડી અડચણો આવશે.

**કન્યા** (પ.ઠ.ણ) — આત્મનિરીક્ષણ અને ધ્યાનમાં થોડો સમય વિતાવો, તેનાથી તમને આધ્યાત્મિક અને માનસિક શાંતિ મળશે અને તમે કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ઉકેલ મેળવી શકશો. જો તમે તમારું સ્થાન બદલવા માંગો છો, તો કામ શરૂ કરવા માટે આ સપ્તાહનો સમ શ્રેષ્ઠ છે. પારિવારિક ચિંતા બની રહે.

**તુલા** (ર.ત) — આ અઠવાડિયે તમે કરેલા કામના તમને સારા પરિણામ પણ મળશે. આવકના સ્ત્રોત પણ વધશે. આળસ છોડો અને સંપૂર્ણ ઉર્જા અને આત્મવિશ્વાસ સાથે તમારા કામમાં પોતાને સમર્પિત કરો. કેટલાક મનોરંજન સ્થળની મુલાકાત લેવાનો કાર્યક્રમ પણ બનાવવામાં આવશે.

**વૃશ્ચિક** (ન.ય) — સંપર્કોનો વ્યાપ વધશે અને તેના દ્વારા તમને વિશેષ માહિતી પણ મળશે. લાંબા સમયથી કોઈ ઈચ્છા કે સ્વપ્ન પૂર્ણ થઈ શકે છે. કોઈ પ્રિય મિત્રને મળવાથી ખુશી મળશે. કોઈપણ પ્રકારનું જોખમ લેવાથી તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

**ધન** (ભ.ધ.ફ) — હાલમાં ગ્રહોની સ્થિતિ એવી છે કે તમને સામાજિક સ્તરે નવી ઓળખ મળવાની છે. અસરકારક સંપર્કો બનાવવામાં આવશે. કામનો ભાર વધુ રહેશે, પરંતુ થાકને કારણે સફળતા તમારા પર હાવી નહીં થાય. નકારાત્મક અસર તમારા અંગત જીવન પર પણ પડશે.

**મકર** (ખ.જ) — છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ઘરેલું સમસ્યાઓનું સમાધાન કરવામાં તમે સફળ રહેશો. તમારા પરિવારની સુરક્ષાને લઈને તમે જે નિયમો બનાવ્યા છે તે ખૂબ સારા હશે. વિદ્યાર્થીઓને સ્પર્ધામાં સફળતા મળશે.સંતાનનું કોઈ ખોટું વર્તન તમને પરેશાન કરી શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ) — પરિવારના વરિષ્ઠ સભ્યોની સલાહ લેવાથી તમારી સમસ્યાનું સમાધાન મળી શકે છે. તમારા સાસરિયાઓ સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવવા માટે તમારું વિશેષ યોગદાન જરૂરી છે. આ સમયે કાર્યક્ષેત્રમાં કેટલાક બદલાવ લાવવાની જરૂર છે. કોઈ જુના ઓર્ડર અથવા કોઈ પક્ષને લઈને સમસ્યા હોઈ શકે છે.

**મીન** (દ.ચ.ઝ) — સમય પ્રમાણે તમારી જીવનશૈલી બદલો, તેનાથી તમારા વ્યક્તિત્વમાં સુધારો આવશે. તેમજ તમારું કામ આયોજનબદ્ધ રીતે થશે. ઘરમાં સ્વજનોની અવરજવર રહેશે. અને પરસ્પર મીટિંગ દરેકને ખુશી આપશે. આ સમય ખૂબ જ વ્યવસ્થિત રહેવાનો પણ છે. આઉટડોર પ્રવૃત્તિઓમાં સમય પસાર કરવાથી પૈસા અને શક્તિનો જ વ્યય થશે. તમારા મહત્ત્વપૂર્ણ કાર્યોમાં કોઈ વરિષ્ઠ વ્યક્તિની સલાહ અવશ્ય લો.

### 134 શાળાઓને હવે નવા નિયમ હેઠળ ફાયરની NOC લેવી પડશે

# 500 ચો.મી. કરતા વધુ ક્ષેત્રફળનું બાંધકામવાળી શાળાઓને પણ NOC ફરજિયાત કરવામાં આવી

ગુજરાત | વંદન

રાજ્યમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં હવે 500 ચો.મી. કરતા વધુ ક્ષેત્રફળનું બાંધકામ ધરાવતી હોય તેવી શાળાઓને પણ ફાયર વિભાગનું NOC લેવાનું નક્કી કરાયા બાદ અમદાવાદની 134 શાળાઓને હવે ફાયરનું NOC લેવું પડે તેમ છે.

અગાઉ આ શાળાઓ 9 મીટરની ઉંચાઈના ક્રાઈટેરિયામાં આવતી ન હોવાથી તેઓએ સેલ્ફ ડેક્લેરેશન આપ્યું હતું. પરંતુ નવા નિયમમાં તેમનું ક્ષેત્રફળ 500 ચો.મી. કરતા વધુ હોવાથી તેમને ફાયર વિભાગનું NOC લેવું પડશે. અમદાવાદ શહેરમાં 19 અને ગ્રામ્યમાં 115 શાળાઓએ સર્ટિફિકેટ લેવું પડશે.

રાજકોટની ગોઝારી ઘટના બાદ સરકાર દ્વારા ફાયર સેફ્ટીના મુદ્દે ખૂબ જ સાવચેતી રાખવામાં આવી રહી છે. આ માટે સરકારે કડક નિયમો પણ તૈયાર કર્યા છે અને તેનો કડકાઈથી અમલ પણ કરાવવામાં આવી રહ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓ માટે પણ શિક્ષણ વિભાગ દ્વારા ફાયર સેફ્ટીને લઈને નિયમો બનાવ્યા છે. જેમાં શાળાઓમાં 500 ચો.મી.થી વધુ ક્ષેત્રફળનું બાંધકામ હોય તેમણે પણ ફરજિયાત ફાયર વિભાગનું NOC લેવાનું રહે છે તેવી જોગવાઈ કરવામાં આવી છે. જેથી આ શાળાઓને ફાયર વિભાગનું NOC લેવા માટે અમદાવાદ શહેર અને ગ્રામ્ય DEO દ્વારા સૂચના આપવામાં આવી છે.

શાળાઓમાં ફાયર સેફ્ટીને લઈ અત્યાર સુધીમાં જે જૂની ગાઈડલાઈન હતી તેમાં બિલ્ડિંગની હાઈટ 9 મિટરથી ઓછી હોય તેવી શાળાઓને ફાયર NOC લેવામાંથી મુક્તિ આપવામાં આવી હતી. આવી શાળાઓએ માત્ર સેલ્ફ ડેક્લેરેશન આપવાનું રહેતું હતું. જે અન્વયે તાજેતરમાં અમદાવાદ સહિત રાજ્યભરની શાળાઓમાં ફાયર સેફ્ટી ચકાસણી અંગે હાથ ધરાયેલી ઝુંબેશમાં 9 મિટરની ગાઈડલાઈનને અનુસરવામાં આવી હતી. પરંતુ ફરી સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય અન્વયે શિક્ષણ વિભાગે નવો પરિપત્ર પ્રસિદ્ધ કર્યો છે. જે મુજબ 500 ચો.મી.થી વધુ ક્ષેત્રફળનું બાંધકામ હોય તેવી શાળાઓએ પણ ફરજિયાત ફાયર NOC લેવાની રહેશે.

# વ્યાજખોરો સામે ક્રાઈમ બ્રાન્ચ ફરીથી શરૂ કરશે ઝુંબેશ

### પીડિતો 079-25398549, 6359625369 ફોન નંબર પર કોલ કરીને ફરિયાદ કરી શકશે

ગુજરાત | વંદન

શહેરમાં અનેક લોકો વ્યાજની ચુંગાલમાં ફસાઈને વ્યાજખોરોનો શિકાર બનેલા છે, આવા લોકોને વ્યાજખોરોના ફંદામાંથી બહાર લાવવા માટે અને વ્યાજખોરોને કાયદાનો પાઠ ભણાવવા માટે ટૂંક સમયમાં અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક અભિયાન શરૂ કરવામાં આવશે.

ગુજરાત સરકારની પ્રજાભિમુખ નીતિના ભાગરૂપે વ્યાજખોરોથી ત્રસ્ત લોકોને રક્ષણ આપવા તથા વ્યાજખોરો વિરૂદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી થાય એ માટે ક્રાઈમ બ્રાન્ચ,અમદાવાદ શહેર દ્વારા આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જેમાં વ્યાજખોરોના ત્રાસ કે દમનનો ભોગ બનેલા નાગરિકો પોતાની ફરિયાદ, અરજી કે રજૂઆત કરી શકશે.

આ અંગે અમદાવાદ શહેરમાં ક્રાઈમ બ્રાન્ચ, ગાયકવાડ હવેલી, રાયખડ પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ પોલીસનો સંપર્ક કરી શકાશે. જે લોકો આ પોલીસ મથકો પર રૂબરૂ જઈ શકે એમ ન હોય એ લોકો આ ઈમેઈલ એડ્રેસ reader-crime-ahd@gujarat.gov.in ઉપર પોતાની વિગતો મોકલી શકશે અથવા 079-25398549, 6359625369 ફોન નંબર પર કોલ કરીને પણ પોતાની ફરિયાદ કે રજૂઆતની વિગત જણાવીને ઉકેલ મેળવી શકશે.

# પીએમઓનો અધિકારી બની રાજ્યના અધિકારીઓને છેતરનાર ઠગ ઝડપાયો

### પાંચ વર્ષથી રૂપેશ દોશીની સેવામાં દોડતા એક અધિકારીએ ફરિયાદ નોંધાવતાં હવે વધુ તપાસ શરૂ

ગુજરાત | વંદન

પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ના અધિકારી તરીકે ઓળખ આપી છેક પાકિસ્તાન બોર્ડર સુધી જઈ આવેલો કિરણ પટેલ ગયા વર્ષે ઝડપાઈ ગયો છે. તેણે અમદાવાદના આઈપીએસ અધિકારીઓ સહિત ઘણા લોકોને ચૂનો લગાવ્યો હતો. હવે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ચોપડે કિરણ પટેલ પાર્ટ ટુ સમાન રૂપેશ દોશી સામે ફરિયાદ નોંધાઈ છે. રૂપેશ પણ છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદના જુદા જુદા અધિકારીઓ સમક્ષ પ્રધાનમંત્રી કાર્યાલયના ઉચ્ચ અધિકારી તરીકેની ઓળખ આપીને તેમને દોડતા રાખતો હતો. હોટલમાં જમવાથી લઈને નાસ્તાની વ્યવસ્થા કરાવતો હતો. મોલમાંથી ખરીદી અને એરપોર્ટ જવા આવવા માટે લક્ઝુરિયસ ગાડીની વ્યવસ્થા પણ કરાવતો હતો. પાંચ વર્ષથી રૂપેશ દોશીની સેવામાં દોડતા રહેલા એક અધિકારીએ કંટાળીને તેની સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે રૂપેશ દોશી એટલે કે વિષ્ણુ જોષીએ કોઈની પાસેથી પૈસા પડાવ્યા હોય તો તે ક્રાઈમ બ્રાંચ સમક્ષ જાણ કરી શકે છે.



ફાંકડુ અંગ્રેજી બોલતો આધેડ માણસ ગાંધીનગર, અમદાવાદના અધિકારીઓને પોતાની ઓળખ પ્રધાનમંત્રી કાર્યાલયના સિનિયર અધિકારી તરીકે આપી રહ્યો છે.પોતાના હાવ-ભાવ અને વાત કરવાની સ્ટાઈલથી કોઈને પણ પ્રભાવમાં લાવી દેતો રૂપેશ દોશી ઉર્ફે વિષ્ણુ જોષી (રહે. જી વીંગ ફ્લેટ નં. 1101, 11મો માળ, મેરીગોલ્ડ સોસાયટી, સફલ પરિસર રોડ, સાઉથ બોપલ) લગભગ નિવૃત્ત જીવન ગુજારતો હતો. તે જ્યારે પણ ગાંધીનગર ખાતે આઈટી કંપનીમાં નોકરી કરતા પોતાના દીકરાના ઘરે આવતો ત્યારે એરપોર્ટ પરથી જ કોઈ અધિકારીને ફોન કરીને પોતાના માટે ગાડી બુક કરાવતો હતો.

પરિવાર સાથે જમવા જવાનું હોય તો પણ મહાનગરપાલિકાના અધિકારીઓને આદેશ આપી દેતો અને તેના માટે વ્યવસ્થા પણ ગોઠવાઈ જતી, એટલે તેને ટેવ પડી ગઈ. પાંચ વર્ષથી તેણે જુદા જુદા વિભાગના અધિકારીઓને ફોન કરીને પ્રધાનમંત્રી કાર્યાલયના અધિકારીની ઓળખાણ આપી ઘણા કામ કરાવી લીધા હતા. કોઈ અધિકારીને ટ્રાન્સફર કરાવી આપવા કે સારું પોસ્ટિંગ અપાવવાના નામે પૈસા પડાવતો હતો અને સેવા પણ લેતો હતો. ઘણી જગ્યાએ તેણે પોતાની ઓળખ રોના અધિકારી તરીકે પણ આપી હતી અને સરકારમાં કોન્ટ્રાક્ટ અપાવવાનું કહીને પણ પૈસા પડાવ્યા હતા. પાલિકા ઉપરાંત અન્ય વિભાગના અધિકારીઓને ફોન કરાવીને મોલ કે શોરૂમમાંથી ખરીદી પણ કરતો હતો. આખરે એક અધિકારીએ આ ગઠિયાના ત્રાસથી કંટાળીને પોલીસને જાણ કરી હતી. રૂપેશ ઉર્ફે વિષ્ણુ પણ કિરણ પટેલ જેટલા મોટા કાંડ કરે તે પહેલા જ તેની વિરુદ્ધ ક્રાઈમ બ્રાંચે ફરિયાદ નોંધી હતી. જેની હાલ વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર પરેશ ખાંભલાએ શરૂ કરી છે. જો કોઈ નાગરિકો આ ઠગનો ભોગ બન્યા હોય તો ક્રાઈમ બ્રાંચમાં જાણ કરવા માટે પણ અપીલ કરાઈ છે.

# ગુજરાતમાં બનેલી કથિત ખાતરની 2,000 બૅગો ખેડૂતે કૂવામાં ફેંકી દીધી

### આ ખાતરના ઉપયોગથી પાકને નુકસાન થતું હોવાથી પુરાવાનો નાશ કરાયો-પોલીસ ફરિયાદ

ગુજરાત | વંદન

ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રના જાલના જિલ્લાના ભોકરદન તાલુકામાં ખાતરની 2,000 બૅગ કૂવામાં નાખી દેવાનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.આ ખાતરના ઉપયોગથી પાકને નુકસાન થતું હોવાનું બહાર આવ્યા બાદ સંબંધિત ખાતર સપ્લાયરે ખાતરની બૅગ્સનો નાશ કરવાનો નિર્ણય કર્યો હતો. આ વાત સ્થાનિક ખેડૂતોને ધ્યાનમાં આવી હતી. તેમણે આ બાબતે કૃષિ વિભાગને જાણ કરી પછી આ ઘટના પ્રકાશમાં આવી હતી.પોલીસે આ કેસમાં આરોપી ગણેશ ગવતેને શોધી રહી છે. ગણેશ ગવતે સરદાર કેમિકલ ઍન્ડ ફર્ટિલાઈઝર કંપનીના મૅનેજર છે. આ કંપની ગુજરાતની છે. આ કંપની દ્વારા પોટાશનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમણે પુરાવાનો નાશ કરવાના હેતુસર ખાતરની બૅગો કૂવામાં ફેંકી દીધી હોવાનું જાણવા મળ્યું છે.આ પ્રકરણે 20 જુલાઈએ એક એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.તેમાં આપેલી માહિતી અનુસાર, "18 જુલાઈ 2024ના દિવસે ભોકરદન તાલુકાના નિંબોલા શિવરા ગામમાંના સંતોષ લાંબેના કૂવામાંથી, ગુજરાતની સરદાર કેમિકલ ઍન્ડ ફર્ટિલાઈઝર કંપની દ્વારા ઉત્પાદિત પોટાશ ખાતરની 2,000 બૅગ મળી આવી હતી.""આ ખાતરથી પાકની વૃદ્ધિમાં અડચણ થતી



હોવાથી ખાતરની બધી બૅગ ગણેશ ગવતેના કહેવાથી કૂવામાં નાખવામાં આવી હોવાનું લાંબેએ જણાવ્યું હતું. સરકાર કેમિકલ ઍન્ડ ફર્ટિલાઈઝર કંપની પાસે ગુજરાત સરકારનું ખાતર ઉત્પાદનનું લાઈસન્સ છે. તેની પાસે મહારાષ્ટ્ર સરકારનું ખાતરના સંગ્રહનું અને વેચાણનું લાઈસન્સ પણ છે."એવી નોંધ એફઆઈઆરમાં છે. તેથી ભોકરદન તાલુકાના ખેતીવાડી અધિકારી રાજેશ તાંગડેએ સરદાર કેમિકલ ઍન્ડ ફર્ટિલાઈઝર કંપની તથા તેમના મૅનેજર ગણેશ ગવતે વિરુદ્ધ ભોકરદન તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તાંગડેએ ફરિયાદમાં જણાવ્યું હતું કે સતોના ગામમાં કપાસની ખેતીમાં સમસ્યાઓ આવી ત્યાર બાદ સાતોના ગામના ખેડૂતોની ફરિયાદોને કારણે ગણેશ ગાવતેએ આ ખાતર વિતરકો પાસેથી પાછું મંગાવી લીધું હોય અને પુરાવા નષ્ટ કરવાના હેતુસર તેને કૂવામાં ફેંકી દીધું હોય એવી શક્યતા છે.

## શબ્દોની સંતાકૂકડી 123

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | ■ | 4 | 5 | 6 |
| 7 | | | 8 | ■ | 9 | |
| 10 | | ■ | 11 | | ■ | |
| | ■ | 12 | | ■ | 13 | |
| ■ | 14 | | ■ | 15 | | ■ |
| 16 | ■ | 17 | | ■ | 18 | |
| 19 | | | ■ | 20 | | ■ |


**ઊભી ચાવી**

(1) ગૌરીવ્રતના છેલ્લા દિવસે કરવામાં આવે [4]
(2) લાવરી જાતનું એક પક્ષી [3]
(3) પરમેશ્વર, ખુદા [2]
(5) પદ્ધતિ [2]
(6) એક બાળપૂર્તિનું નામ [4]
(8) ઓડકાર [3]
(12) કોલાહલ [4]
(13) વગવસીલો [4]
(16) ગરીબ, નિર્ધન [2]

**આડી ચાવી**

(1) સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન [3]
(4) એક જાણીતા ગુજરાતી શાયર [3]
(7) ગોટાળો [4]
(9) અહીં ગત શબ્દ આડો અવળો થયો છે [2]
(10) રવિવારે શાળામાં હોય [2]
(11) દર્પણ [2]
(12) અવાજ [2]
(13) તક, મોકો [2]
(14) અણી [2]
(15) સગવડ, જોગવાઈ [2]
(17) ફૂલની માંજરનો સમૂહ [2]
(18) રોફ, મોભો [2]
(19) વાહ વાહ ભરેલું [3]
(20) વસંત ઋતુનો ઉત્સવ [2]

શબ્દોની સંતાકૂકડી-123નો ઉકેલ



## સુડોકુ કોયડો નં. 124

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | | | | 6 | 1 | | |
| | | 3 | 9 | | | | | 7 |
| | | 2 | 3 | | | 4 | | |
| 1 | | | | | | 7 | 9 | 8 |
| 5 | 3 | | | | | | 4 | |
| | | 7 | 4 | | | | | 1 |
| | 9 | | | 7 | 2 | | | |
| 4 | | | | | 8 | | 7 | 2 |
| | 2 | | 6 | | 3 | | 1 | 5 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-124નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 5 | 7 | 2 | 6 | 1 | 8 | 3 |
| 8 | 1 | 3 | 9 | 5 | 4 | 6 | 2 | 7 |
| 6 | 7 | 2 | 3 | 8 | 1 | 4 | 5 | 9 |
| 1 | 6 | 4 | 2 | 3 | 5 | 7 | 9 | 8 |
| 5 | 3 | 9 | 8 | 1 | 7 | 2 | 4 | 6 |
| 2 | 8 | 7 | 4 | 6 | 9 | 5 | 3 | 1 |
| 3 | 9 | 1 | 5 | 7 | 2 | 8 | 6 | 4 |
| 4 | 5 | 6 | 1 | 9 | 8 | 3 | 7 | 2 |
| 7 | 2 | 8 | 6 | 4 | 3 | 9 | 1 | 5 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## રાજકોટમાં મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે ભાજપ નેતાનો પુત્ર ઝડપાયો

### આપના ગોપાલ ઇટાલિયાએ રાજકીય પ્રહારો કર્યા

ગુજરાત | વંદન

સુરતમાં ડ્રગ્સનો કાળો કારોબાર ચલાવતો ભાજપનો કાર્યકર વિકાસ આહિર ઝડપાયા બાદ રાજકોટમાં ભાજપના આગેવાનના પુત્ર સહિત બે આરોપીઓ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ સાથે ઝડપાતા રાજકીય ક્ષેત્રે પણ ગરમાવો આવી ગયો છે. ગુજરાતમાં ડ્રગ્સના મામલે આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાએ ભાજપ પર પ્રહારો કરીને ગૃહમંત્રી હર્ષ સંઘવીને પણ આડે હાથે લીધા હતા.



રાજકોટમાં 23 જુલાઈ 2024ના રોજ એસઓજી(સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ)ના સ્ટાફને મળેલી ચોકકસ બાતમીના આધારે પીઆઈ જે.એમ. કૈલાએ 150 ફૂટ રીંગ રોડ પર ભક્તિધામ સોસાયટીમાં આવેલા ભક્તિધામ એપાર્ટમેન્ટનાં ફ્લેટ નં. 19માં દરોડો પાડી ટેબલ નીચે સંતાડાયેલા 98.54 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ફ્લેટ ધારક પાર્થ દેવકુભાઈ મકવાણા (ઉ.વ. 21) અને તેના મિત્ર સાહિલ ઉર્ફે નવાબ અયુબભાઈ સોઢા (ઉ.વ.24) રહે. ખોડીયારનગર શેરી નં. 15, એસટી વર્કશોપ પાસે, ગોંડલ રોડ)ને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી રૂ.9.85 લાખનું મેફેડ્રોન ડ્રગ્સ, બે મોબાઈલ ફોન, બે વજન કાંટા, ડ્રગ્સ જેમાં ભરીને વેચતા હતા તે પ્લાસ્ટીકની નાની-મોટી 107 જેટલી વેકયુમ પેક કોથળી, ચમચી અને બોક્ષ વગેરે મળી કુલ રૂ. 10.05 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

જસદણમાં તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે પાર્થના પિતા દેવકુભાઈ નિવૃત શિક્ષક છે અને હાલ જસદણ તાલુકા ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી છે. એસઓજીના સૂત્રોએ જણાવ્યું હતું કે પાર્થે બીસીએ સુધીનો અભ્યાસ કર્યો છે. તેણે મિત્ર સાહિલ સાથે મળી છેલ્લા પાંચેક મહિનાથી ડ્રગ્સનો કાળો કારોબાર શરૂ કર્યો હતો.

બંને આરોપીઓ જીમમાં જવાના શોખીન અને બોડી બિલ્ડર છે. આરોપીઓના મોટાભાગના ગ્રાહકો પણ જીમમાં જતાં યુવાનો કે જેમાં છાત્રો અને કોલેજીયનો પણ હોઈ શકે છે. પૂછપરછમાં બંને આરોપીઓ મુંબઈથી ખાનગી બસમાં ડ્રગ્સ લાવતા હોવાનું કહી રહ્યા છે. બંને આરોપીઓ મુંબઈથી ડ્રગ્સ લાવ્યાના ગણતરીના કલાકો બાદ એસઓજીની ઝપટે ચડી ગયા હતા. આરોપીઓ મોટાભાગે એક ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ રૂ.2200થી લઈ રૂ.2500માં વેચતા હતા. એકંદરે આરોપીઓને એક ગ્રામ ડ્રગ્સ ઉપર રૂ.700 થી 800નો નફો મળતો હતો. આરોપીઓને ગ્રાહકોના નામો મેળવવા અને મુંબઈમાં ડ્રગ્સ સપ્લાય કરનારાઓના નામો મેળવવા પોલીસે હવે તજવીજ શરૂ કરી છે. આરોપી પાર્થ મૂળ જસદણના પાંચવડા ગામનો વતની છે. તેના પિતા પણ ત્યાં જ રહે છે.

## ચલાલામાંથી ગેરકાયદેસર રેશનિંગનો જથ્થો ઝડપાયો

ગુજરાત | વંદન

ચલાલામાંથી એક ગોડાઉનમાંથી રેશનીંગનો જથ્થો ઝડપાયો હતો. અહીં મામલતદારની ટીમે ચેકીંગ કરતા 176 બોરી ચોખા, ઘઉં અને બાજરી ઝડપાઈ હતી. અહીંથી તંત્રએ રૂપિયા 337363નો જથ્થો ઝડપી પાડ્યો હતો. ફેરીયા મારફત જુદા જુદા વિસ્તારમાંથી રેશનીંગનો જથ્થો એકત્રીત કરી એક સ્થળે સંગ્રહ કરવામાં આવતો હતો. ધારીના મામલતદાર અક્ષર વ્યાસે જણાવ્યું હતું કે બે દિવસ પહેલા પ્રાંત અધિકારી એસ.ડી.જાડેજા દ્વારા ધારીના વેકરીયાપરા પાસે બે રીક્ષા ફેરી કરી રેશનીંગનો જથ્થો એકત્રીત કરતા ઝડપી પાડી હતી. તે રીક્ષાના ચાલકને પુછપરછ દરમિયાન આ મોટુ નેટવર્ક ઝડપાયું હતું.ચલાલા તેમજ આસપાસના ગામડામાંથી રેશનીંગનો માલ રોકડા પૈસા મારફત રેશનીંગ ધારકો પાસેથી જથ્થો ખરીદી કરી સંગ્રહ કરેલ જથ્થો ચલાલામાંથી ઝડપાયો હતો.

## મહેસાણામાં બની રહી છે અદ્યતન સુવિધાઓ સાથેની સિવિલ હોસ્પિટલ

### 30 ટકા કામ પૂર્ણ થયું, 300 બેડની બનશે હોસ્પિટલ

ગુજરાત | વંદન

મહેસાણામાં રૂ.૧૯૮ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ સાથેની ૭ માળની નવી સિવિલ હોસ્પિટલ બનાવવાનું કામ ૩૦ ટકા જેટલું પૂર્ણ થયું છે. ગુરુવારે ધારાસભ્યએ કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યાં હતાં. મહેસાણામાં ૬૩ વર્ષ જૂની સિવિલ હોસ્પિટલનું મકાન જર્જરિત થઈ જતાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૯૮ કરોડના ખર્ચે કોર્પોરેટ ઓફિસ જેવું અદ્યતન નવું મકાન મંજૂર કરાયું હતું.

જૂના મકાનને તોડીને જમીનદોસ્ત કર્યા બાદ એકાદ વર્ષ પહેલાં સાત માળનાં બે મકાન બનાવવાની કામગીરી શરૂ કરાઈ છે. જેમાં વિવિધ વોર્ડ, ઓપરેશન થિયેટરો, આઈસીયુ વોર્ડ સહિતની



સુવિધાઓ ઊભી કરાશે. સિવિલનું પોતાનું જ વીજ સબ સ્ટેશન, ફાયર સેફ્ટી સિસ્ટમ, ૯ જેટલી લિફ્ટ સહિતની સુવિધા પણ ઊભી કરાશે. ૩૦૦ બેડની હોસ્પિટલ મંજૂર કરાઈ છે, પરંતુ મકાનની ડિઝાઈન મુજબ ભવિષ્યમાં તેને ૪૦૯ બેડ સુધી વધારી શકાશે.હાલમાં એક ટાવરના ફાઉન્ડેશનમાં બેઝમેન્ટ અને ગ્રાઉન્ડફ્લોરનું આરસીસી વર્ક પૂર્ણ કરી પ્રથમમાળનું કામ શરૂ કરાયું છે. તો બીજા ટાવરનું બેઝમેન્ટનું કામ ચાલી રહ્યું છે ત્યારે ગુરુવારે ધારાસભ્ય મુકેશભાઈ પટેલે સિવિલની મુલાકાત લઈને નવા બિલ્ડિંગમાં બનનારા વોર્ડ વિભાગોના પ્લાન-નકશાનું નિરીક્ષણ કર્યું હતું અને કેટલાક જરૂરી ફેરફાર કરવા સહિતનાં સૂચનો પણ કર્યાં હતાં. ધારાસભ્યએ SNCU વિભાગની પણ મુલાકાત લીધી હતી. જે અગાઉ એક માળનું હતું, પરંતુ વધુ બે માળનું બાંધકામ કરાયું છે ત્યારે અહીં લિફ્ટની સુવિધા કરવા ધારાસભ્યએ સૂચના આપી હતી.

300 બેડની હોસ્પિટલ તૈયાર થતાં જ પ્રજાને તજજ્ઞ તબીબોની સેવા મળી રહે તે માટે ધારાસભ્ય મુકેશભાઈ પટેલે બેડની સંખ્યા મુજબનું મહેકમ મંજૂર કરવા આરોગ્યમંત્રીને ભલામણ કરી હતી.

## આવતા મહિને એક ગગનયાત્રી સ્પેસ સ્ટેશન પર જશે

■ સંસદમાં કેન્દ્રીય મંત્રીએ આપી જાણકારી

ગુજરાત | વંદન

ભારતના ગગનયાન મિશનની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. હવે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે ગગનયાન મિશનના ચાર અવકાશયાત્રીઓમાંથી એક ગગનયાત્રીને ઓગસ્ટમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર મોકલવામાં આવશે. ભારતીય સ્પેસ એજન્સી ISRO અને અમેરિકાની સ્પેસ એજન્સી NASA સંયુક્ત રીતે ઓગસ્ટમાં ભારતની ગગનયાત્રીને ISS પર મોકલશે.

ગુરુવારે TMC સાંસદ સૌગતા રોયે સંસદમાં એક પ્રશ્ન પૂછ્યો હતો, જેમાં સૌગતા રોયે લોકસભામાં ગગનયાન મિશન વિશે માહિતી માંગી હતી. આ પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) જિતેન્દ્ર સિંહે કહ્યું કે ગગનયાન મિશનના ક્રૂના એક સભ્યને ઈસરો અને નાસા વચ્ચેની સંયુક્ત કવાયતના ભાગરૂપે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર મોકલવામાં આવશે. આ મિશનમાં બંને સ્પેસ એજન્સીઓની



સાથે એક ખાનગી કંપની Axiom Space પણ સામેલ છે. તાજેતરમાં જ ISRO એ સ્પેસ ફ્લાઈટ માટે Axiom Space સાથે કરાર કર્યો હતો. ISRO-NASA અને Axiomનું સંયુક્ત મિશન ઓગસ્ટમાં લોન્ચ થઈ શકે છે. ગગનયાત્રી અમેરિકાના ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરથી અવકાશમાં જશે. ફેબ્રુઆરીમાં, ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગગનયાન મિશનના ચાર ગગનયાત્રી સભ્યોનો જાહેરમાં પરિચય કરાવ્યો હતો. ચારેય ગગનયાત્રી ભારતીય વાયુસેનાના ટોચના પાયલોટ છે, જેમાં ગ્રુપ કેપ્ટન બાલકૃષ્ણન નાયર, અજીત કૃષ્ણન, અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લાનો સમાવેશ થાય છે. હવે આ ચારમાંથી એક ગગનયાત્રીને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન મોકલવા માટે પસંદ કરવામાં આવી છે.

અનુસંધાન પેજ 04 પરથી...

### ઉત્સાહ ...

સબાક્નારાં ઊભા થઈ ગયાં. બચુને બે હાથે દુ:ખણા લેતાં, સાડલાને છેડે બાંધેલ એક સો'ની નોટ કાઢી, બચુના હાથમાં મૂકતાં બોલ્યાં, "લે બચુ તું તારે આજે ખુશીથી મારી વતી બપોરે ચા સાથે જલેબી ગાંઠિયા ખાજે, અને પછી ઓસરીની જાળીમાંથી દેખાતા શ્રીનાથજીના ગોખલા સામે, બે હાથ જોડી હરખાતાં બોલ્યાં, "હે વાસુદેવ, તમે તો આજે આ દુખિયારીનો ખોળો ઉત્સાહ આનંદથી છલકાવી દીધો!"

દીકરાના ઘરે પાંચ દીકરી પર દીકરો આવ્યો તેની ખુશીમાં દાંતે બજર દેવા, રંભામાએ જ્યાં હોઠ ખોલ્યાં, ત્યાં જ રંભામાના કાને ટપટપ નળ ટપકવાનો અવાજ પડયો.

અરે! આખરે બપોરે બે વાગ્યે કંઈ નળ આવતો હશે? હું પણ બાઈ ખરી છું! આમ આ ઉંમરે ધોળે દિવસે દિવાસ્વપ્ન જોવા કિયારથી માંડી! ફરી તેમના કાને નળ ટપકવાનો અવાજ જરા તીવ્રતાથી સંભળાયો. રંભામાએ કિચુડ કિચુડ કરતાં હિંડોળાને ક્ષણવાર માટે થંભાવી, કાન જરા બાથરૂમની મોરી તરફ માંડ્યા. થોડી વાર પહેલાં કાને જે ટપટપ ટપકવાનો અવાજ સંભળાતો હતો તે હવે વધારે તેજ ગતિથી ધાર સમો પડવાનો જણાતાં રંભામા હિંડોળેથી ઊભાં થઈ બાથરૂમ તરફ દોડ્યાં. તેમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

"અરે! હું આ શું જોઈ રહી છું? આજે ખરે બપોરે નળની પધરામણી થઈ ગઈ!" રંભામાએ પળનો પણ વિચાર કર્યા વગર, બાથરૂમના ખૂણામાં પડેલ એક બાલટીને લઈ નળ નીચે મૂકી દીધી અને પછી નળ આગમનના ખુશી સમાચાર આપવા ઓસરીના ખૂણે પડેલ લાકડી લઈને આખી સોસાયટીમાં નીકળી પડ્યાં. સોસાયટીમાં રંભામાને જે કોઈ નાનુંમોટુ મળે તેને બસ એક જ ખુશી સમાચાર આપવા માંડ્યાં. અરે! પાણી ભરવા માંડો આજે ઈશ્વરની ઈચ્છાથી ધોળે દિવસે લૉટરી લાગી ગઈ છે. સવારે આવતો નળ આજે બપોરે આવી ગયો!"

હાથમાં લાકડી લઈ હરખઘેલાં દોડે જતાં રંભામાએ ગેલરીમાં બેસી ઉનાળાની ગરમીથી અકળાઈને ઉઘાડા ડિલે છાપું વાંચતા શોભિતની નજરે ચઢી ગયાં, તેણે રંભામાને ઊભાં રાખી પૂછ્યું, "અરે! માડી, આજ આટલાં ખુશ થઈને કયાં દોડે જાવ છો?"

"અરે! દીકરા શોભિત, તું તારી વહુ કલ્પનાને કહે કે રોજ સવારે મોડી ઊઠવાથી ટેવાયેલી તું પાણી ભરવાનું ભૂલી જાય છે અને પછી દિવસ આખો મારો જીવ ખાતી, બે-પાંચ ડોલ મારા પીપડામાંથી ભરી જાય છે, તો આજે મારા વ્હાલાની મહેરબાનીથી નળ બપોરે આવી ગયો છે, તો બે-ચાર બેડાં કે ડોલ પાણી ભરીને તું તારે પછી નિરાંતે ટી.વી. જોજે. એટલે મારે પણ નિરાંત!"

એ જ વખતે રંભામાની નજર સોસાયટીના ચોકમાં પીપળા તળે એકલા એકલા ગોટી રમતાં અમિત પર પડી.

"એ અમિતિયા તારી મા શુશીલાને જઈને જલદીથી કહે કે, પછી નિરાંતે બપોરે સૂજે. આજે નળ બપોરે આવ્યો છે તો બે ચાર ઘડા પાણીના ભરી લે એટલે કારણ વગર સાંજે મારો જીવ ખાય નહીં અને તારા બાપ કાંતિને ગરમ રસોઈ કરી તો આજે જમાડે, બિચારો રોજ પાણીની મોકાણમાં ટાઢુંટપ ખાઈને સૂઈ જાય છે."

આખી સોસાયટીમાં નળ આવ્યાના ખુશી સમાચાર આપતાં, રંભામાને એ પણ ખ્યાલ ન રહ્યો કે સાંજના છ ક્યારે વાગી ગયા. હમણાં ઘરે જઈશ તો, અમૃતના બાપા હીંચકે બેઠા, બિચારા મારી ચિંતા કરતા હશે કે, રંભાગૌરી કયાં ગયા હશે? એ વિચાર સાથે રંભામાએ ઓસરીમાં આવી ઉત્સાહ ભેર હાથની લાકડીને રોજની જગ્યાએ એક ખૂણામાં મૂકી. હરખાતાં પાછા બાથરૂમ તરફ દોડ્યાં. જો બાલટી ભરાઈ ગઈ હોય અને નળ હજી આવતો હોય તો? બીજું કોઈ ખાલી વાસણ ભરવા મૂકી અમૃતના બાપા માટે બે ભાખરી ને બટેટા-રીંગણાંનું શાક ચૂલે ચઢાવી દઉં. ઘરમાં જો પાણી ભરેલું હશે તો મને નહીં તો અડોશીપડોશીને તો કામ આવશે!

રંભામાએ બાથરૂમની મોરીમાં આવીને જોયું તો? 'અરે ભગવાન' કરતાં કપાળ કૂટ્યું. "અરે! બાઈ હું પણ કેવી ભૂલકણી છું? નળ આવ્યાની ખુશીમાં, જોયા વિના ઉતાવળમાં અને ઉત્સાહમાં નળ તળે ભૂલથી કાણાવાળી બાલટી મૂકી, સોસાયટીને નળ આવ્યાના ખુશી સમાચાર દેવા દોડી ગઈ."

દુ:ખી મને, રંભામા પાછો નળ કાલે સવારે આવશે કે નહીં તેની ચિંતા કરતાં, ઓસરીના હિંડોળે બેઠાં ન બેઠાં અને ત્યાં જ રામજીબાપા બજારમાંથી ઘરે આવી ચઢ્યા. બાપાએ હાથમાં પકડેલ શાકથી ભરેલ બંને થેલીને ઓસરીના એક થાંભલી નીચે મૂકી, હળવેકથી રંભામાની બાજુમાં આવી હિંડોળે બેઠા. રંભામાએ હિંડોળેથી ઊભા થઈ માટલામાંથી ઠંડા પાણીનો ગ્લાસ ભરીને રામજીબાપાને હાથમાં આપ્યો. રામજી બાપાએ પાણીનો ગ્લાસ હોઠે માંડતાં રંભામાને પૂછ્યું, "અરે! રંભાગૌરી, ટપાલમાં આજે કોઈનો કાગળ પત્ર!: અને ત્યાં જ રંભામાને યાદ આવી ગયું કે, બપોરે બચુ ટપાલી ખુશી સમાચારથી ફાટફાટ થતું પોસ્ટકાર્ડ આપી ગયો છે. "અરે! અમૃતના બાપા, તમને શું કહું? આજે તો આપણે જેટલાં ખુશ થઈએ એટલાં ઓછાં છીએ. આપણાં વૈકુંઠના ઘરે દીકરાની પધરામણી થઈ છે."

નાના દીકરા વૈકુંઠના ઘરે, ઘણાં વરસો બાદ પાંચ દીકરી પર દીકરો આવ્યાના સમાચાર સાંભળી રામજીબાપા હરખાતા હિંડોળેથી કૂદી પડ્યા. આજુબાજુમાં નજર કરી, કોઈ જોતું તો નથીને! પછી રંભામાને બાથમાં લઈને બોલ્યા, "અરે! રંભાગૌરી, આખરે રણછોડરાયે આપણા સામું જોયું ખરું? હો?""અરે! અમૃતના બાપા, હું પણ કેવી ગાંડી છું! નાના દીકરાના ઘરે પાંચ દીકરી પર દીકરો આવ્યાના આવડા મોટા ખુશી સમાચાર સોસાયટીને આપવાના બદલે બપોરે ઓચિંતા આવી ચઢેલા નળમાં પાણીના સમાચારમાં જીવનના ખુશી સમાચાર દેવાના તો સાવ ભૂલી જ ગઈ."

પ્રીતમ લખલાણી|Opinion સૌજન્યથી

અનુસંધાન પેજ 01 પરથી...

### મુંબઈના

હું છેલ્લા ઘણા વર્ષોથી રહી રહ્યો છું. મને વિશ્વાસ છે કે, મને દરેક વર્ગના લોકોનું સમર્થન મળશે. સંજય પાંડે મુંબઈ પોલીસના કમિશનર રહી ચૂક્યા છે. તેમણે જણાવ્યું કે, મેં કોઈ પણ રાજકીય પક્ષનો સંપર્ક નથી કર્યો. હું પોતાનું રાજકીય સંગઠન બનાવીશ, જેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલી રહી છે. સંજય પાંડે સાથે કેટલાક વિવાદ પણ જોડાયેલા છે. વર્ષ 2022ના સપ્ટેમ્બર મહિનામાં કથિત ફોન ટેપિંગ મામલે તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ દિલ્હી હાઈકોર્ટમાંથી તેમને જામીન મળી ગયા હતા. તેઓ 1986 IPS બેન્ચના અધિકારી છે. તેમણે IIT કાનપુરથી અભ્યાસ કર્યો છે.

### યુપીના

પોલીસે તેની કેસ ડાયરીમાં તપાસ માટે નોંધી છે.દરોડા દરમિયાન ઝડપાયેલા પોલીસ કર્મચારીઓ અને તેમના દલાલોની પૂછપરછના આધારે આ વર્ણન તૈયાર કરવામાં આવ્યું છે. ધરપકડ કરાયેલા દલાલોએ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે તેમની ફરજ ભરૌલી ઈન્ટરસેક્શન અને કોરન્ટાડીહ ચોકી સામેથી પસાર થતી ટ્રકો પાસેથી વસૂલાતના નાણાં વસૂલવાની છે. આ વસૂલાત દરમિયાન મળેલી રકમની ડાયરીમાં નોંધ કરવામાં આવે છે, પરંતુ વસૂલાત દરમિયાન તે અમુક રકમ રજિસ્ટરમાં નોંધ્યા વિના પોતાના ખિસ્સામાં પણ રાખે છે. આવી સ્થિતિમાં દરેક બ્રોકર રોજના દોઢથી બે હજાર રૂપિયા કમાઈ લેતો હતો. એ જ રીતે, સ્થળ પરથી પકડાયેલા કોન્સ્ટેબલોએ જણાવ્યું કે આ બંને જગ્યાએ ઈન્સ્પેક્ટર પોતે રોજ સાંજે દલાલો અને કોન્સ્ટેબલોની ડ્યુટી કરે છે. અહીં ફરજ બજાવતા કોન્સ્ટેબલ કે હેડ કોન્સ્ટેબલ ખૂબ નસીબદાર છે. જો તે આ બેમાંથી કોઈપણ પોસ્ટ પર ડ્યુટી મેળવે છે તો તે કોન્સ્ટેબલ અથવા હેડ કોન્સ્ટેબલ એક રાતમાં ઓછામાં ઓછા 10 થી 15 હજાર રૂપિયા કમાય છે. આવી સ્થિતિમાં દરેક સૈનિક પોતાના પોલીસકર્મીને ડ્યુટી માટે રાજી કરતો રહે છે. તેવી જ રીતે, પોસ્ટ ઈન્ચાર્જ એટલે કે ઈન્સ્પેક્ટર પણ દરરોજ 20 થી 25 હજાર રૂપિયા કમાય છે. રાતોરાત વસૂલાત પછી, સમગ્ર રકમ ઈન્સ્પેક્ટર પાસે જમા કરવામાં આવે છે. કોન્સ્ટેબલથી સબ-ઈન્સ્પેક્ટરનો હિસ્સો લીધા બાદ આ રકમ 3 થી 3.5 લાખ રૂપિયાની આસપાસ રહે છે. આ રકમ ટકાવારી પ્રમાણે વહેંચવામાં આવે છે. આ ટકાવારી કેપ્ટનથી લઈને ઈન્સ્પેક્ટર સુધીની છે.

જપ્ત કરાયેલી ડાયરીમાં કેટલી ટકાવારી કેપ્ટનની છે અને કેટલી એડીશનલ એસપીથી સીઓ સુધીની છે તેની વિગતો મળી નથી, પરંતુ એટલી વિગતો છે કે તેના આધારે ગણતરી સરળતાથી કરી શકાય છે. નિવૃત્ત ડેપ્યુટી એસપી પીપી કરનવાલના જણાવ્યા અનુસાર, પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ દરમિયાન આવી વસ્તુઓ હંમેશા થાય છે. મોટી વાત એ છે કે તેમાં એવું કંઈ નથી જેની જિલ્લા પોલીસ વડાને જાણ ન હોય. બધું મુખ્યના જ્ઞાનથી અને તેની સંમતિથી થાય છે. તેમણે કહ્યું કે ક્રીમી પોલીસ સ્ટેશન અને પોસ્ટમાં માત્ર 'ખાસ' લોકોને જ નિયુક્ત કરવામાં આવે છે.

બીજી તરફ ખુદ બલિયા પોલીસના અત્યંત વિશ્વાસપાત્ર સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રકારની છેતરપિંડી કોઈપણ પોલીસ સ્ટેશન કે આઉટપોસ્ટ પર કોટવાલ કે આઉટપોસ્ટ ઈન્ચાર્જની પોસ્ટિંગથી શરૂ થઈ જાય છે. વાસ્તવમાં, બલિયામાં નરહી, બૈરિયા, મણિયાર, ઉભાં સહિત ઘણા પોલીસ સ્ટેશન છે, જેની ગણના ક્રીમી પોલીસ સ્ટેશનોમાં થાય છે. આ પોલીસ સ્ટેશનોમાં, માત્ર એવા પોલીસકર્મીઓને જ તૈનાત કરવામાં આવે છે જેઓ સૌથી વધુ એકમ રકમની ઓફર કરે છે અને પછી દર મહિને ઓછામાં ઓછી એક નોંધપાત્ર ઓફર કરવા માટે સંમત થાય છે. આ વ્યવસ્થા ઘણા સમયથી છે, જોકે એડીજી વારાણસી અને ડીઆઈજી આઝમગઢના દરોડામાં પહેલીવાર તેની પુષ્ટિ થઈ છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### શહેરની

હોસ્પિટલના યૂરોલોજી વિભાગ દ્વારા રેડિકલ પ્રોસ્ટેટેક્ટોમી (પ્રોસ્ટેટ કેન્સર), રેડિકલ સિસ્ટેક્ટોમી (મૂત્રાશયનું કેન્સર), કોમ્પ્લેક્સ આંશિક નેફ્રેક્ટોમી, આંશિક સિસ્ટેક્ટોમી, રેડિકલ નેફ્રેક્ટોમી (કિડની કેન્સર), પાયલોપ્લાસ્ટી, વેસિકોવેજિનલ ફિસ્ટ્યુલા વગેરે જેવી ૨૧૦૦થી વધુ લેપ્રોસ્કોપી સર્જરી કરવામાં આવી છે.

ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, થ્રી ડી લેપ્રોસ્કોપી સિસ્ટમ સિવિલ હોસ્પિટલના તમામ સર્જિકલ વિભાગો જેવા કે પીડિયાટ્રિક સર્જરી, ગાયનેકોલોજી, જનરલ સર્જરી વગેરે દ્વારા ઉપયોગમાં લેવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. થ્રી ડી લેપ્રોસ્કોપી સિસ્ટમ ડોક્ટરોને સર્જિકલ તાલીમમાં પણ ખૂબ જ મૂલ્યવાન સાબિત થશે. જે તાલીમાર્થીઓને વધુ સચોટ અને ઊંડાણપૂર્વક શીખવાનો અનુભવ પ્રદાન કરશે.

### ગુજરાત કેડરના

અપહરણકર્તાઓએ ઓટોરિક્ષા ચાલકના મોબાઈલ ફોન પરથી ફોન કરીને છોકરાની માતા પાસેથી 2 કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. છોકરાની માતાએ મદુરાઈ પોલીસને જાણ કરી. પોલીસે ત્રણ કલાકમાં છોકરાને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ભૂતપૂર્વ પોલીસ કોન્સ્ટેબલ સેંથિલકુમાર સહિત એક જૂથ, જે નોકરીમાંથી બરતરફ થયા બાદ મહારાજાની ગેંગમાં જોડાયા હતો, તેણે કથિત રીતે છોકરાનું અપહરણ કર્યું હતું. સેંથિલકુમારની તેના સહયોગીઓ અબ્દુલ કાદર, કલિરાજ અને વૈરામણી સાથે ધરપકડ કરવામાં આવી હતી. મદુરાઈ પોલીસે આઈએએસ અધિકારીની પત્ની અને મહારાજાની ધરપકડ કરવા માટે એક વિશેષ ટુકડીની રચના કરી હતી. દરમિયાન, મહિલા 22 જુલાઈના રોજ ગાંધીનગરમાં તેના પતિના ઘરે પરત આવી હતી કારણ કે પોલીસ તેને શોધી રહી હતી. જોકે IAS અધિકારીએ સ્ટાફને આદેશ આપીને તેને ઘરમાં ઘુસવા દીધી નહોતી, તેથી તેણે ઘરની બહાર ઝેર પીધું હતું.

સૂર્યાના ગેંગસ્ટર પ્રેમી હાઈકોર્ટ મહારાજાએ મદુરાઈ સ્થિત ફાઈનાન્સર પાસેથી રૂ. 75 લાખ ઉછીના લીધા હતા. મહારાજા જેલમાં ગયા પછી ફાયનાન્સરે મહિલા પર લોન ચૂકવવા દબાણ કરવાનું શરૂ કર્યું. સૂર્યાએ લોન ચૂકવવા માટે તેની રેસ્ટોરન્ટ અને પાર્લર વેચી દીધું. આ સિવાય તેણે પોતાના અંદાજે 10 લાખ રૂપિયાની જ્વેલરી પણ વેચી દીધી હતી. તેમ છતાં તે લોનની ચૂકવણી કરી શકી ન હતી. તે મહારાજાના ગુનાહિત ઈતિહાસથી અજાણ હતી અને લગભગ એક વર્ષ પહેલા બિઝનેસમાં ભાગીદારી કર્યા બાદ તેની સાથે સંબંધ બાંધ્યો હતો. મહિલાએ ઝેર પી લીધાની ઘટના પૂર્વ આયોજિત હતી કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. આ ઉપરાંત, તેઓ એ પણ શોધી રહ્યા છે કે એમ્બ્યુલન્સને સ્થળ પર કોણે બોલાવી હતી.

### 'અમારાં ઘરો

જમીનના વારસદારોએ આ ગામની જમીન પર પોતાની માલિકી બતાવીને લોન પણ લીધી છે તેવું અમને જાણવા મળ્યું છે."

જોકે, હવે આ જમીનનો સોદો રજિસ્ટર થઈ ગયો છે. તેથી માત્ર ટ્રિબ્યૂનલ પાસે જ આ સોદો રદ કરવાની સત્તા છે, મહેસૂલ અધિકારીની કચેરી પાસે તેની સત્તા નથી. મોરિયાએ જણાવ્યું કે, આ કેસની આગામી સુનાવણીમાં આ સોદો ડી-રજિસ્ટર કરીશું. જમીનની માલિકી કોની છે? ગાંધીનગર જિલ્લાના દહેગામમાં સર્વે નંબર 142ની જમીન ભીખાજી ઠાકોરના નામે નોંધાયેલી હતી. તેમણે આ જમીન રામાજી પૂંજાજી, મેરાજી મંગાજી, વીરાજી ધુળાજી અને જેસંગજી પૂંજાજીને 1987માં રૂપિયા 12,001માં વેચી હતી.

જ્યારે જમીનનો એક ભાગ રાયસિંગજી જવાનજી તેમજ અન્યોને રૂપિયા 11,000થી રૂપિયા 12,000 વચ્ચેના ભાવે વેચી દીધો હતો. રાજુ ઝાલાએ કહ્યું, "અમારા પરદાદાએ જમીન ખરીદ્યા પછી ત્યાં મકાનો બાંધ્યાં હતાં અને જેમ જેમ સમય વીતતો ગયો તેમ નવી પેઢીઓ એ જ જમીન પર તેમનાં મકાનો બાંધવા લાગી. આજે આ જમીન પર 88 પરિવારો રહે છે."

ભીખાજી ઠાકોરને ચાર સંતાન હતાં - કાંતાબહેન, કોકિલાબહેન, વિનોદકુમાર અને જસુજી ઠાકોર. જસુજી સિવાય તમામનાં નામ એફઆઈઆરમાં આરોપી તરીકે છે. અન્ય ત્રણ કથિત આરોપીઓ પાલીબહેન જસુજી, જયેન્દ્ર જસુજી અને નેહાબહેન જસુજી છે. આ તમામ જસુજીનાં સંતાનો છે અને ભીખાજીની ત્રીજી પેઢીના વંશજો છે.જમીન ખરીદનારાઓની બીજી પેઢીના રંગતસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, "અમારી પાસે વેચાણખત સહિતના તમામ દસ્તાવેજો છે. આ એક સત્તાવાર ગામ છે, જ્યાં સરકારે પીએમ આવાસ યોજના હેઠળ મકાનો પણ બનાવ્યાં છે."

ગામનો સોદો કેવી રીતે પાડી દીધો? બીબીસી સાથે વાત કરતા એસડીએમે જણાવ્યું કે, રેવન્યુ રેકૉર્ડમાં આ જમીન ભીખાજીના વંશજોના નામે કરી દીધા બાદ તેમણે રાજકોટના જસદણના રહેવાસી અલ્પેશ હીરપરાને જમીન વેચી દીધી છે. "તેમણે જમીનના ખોટા ફોટોગ્રાફ્સ રજૂ કર્યા હતા. તેમાં તેમણે ખાલી જમીનના ફોટોગ્રાફ અસલ જમીન તરીકે રજૂ કર્યા અને રજિસ્ટ્રાર સાથે છેતરપિંડી કરી છે."

જોકે, બીજી બાજુ ગામના રહેવાસીઓએ સબ-રજિસ્ટ્રાર ઑફિસ પર છેતરપિંડી ઓળખી ન શકવાનો અને બનાવટી તસવીરોના આધારે જમીનનો સોદો રજિસ્ટર કરવાનો આરોપ મૂક્યો હતો.

ઉલ્લેખનીય છે કે મહેસૂલી કાયદા પ્રમાણે જમીનના સોદાની નોંધણી કરતી વખતે મિલકતના વાસ્તવિક ફોટોગ્રાફ રજૂ કરવાના હોય છે.

રાજુ ઝાલાએ કહ્યું કે, "અમારા ગામમાંથી કોઈ વ્યક્તિ કોઈ કામ માટે સબ-રજિસ્ટ્રાર ઑફિસમાં ગઈ અને ત્યાં જોયું કે અમારું ગામ વેચાઈ ગયું છે. અમે તપાસ કરી તો જાણવા મળ્યું કે ખોટા ફોટોગ્રાફના આધારે વેચાણખત પર સહી કરવામાં આવી હતી."

"અમે અધિકારીઓને કહ્યું હતું કે સોદા પર સહી કરતી વખતે તેમને સબમિટ કરવામાં આવેલા ફોટોગ્રાફ્સ મુજબ તે ખાલી ખેતરની જમીન છે, પરંતુ વાસ્તવમાં સર્વે નંબર 142 એક ગામ છે અને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. જોકે, તેઓ આ બાબતે સહમત થયા અને પછી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી."

આ ઘટના બાદ ગુજરાતમાં રાજકીય ખળભળાટ મચી ગયો છે.કથિત છેતરપિંડીની આ ઘટના બાદ પોલીસે ફરિયાદ નોંધીને ચાર લોકોની ધરપકડ કરી હતી.પોલીસે તેમની વિરુદ્ધ IPCની કલમ 465, 467, 468, 471, અને 12(b) તેમજ રજિસ્ટ્રેશન એક્ટની કલમ 82 અને 83 હેઠળ કેસ નોંધ્યો છે. જગદીશ ઠાકોર સહિતના કૉંગ્રેસી નેતાઓએ આ ઘટનામાં ભાજપના નેતાઓ અને સરકારી અધિકારીઓની સંડોવણીનો આક્ષેપ કર્યો છે. (બીબીસી)

અનુસંધાન પેજ 12 પરથી...

### નેપાળમાં

નેપાળી કેરિયર્સને તેના એરસ્પેસમાંથી પ્રતિબંધિત કરી દીધો છે, એટલે કે નેપાળના મુખ્ય પર્યટન બજારોમાંના એક અને નેપાળના ઝડપથી વિકસતા ડાયસ્પોરા અને વિદ્યાર્થી સંગઠનનું ઘર એવા યુરોપમાં કોઈપણ નેપાળી એરલાઈનને ફ્લાઈટ્સ ચલાવવાની મંજૂરી નથી.

નેપાળી ટાઈમ્સનો લેખ એ પણ નિર્દેશ કરે છે કે 1962 થી જૂન 2022 ની વચ્ચે, 71 હવાઈ દુર્ઘટનાઓમાં 863 મૃત્યુ થયા હતા અને મોટાભાગના મૃત્યુ CFIT સાથે સંકળાયેલા અકસ્માતોને આભારી છે. લગભગ તમામ ગંભીર અકસ્માતો પર્વતીય માર્ગો પર અને મોટાભાગે ચોમાસા દરમિયાન થયા હતા.


નેપાળના પર્વતીય વિમાનમથકો પર ઉડવું - કેટલાકને ટેબલ-ટોપ એરફિલ્ડ તરીકે વર્ણવવામાં આવે છે - કપટી ભૂપ્રદેશ અને હવામાનને કારણે મુશ્કેલ છે. જો કે, તે નબળા નિયમનકારી દેખરેખ છે જેને મોટા ભાગના અકસ્માતોના વધારાના કારણો તરીકે એર ક્રેશ તપાસ અહેવાલોમાં ટાંકવામાં આવ્યા છે, જેઓ નેપાળની ફ્લાઈટ સલામતી પર નજીકથી નજર રાખે છે. ધ ટાઈમ્સના જણાવ્યા અનુસાર, લગભગ દરેક ભૂતકાળની તપાસમાં પર્વતોમાં દરેક સમયે ફ્લાઈંગ વીએફઆર (વિઝ્યુઅલ ફ્લાઈંગ રૂલ્સ) ના નિયમનના ઉલ્લંઘનને ક્રેશ થવાના પ્રાથમિક કારણ તરીકે દોષિત ઠેરવવામાં આવ્યો હતો .

અહીં એક કેસ છે. ક્રેશના બીજા દિવસે, કાઠમંડુ પોસ્ટે તેના ફ્રન્ટ પેજના સમાચારમાં ધ્યાન દોર્યું હતું કે,. વિમાન દુર્ઘટનામાં સૌથી મોટું એકમાત્ર પરિબળ માનવ ભૂલ છે. નેપાળના કિસ્સામાં, જેઓ જમીન પર છે તેઓ દેખરેખના અભાવ અને નાગરિક ઉડ્ડયનમાં આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રથાઓનું પાલન ન કરવા માટે થતી ભૂલો માટે વધુ જવાબદાર હોવાનું જણાય છે.

## સિગ્નેચર બ્રિજની પ્રથમ વરસાદે જ પોલ ખોલી

ગુજરાત | વંદન

દેવભૂમિ દ્વારકા જિલ્લાની વધુ એક આગવી ઓળખ સમાન સિગ્નેચર બ્રિજ (સુદર્શન સેતુ)ને થોડા મહિના પૂર્વે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકો માટે ખુલ્લો મુક્યો હતો. ત્યારે તાજેતરમાં પ્રથમ વરસાદે આ સિગ્નેચર બ્રિજમાં વ્યાપક ક્ષતિઓ સામે આવતા ભ્રષ્ટાચારના આક્ષેપો થઈ રહ્યા છે. વિશ્વ વિખ્યાત યાત્રાધામ દ્વારકાથી બેટ દ્વારકા તરફ જતા દરિયાઈ માર્ગ પર રૂપિયા 978 કરોડના ખર્ચે અત્યાધુનિક અને ખૂબ જ સુંદર દેખાતા સિગ્નેચર બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જેને સુદર્શન સેતુ નામ અપાયા સાથે આશરે પાંચેક માસ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેમના ડ્રીમ પ્રોજેક્ટ એવા આ સુદર્શન સેતુનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારની ખાસિયતો ધરાવતા અને બે તોતિંગ પિલ્લરના ટેકે તૈયાર કરવામાં આવેલા આ કેબલ બ્રિજનું એન્જિનિયરિંગ પણ કાબિલે દાદ હોવાના વખાણ સર્વત્ર કરવામાં આવ્યા હતા. પરંતુ જાણે હાલની પરિસ્થિતિમાં નસ્ત્રસોઢા સોનાની થાળીમાં લોઢાની મેખસ્ત્ર




જેવું ચિત્ર ખડું થયું છે. આ બ્રિજ પર બે ત્રણ જગ્યાએ નાના-મોટા ગામડા તેમજ પ્લાસ્ટર ઉખડી જવા અને રેલિંગને કાટ લાગવાના ફોટા તેમજ વિડિયો સોશિયલ મીડિયામાં વ્યાપક પ્રમાણમાં વાયરલ થઈ રહ્યા છે.

આટલું જ નહીં, રસ્તા પર લોખંડના સળિયા પણ દેખાઈ રહ્યા છે. ત્યારે કરોડો રૂપિયાના ખર્ચે નવા જ બનેલા સુદર્શન સેતુની ગુણવત્તા પર વ્યાપક સવાલો સાથે ભ્રષ્ટાચારના આક્ષેપો પણ થઈ રહ્યા છે.

ભારતમાં ચીનના વધુ મૂડીરોકાણને આવકારને પગલે સરકાર વિપક્ષના નિશાને આવી શકે છે

# ભારતને પરેશાન કરનાર ચીનમાંથી વધુ મૂડીરોકાણ આવે તો સરકારને વાંધો નથી

■ અમે ચીનના રોકાણના આર્થિક સમીક્ષાના સૂચનને નકારી રહ્યાં નથી'; નાણામંત્રી

ગુજરાત | વંદન




બજેટ રજૂ કર્યા પછી, નાણાંમંત્રી નિર્મલા સીતારમણે તેમની ટીમ સાથે પત્રકાર પરિષદમાં તેના વિશેષ પાસાઓને રજૂ કર્યા હતા અને સવાલોના જવાબો આપ્યા હતા. ૫. તેમણે ડેટ-જીડીપી રેશિયો ઘટાડવા અને બોલ્ડ ટેક્સ પગલાં અપનાવવાની સરકારની યોજના વિશે પણ વાત કરી તો તેની સાથે મહત્વપૂર્ણ રીતે એ બાબતનો પણ ખુલાસો કર્યો કે જો ચીનથી ભારતમાં સીધુ મૂડીરોકાણ આવે તો ભારત સરકારને કોઈ વાંધો નથી. તેમના આ નિવેદનને જોતા ભારતમાં ચીન તરફથી આગામી સમયમાં વધારેમાં વધારે એફડીઆઈમાં નાણાંપ્રવાહ ઠલવાય તો નવાઈ નહીં એમ આર્થિક બાબતોના જાણકારોનું માનવુ છે.

કેપિટલ ગેઈન ટેક્સ ઘટાડવાથી આવકમાં ઘટાડો થશે કે કેમ એવા એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, આવક માત્ર ટેક્સમાંથી જ આવતી નથી. કર ઉપરાંત, આવક PSU ડિવિડન્ડ, સંપત્તિના મુદ્રીકરણ અને નવા ક્ષેત્રોમાંથી પણ આવે છે. તેથી જ એકંદરે સારી આવક આવશે અને આવકમાં જે કમી છે તેની ભરપાઈ થશે.

મહેસૂલ સચિવે તેમાં ઉમેરો કરતાં કહ્યું કે, આનાથી આશરે રૂ. 37,000 કરોડની આવકને ફટકો પડશે. પ્રત્યક્ષ વેરામાં આશરે રૂ. 29,000 કરોડનો વધારો થશે પરંતુ પરોક્ષ કરમાં આશરે રૂ. 8,000 કરોડનું નુકસાન થશે. ડાયરેક્ટ ટેક્સમાં વધારો સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ, ડિવિડન્ડ ટેક્સ, બાયબેક જેવા પ્રસ્તાવોથી આવશે.

લગભગ રૂ. 4,000 કરોડ STT અને રૂ. 15,000 કરોડ કેપિટલ ગેઇન ટેક્સમાંથી પ્રાપ્ત થશે. તેવી જ રીતે, પરોક્ષ કરના મોરચે, સોના જેવી ઘણી ચીજવસ્તુઓ પરની કસ્ટમ ડ્યુટીમાં ઘટાડો થવાથી સરકારી તિજોરીને આશરે રૂ. 8,000 કરોડનું નુકસાન થશે. સ્ટાન્ડર્ડ ડિડક્શન અને આવકવેરામાં રાહત આપવાથી સરકારી તિજોરીને પણ થોડું નુકસાન થશે.

નાની બચતમાં ઘટાડાની આગાહી વિશેના સવાલના જવાબમાં નાણા સચિવે જણાવ્યું કે સંશોધિત અંદાજો અને નાણાકીય વર્ષ 2024ના વાસ્તવિક આંકડાઓ વચ્ચે થોડો ઘટાડો જણાય છે. આ ઘટાડાને ધ્યાનમાં રાખીને, અમે અનુમાન લગાવ્યું છે કે વર્તમાન નાણાકીય વર્ષમાં અમારી અપેક્ષાઓ પૂરી ન થઈ શકે. આના માટે અન્ય ઘણા પરિબળો જવાબદાર છે - શેરબજાર જેવા આપણા રોકાણનું આકર્ષણ ઘટ્યું છે, બેંક ડિપોઝીટના દર વધી રહ્યા છે. રાજકોષીય ખાધ ઘટાડવા માટે, અમે નિશ્ચિત મુદતની સિક્યોરિટીઝને બદલે મુખ્યત્વે ટ્રેઝરી બિલ સેગમેન્ટ ઘટાડવાનું નક્કી કર્યું છે. ટૂંકા ગાળાના ટ્રેઝરી બિલ્સમાં રોકાણ ઘટાડવાનો આ અમારો સભાન પ્રયાસ છે.

ચીનમાંથી એફડીઆઈ વિશે તમે શું વિચારો છો એવા સવાલ અંગે નાણામંત્રીએ કહ્યું કે, આર્થિક સર્વેક્ષણમાં ચીનના રોકાણ અંગેનો પરિપ્રેક્ષ્ય રજૂ કરવામાં આવ્યો છે. આજના સંજોગો પ્રમાણે રોકાણ ચીનમાંથી આવે કે અન્ય કોઈ પાડોશી દેશ, તેને ત્રણની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આર્થિક સર્વેએ સંકેત આપ્યો છે કે કદાચ હવે આપણા માટે વધુ દરવાજા ખોલવાનો સમય આવી ગયો છે. સમીક્ષા ભલે બજેટથી અલગ છે પરંતુ તેનો અર્થ એ નથી કે હું આ સૂચનને નકારી રહી છું.. અર્થાત નાણામંત્રીએ ઈશારો કર્યો કે આવનારા સમયમાં ચીનમાંથી કે અન્ય દેશમાંથી એફડીઆઈ આવે તો સરકારને કોઈ વાંધો નથી.

અત્રે નોંધનીય છે કે ચીન દ્વારા 4 વર્ષ પહેલા લદાખ મોરચે ગલવાન ઘાટીમાં ભારતના જવાનો પર એકાએક હુમલાઓ કરીને 20 જવાનોને મારી નાંખતા અને ભારતના જવાનોએ બદલારૂપે ચીનના 40 જવાનોના ઢીં ઢાળી દેતાં ચીન સાથેના સંબંધોમાં ખટાશ આવી છે. હજુ પણ ચીન ભારતને પરેશાન કરી રહ્યું છે તેવા સમયે ભારતમાં ચીનના વધુ મૂડીરોકાણના આવકારને પગલે સરકાર વિપક્ષના નિશાને આવી શકે છે.

FDI ઉદારીકરણ અંગે તેમણે કહ્યું કે, અમે 2014 થી ભારતમાં વ્યવસાય કરવાની સરળતા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે વિદેશી સીધા રોકાણ નીતિને ઉદાર બનાવવાનો સતત પ્રયાસ કરી રહ્યા છીએ. પહેલા તે જુદા જુદા ક્ષેત્રોમાં કરવામાં આવ્યું અને પછી તેને સ્વચાલિત પ્રક્રિયામાં અપનાવવામાં આવ્યું. જો જરૂરી હોય તો, અમે તેને વધુ સરળ બનાવીશું.

બિહાર અને આંધ્રપ્રદેશને વિશેષ સહાય આપવામાં આવી રહી છે તે બહુપક્ષીય વિકાસ સહાયના રૂપમાં 15,000 કરોડ રૂપિયાની રકમ આવી રહી છે. અમે આને બહુપક્ષીય બેંકો પાસેથી લોન તરીકે લઈશું. મેં એ ફકરાના અંતે એમ પણ કહ્યું છે કે સહાયમાં વધુ વધારો કરવામાં આવશે. ત્યાં કોઈ નિશ્ચિત રકમ નથી.

કરવેરા પ્રણાલીને સરળ બનાવવાની યોજના અંગે કહ્યું કે અમે ધીમે ધીમે સરળ કરવેરા પ્રણાલી તરફ આગળ વધી રહ્યા છીએ અને અલબત્ત જ્યારે આપણે આ વિશે વાત કરી રહ્યા છીએ, ત્યારે અમે કરનો બોજ ઘટાડવાની પણ વાત કરી રહ્યા છીએ. આમાં કોઈ નવો સંદર્ભ નથી પરંતુ એક સંદર્ભ છે જે ઘણા સમયથી છે. આવી સ્થિતિમાં અમે સમીક્ષા કરી રહ્યા છીએ. આનો અમલ ક્યારે અને કેવી રીતે થશે તે કહેવું ઘણું વહેલું છે. મેં છ મહિનાનો સમય આપ્યો છે.

ડિસઇન્વેસ્ટમેન્ટ વિશે એમ કહ્યું કે અમારી એકંદર ડિસઇન્વેસ્ટમેન્ટ પોલિસી મૂલ્ય નિર્માણ પર કેન્દ્રિત છે. અમે વિચારપૂર્વક ડિસઇન્વેસ્ટમેન્ટ કરી રહ્યા છીએ પરંતુ અમારું મુખ્ય ધ્યાન મૂલ્ય નિર્માણ પર છે. અમે જે પ્રાથમિક પાસાઓ જોઈએ છીએ તે છે: CPSE નું પ્રદર્શન, તેમનો મૂડી ખર્ચ અને ડિવિડન્ડ નીતિ. આ વર્ષે પણ અમે રૂ. 50,000 કરોડના ડિસઇન્વેસ્ટમેન્ટનું લક્ષ્ય નક્કી કર્યું છે.

# મોબાઈલ અને ચાર્જર પર ઓછી કસ્ટમ ડ્યૂટીનો કોઈ ફાયદો નહીં મળે: નિષ્ણાતો

■ બજેટમાં કસ્ટમ્સ ડ્યુટીમાં કાપથી કિંમતોની દ્રષ્ટિએ કોઈ નોંધપાત્ર ફેરફારની અપેક્ષા નથી

ગુજરાત | વંદન



નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા બજેટમાં મોબાઇલ ફોન, પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ એસેમ્બલી (PCBA) અને ચાર્જર્સ પર મૂળભૂત કસ્ટમ ડ્યુટી કાપની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, તેનો લાભ વપરાશકર્તાઓને મળે તેવી શક્યતા ખૂબ ઓછી છે.

નિષ્ણાતો કહે છે કે 95 ટકાથી વધુ સ્માર્ટફોન અને મોટી સંખ્યામાં ચાર્જર પહેલેથી જ સ્થાનિક રીતે એસેમ્બલ અથવા ઉત્પાદિત છે, તેથી બજેટમાં કસ્ટમ્સ ડ્યુટીમાં કાપથી કિંમતોની દ્રષ્ટિએ કોઈ નોંધપાત્ર ફેરફાર થવાની અપેક્ષા નથી, સિવાય કે કેટલીક તુલનાત્મક કિંમતો પર. ભારતમાં સંપૂર્ણ એસેમ્બલ ફોન તરીકે આયાત કરતી બ્રાન્ડ્સમાં લાભ મળી શકે.

Google Pixel અને iPhone Proના કેટલાક મોડલ જેવા સ્માર્ટફોનને આ સુધારાથી થોડો ફાયદો થવાની શક્યતા છે. જો કે, નિષ્ણાતો દલીલ કરે છે કે ભલે એપલને ડ્યુટી ઘટાડાનો સૌથી મોટો ફાયદો દેખાય છે, પરંતુ વાસ્તવમાં તેની ટેક્નોલોજી જાયન્ટ પર એટલી અસર નહીં થાય કે જેથી તે બજેટ જાહેરાતના પગલે કિંમતોમાં ઘટાડો કરી શકે.

ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશનના એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ નવકેન્દર સિંહ કહે છે, 'હું માનું છું કે એપલને આમાં વધુ ફાયદો છે પરંતુ તે એટલું નથી કે તમે એપલ પાસેથી કિંમતો ઘટાડવાની અપેક્ષા કરવાનું શરૂ કરો. આ અસર એવી હોઈ શકે છે કે થાઈલેન્ડ, દુબઈ અને અન્ય સ્થળોના માર્કેટમાં મોબાઈલ ફોનની ખરીદી અને વેચાણમાંથી નફાની પ્રક્રિયા બંધ થઈ શકે છે.

નાણાં પ્રધાને જાહેરાત કરી હતી કે મોબાઈલ ફોન, તેમના પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (PCB) એસેમ્બલી અને ચાર્જર્સ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી અગાઉના 20 ટકાથી ઘટાડીને 15 ટકા કરવામાં આવી છે. વિશ્લેષકો માને છે કે કટની મર્યાદિત અસર પડશે અને તેણે આવશ્યક ચીજવસ્તુઓ કે જેના માટે ભારત હજુ પણ નિકાસ પર નિર્ભર છે, જેમ કે બેટરી સેલ અને ડિસ્પ્લે મોડ્યુલ પેનલ્સ પરની ડ્યુટીને તર્કસંગત બનાવવાની હાકલ કરી છે.

# કેન્દ્રના કર્મચારીઓએ 7મા પગાર પંચથી જ સંતોષ માનવો પડશે

■ કેન્દ્ર સરકારનો ખુલાસો- 8મા પગાર પંચ માટે કોઈ દરખાસ્ત નથી

ગુજરાત | વંદન



22 જુલાઈથી શરૂ થયેલા બજેટ સત્રના પહેલા દિવસે સરકારે અન્ય એક મોટા મુદ્દા પર ચિત્ર સ્પષ્ટ કર્યું છે. જેમાં કેન્દ્રના લાખો કર્મચારીઓ અને જે રાજ્યોમાં કેન્દ્રના ધોરણે પગારો મળે એ રાજ્યોના કર્મચારીઓ માટે મહત્વનું એ છે કે વર્તમાન સરકારે 8મા પગારપંચની ના પાડી છે. નોંધનીય છે કે ગુજરાતમાં સરકારી કર્મચારીઓને કેન્દ્રના ધોરણે પગારો મળે છે. તેથી તેમણે પણ હવે રાહ જોવી પડે તેમ છે.

તેનો અર્થ એ કે કર્મચારીઓએ હવે સાતમા વેતન પંચ પ્રમાણે મળતા પગાર ધોરણો અને સમયાંતરે વધતાં મોંઘવારી ભથ્થાથી જ સંતોષ માનવો પડશે. કેન્દ્ર હાલમાં કર્મચારીઓના પગારધોરણોમાં વધારો કરવાના મૂડમાં નથી. જો 8મા વેતન પંચ પ્રમાણે પગારો આપવામાં આવે તો કર્મચારીઓને બખ્ખેબખ્ખા થઇ જાય.

કેન્દ્ર સરકારે જણાવ્યું કે, કર્મચારીઓના પગાર અને પેન્શનમાં સુધારો કરવા માટે 8મા કેન્દ્રીય પગાર પંચની રચના કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. લોકસભામાં એક લેખિત જવાબમાં નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે જૂન 2024માં 8મા કેન્દ્રીય પગાર પંચની રચના માટે બે ભલામણો મળી હતી, પરંતુ હાલમાં આવી કોઈ દરખાસ્ત સરકાર પાસે વિચારણા હેઠળ નથી.

# ભારતમાં કામના સ્થળે શ્રમિકોને ઈજાઓ થવાના બનાવોમાં વધારો નોંધાયો

■ જો કે સરેરાશ એક વ્યક્તિ હજુ પણ રોજના કામ પર પોતાનો જીવ ગુમાવી રહી છે:એજન્સી

ગુજરાત | વંદન



ભારતમાં ફરજ દરમ્યાન કામના સ્થળે શ્રમિકોને નાની-મોટી ઈજાઓ થવાની ઘટનાઓ સતત વધી રહી છે. નાણાકીય વર્ષ 2022માં આવી 9,889 ઘટનાઓ નોંધાઈ હતી, જ્યારે 2023માં તેમની સંખ્યા વધીને 10,733 થઈ ગઈ હતી. ગંભીર ઈજાના બનાવોમાં 33 ટકાનો વધારો થયો છે. તેમની સંખ્યા 907 નોંધાઈ હતી જે અગાઉ 679 હતી. આ માહિતી સંસ્થાકીય રોકાણકાર સલાહકાર સેવાઓ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આપવામાં આવી છે. આ એજન્સીએ નિફ્ટી-500 કંપનીઓના કામકાજ પર કરવામાં આવેલા વિશ્લેષણમાંથી આ જાણકારી બહાર આવી છે.

ખાસ વાત એ છે કે કાર્યસ્થળ પર ઈજાના બનાવો વધ્યા છે, પરંતુ મૃત્યુના બનાવોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ 2023 માં કાર્યસ્થળો પર 463 મૃત્યુ નોંધાયા હતા, જ્યારે નાણાકીય વર્ષ 2022 માં આ સંખ્યા 587 હતી. વધુ એક વાત, સરેરાશ એક કરતા વધુ વ્યક્તિ હજુ પણ રોજના કામ પર પોતાનો જીવ ગુમાવી રહી છે. નાણાકીય વર્ષ 2023 માં, નિફ્ટી 500 કંપનીઓ સાથે 1.04 કરોડ કર્મચારીઓ હતા. તેમાંથી લગભગ 40 લાખ કામદારો હતા, જ્યારે 64 લાખ કર્મચારીઓ હતા."કંપનીઓના બોર્ડ અને ટોચના મેનેજમેન્ટ ભાગ્યે જ કામના સ્થળે કર્મચારીઓની સલામતી અને કલ્યાણ વિશે ચિંતિત હોય છે," IIAS નિવેદનમાં જણાવાયું છે. ભારતમાં કંપનીઓએ બિઝનેસ રિસ્પોન્સિબિલિટી એન્ડ સસ્ટેનેબિલિટી રિપોર્ટિંગ પર સલામતી ડેટા પ્રકાશિત કરવાનું શરૂ કર્યું ત્યારથી આ પ્રકારનો પ્રથમ અભ્યાસ છે. આ અભ્યાસ આરોગ્ય અને સલામતી તાલીમ અને કાર્યસ્થળની ઈજાઓ અને મૃત્યુ વચ્ચે સીધો સંબંધ દર્શાવે છે.

અભ્યાસ મુજબ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ) માં પ્રશિક્ષિત કર્મચારીઓની સંખ્યા નાણાકીય વર્ષ 2022 માં 36 ટકાથી વધીને નાણાકીય વર્ષ 2023 માં 41 ટકા થવાની ધારણા છે, જ્યારે ખાનગી ક્ષેત્રમાં આવા કર્મચારીઓની સંખ્યા 67 પ્રતિ ટકાથી 71 ટકા છે.

ખાનગી કંપનીઓમાં કામ સંબંધિત ગંભીર ઈજાઓના કેસ નાણાકિય વર્ષ 22 માં કંપની દીઠ 2.4 થી ઘટીને FY23 માં 1.7 થયા છે. જ્યાં સુધી પીએસયુનો સંબંધ છે, તેમની સંખ્યા પ્રતિ કંપની 2.1 થી ઘટીને 1.3 થઈ ગઈ છે.

અમિત ટંડન, મેનેજિંગ ડિરેક્ટર અને CEO કહે છે, "સ્વાસ્થ્ય અને સલામતીનો ડેટા એકત્ર કરતી કંપનીઓ માત્ર નિયમનકારી જરૂરિયાત નથી પણ તેમના કર્મચારીઓની સલામતી અને ટકાઉ વિકાસ માટેની નૈતિક જવાબદારી પણ છે. કંપનીમાં સલામત વાતાવરણ માત્ર કુશળ કર્મચારીઓને જાળવી રાખવામાં જ મદદ કરતું નથી પણ નવા વ્યાવસાયિકોને પણ આકર્ષે છે.

# રિલાયન્સને ફરીથી વેનેઝુએલામાંથી ક્રૂડ ઓઈલ આયાતની મંજૂરી આપવામાં આવી

■ વેનેઝુએલાથી ભારતના ક્રૂડ ઓઈલની આયાતમાં રિલાયન્સનો હિસ્સો લગભગ 90% છે

ગુજરાત | વંદન



બ્લૂમબર્ગના એક અહેવાલ મુજબ, રિલાયન્સને અમેરિકી પ્રતિબંધો છતાં વેનેઝુએલાથી ખનિજતેલની આયાત (ક્રૂડ ઓઈલ) ફરી શરૂ કરવા માટે વ્હાઈટ હાઉસની મંજૂરી મળી છે.

સૂત્રના જણાવ્યાં અનુસાર, ભારતની સૌથી મોટી ખાનગી માલિકીની રિફાઈનર કંપની ટૂંક સમયમાં વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું શરૂ કરવાની યોજના ધરાવે છે. ડેટા ઈન્ટેલિજન્સ ફર્મ Kpler અનુસાર, ગયા વર્ષે પ્રતિબંધો હટાવ્યા પછી, વેનેઝુએલાથી ભારતના ક્રૂડ ઓઈલની આયાતમાં રિલાયન્સનો હિસ્સો લગભગ 90% હતો.અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે યુએસ ટ્રેઝરીએ ઔપચારિક રીતે આ અંગે રાબેતા મુજબ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો, અને રિલાયન્સે પણ રાબેતા મુજબ ટિપ્પણી માંગતી ઈમેઈલનો જવાબ આપ્યો ન હતો.

પ્રમુખ નિકોલસ માદુરો અને વિપક્ષે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીની બાંયધરી આપવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા પછી યુએસએએ ગયા વર્ષે દક્ષિણ અમેરિકન રાષ્ટ્રના સોના અને તેલ ક્ષેત્રો પરના પ્રતિબંધો હંગામી ધોરણે હટાવ્યા હતા.

વેનેઝુએલા કરારનું સન્માન કરવામાં નિષ્ફળ ગયા પછી એપ્રિલમાં ફરીથી પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, અને તેલ કંપનીઓ ત્યાં વેપાર ચાલુ રાખવા માટે યુએસ ટ્રેઝરી વિભાગ પાસેથી પરમિટ માટે અરજી કરી રહી છે.

વેનેઝુએલાની ક્રૂડ ઓઈલની નિકાસ જૂનમાં વધીને 654,000 બેરલ પ્રતિ દિવસ થઈ છે, જે એપ્રિલ 2020 પછી સૌથી વધુ છે, કારણ કે યુએસએ પ્રતિબંધો છતાં દેશમાં ડ્રિલિંગ ચાલુ રાખવાનું વિશિષ્ટ લાઈસન્સ આપ્યું છે.રિલાયન્સ ઉપરાંત, ONGC વિદેશ લિમિટેડ, ભારતની સરકારી માલિકીની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશનની વિદેશી રોકાણ શાખાએ પણ વેનેઝુએલામાંથી ક્રૂડ ઓઈલની આયાત કરવા માટેની અરજી કરી છે.

# ડાયરેક્ટ ટેક્સ અપીલના ઝડપી નિકાલ માટે 'વિવાદ સે વિશ્વાસ' યોજના શરૂ થશે

■ યોજના સંબંધિત પૂછાતા પ્રશ્નો અંગે સૂચના પણ બહાર પડાશે. સીબીડીટી

ગુજરાત | વંદન



આવકવેરા વિભાગ દ્વારા કરદાતાઓ માટે ઘણી જાહેરાતો કરવામાં આવે છે. હવે ફરીથી કરદાતાઓ માટે નવું અપડેટ જારી કરવામાં આવ્યું છે. આ અંગે સીબીડીટીના ચેરમેન રવિ અગ્રવાલ કહે છે કે આ વર્ષથી ડાયરેક્ટ ટેક્સ અપીલના ઝડપી નિકાલ માટે તમામ કરદાતાઓ માટે 'વિવાદ સે વિશ્વાસ' યોજના શરૂ કરવાની યોજના છે.

સીબીડીટીના ચેરમેન રવિ અગ્રવાલે કહ્યું કે આ અંગે ટૂંક સમયમાં નોટિફિકેશન જારી કરવામાં આવશે. ડાયરેક્ટ ટેક્સ એડમિનિસ્ટ્રેશનના વડાએ એક નિવેદન જારી કરીને કહ્યું કે ટેક્સ સંબંધિત વિવિધ પ્લેટફોર્મ પર મોટી સંખ્યામાં અપીલ દાખલ કરવામાં આવે છે. તેને ધ્યાનમાં રાખીને આ યોજના શરૂ કરવામાં આવી છે. જેથી કરદાતાઓને તેમની સમસ્યાઓનો વહેલી તકે ઉકેલ મળી શકે.

'વિવાદ સે વિશ્વાસ' યોજના આવકવેરા શ્રેણી હેઠળ શરૂ કરવામાં આવેલી પ્રથમ યોજના છે, જે વર્ષ 2020 માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના તદ્દન સફળ માનવામાં આવે છે. લગભગ એક લાખ કરદાતાઓએ આ યોજનાનો લાભ લીધો છે. આના દ્વારા 75,000 કરોડની આવક પણ પ્રાપ્ત થઈ છે.

31 ડિસેમ્બરથી કરદાતાઓ વિવાદ સે વિશ્વાસ યોજનાનો વિકલ્પ પણ પસંદ કરી શકશે. આ યોજનાને લગતા વારંવાર પૂછાતા પ્રશ્નો અંગે ટૂંક સમયમાં સૂચના પણ બહાર પાડવામાં આવશે.

બજેટ રજૂ કરતી વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ભાષણમાં કહ્યું હતું કે ટેક્સ સંબંધિત અપીલોનો શક્ય તેટલો જલ્દી નિકાલ થવો જોઈએ. જેના માટે યોજના શરૂ કરવા અંગે વિચારણા કરવાની જરૂર છે.

# ગૂગલ પોતાના મેપ્સમાં 'ફ્લાયઓવર કોલઆઉટ' ફીચરનો સમાવેશ કરશે

■ ભારતના 40 શહેરોમાં પુલો ક્યાં ક્યાં છે, ગૂગલ મેપ્સ જણાવશે...

ગુજરાત | વંદન




થોડા દિવસો પહેલા જ ગૂગલે ડેવલપર્સ માટે ગૂગલ મેપ્સ એપ્લીકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસની કિંમતમાં 70%નો ઘટાડો કર્યો હતો. હવે અમેરિકન ટેક્નોલોજી કંપની આ સપ્તાહના અંતમાં 40 ભારતીય શહેરોમાં એન્ડ્રોઇડ યુઝર્સ માટે ગૂગલ મેપ્સમાં 'ફ્લાયઓવર કોલઆઉટ' ફીચર લોન્ચ કરવા માટે તૈયાર છે. કંપનીના એક અધિકારીએ કહ્યું કે આ એન્ડ્રોઇડ યુઝર્સ દ્વારા સૌથી વધુ વિનંતી કરાયેલ ફીચર છે. આ સુવિધા iOS વપરાશકર્તાઓ માટે પછીની તારીખે ઉપલબ્ધ થશે.ગૂગલ મેપ્સ ઈન્ડિયાના જનરલ મેનેજર લલિતા રામાણીએ જણાવ્યું હતું કે ફોર-વ્હીલર ચાલકોને સાંકડા રસ્તાઓથી દૂર રહેવામાં મદદ કરવા માટે ગૂગલ 'નેરો રોડ્સ' ફીચર પણ લોન્ચ કરશે. લલિતા રામાણીએ વધુમાં જણાવ્યું હતું કે ફ્લાયઓવર ગાઈડન્સ એ અમારા યુઝર્સ દ્વારા સૌથી વધુ વિનંતી કરાયેલ ફીચર છે. અમે તમારા નેવિગેશન અનુભવમાં 'ફ્લાયઓવર કોલઆઉટ્સ'ને એકીકૃત કરી રહ્યાં છીએ. આનાથી યુઝર્સને તેમના માર્ગે આવતા ફ્લાયઓવરની આગાહી કરવામાં મદદ મળશે. તે આ અઠવાડિયે શરૂ થતા એન્ડ્રોઇડ મેપ્સ અને એન્ડ્રોઇડ ઓટો સાથે અને બાદમાં iOS અને કારપ્લેમાં ઉપલબ્ધ થશે.લલિતા રામાણીએ જણાવ્યું હતું કે જ્યારે યુઝર્સ રસ્તાની પહોળાઈનો અંદાજ લગાવીને ફોર-વ્હીલર મોડ પસંદ કરે છે ત્યારે શક્ય હોય ત્યાં સાંકડા રસ્તાઓ ટાળવા માટે ગૂગલે તેના હાલના AI રૂટીંગ મોડલને કસ્ટમાઇઝ કર્યું છે.

# જો બધુ સમુસૂતરૂ પાર પડે તો ભારતમાં દરેકને મફત ઈન્ટરનેટ મળશે..!

■ સરકાર નાગરિકોને મફત ઈન્ટરનેટનો અધિકાર આપવા માંગે છે, મંજૂર થાય ત્યારે ખરૂ...

ગુજરાત | વંદન



જૂનના અંતિમ સપ્તાહમાં દેશની ત્રણ ટેલિકોમ કંપનીઓ રિલાયન્સ જિયો, એરટેલ અને વોડાફોન આઈડિયાએ તેમના ટેરિફમાં 25 ટકાનો વધારો કર્યો છે. પરંતુ સરકારે આ ખર્ચાળ સંશોધનને રોકવા માટે પહેલ કરવાનું શરૂ કર્યું છે.

જેમાં સરકારે એક ખાનગી પ્રસ્તાવને મંજૂરી આપી છે જે દેશના દરેક નાગરિકને મફત ઈન્ટરનેટનો અધિકાર આપવા માંગે છે, સાથે સાથે એ સુનિશ્ચિત કરે છે કે દૂરના વિસ્તારોમાં રહેતા લોકોને ઈન્ટરનેટની સુવિધા મળી શકે. આ દરખાસ્ત જણાવે છે કે કોઈપણ નાગરિક કોઈપણ પ્રકારની ફી અથવા ખર્ચ ચૂકવવા માટે જવાબદાર રહેશે નહીં જે તેને અથવા તેણીને ઈન્ટરનેટ સુવિધાઓનો ઉપયોગ કરવાથી અટકાવી શકે.

આ બિલ ડિસેમ્બર 2023માં સીપીએમ સાંસદ વી શિવદાસન દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના બુલેટિન મુજબ, ટેલિકોમ પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ રાજ્યસભાના મહાસચિવને જાણ કરી છે કે રાષ્ટ્રપતિએ બિલ પર વિચાર કરવાની ભલામણ કરી છે.

આ એક ખાનગી ખરડો હોવાથી તેમાં જોગવાઈ છે કે જ્યારે કોઈ પણ સાંસદ સરકારી તિજોરીમાંથી નાણાં ખર્ચે તેવા ખરડાને લાવવા ઈચ્છે ત્યારે તે બિલ સંસદમાં વિચારણા માટે રાષ્ટ્રપતિની પરવાનગી લેવી પડે છે.

બિલમાં કહેવામાં આવ્યું છે કે દરેક નાગરિકને મફતમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવાનો અધિકાર હશે. તમામ નાગરિકોને ઈન્ટરનેટ આપવાની સાથે સાથે સરકાર એ પણ નક્કી કરશે કે દેશના પછાત અને દૂરના વિસ્તારોમાં પણ નાગરિકોને ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવે.

બિલનો હેતુ દેશના તમામ નાગરિકોને મફત ઈન્ટરનેટ આપીને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના બંધારણીય અધિકારનો વિસ્તાર કરવાનો છે. બિલનો ઉદ્દેશ્ય સમાજમાં રહેલા ડિજિટલ વિભાજનને દૂર કરવાનો પણ છે. અલબત આ ખરડો સંસદમાં ક્યારે આવશે અને ક્યારે મંજૂરી મળશે તે હજુ નક્કી નથી. પણ સૂઓના મતે, શક્ય છે કે વર્તમાન સત્રમાં ખરડો આવી શકે.

# ફેરફાર: 1ઓગસ્ટથી પૈસા સંબંધિત કેટલાક નિયમો બદલાવા જઈ રહ્યા છે

■ HDFC બેંક ક્રેડિટ કાર્ડના ઉપયોગ પર ટ્રાન્ઝેક્શનની રકમ પર 1 ટકાનો ચાર્જ લેશે

ગુજરાત | વંદન




ભારતના મધ્યમ વર્ગને દર મહિને નવા ખર્ચાઓને કારણે પોતાના ખિસ્સા ખાલી કરવા પડે છે. ક્યારેક તેઓ પોતાના શોખ પૂરા કરવા માટે આવું કરે છે તો ક્યારેક કેટલાક નિયમોમાં ફેરફારને કારણે તેમને પોતાના ખિસ્સા ખાલી કરવા પડે છે.

ભારત જેવા મોટા દેશમાં દર મહિને નિયમો બદલાય છે. આ દિશામાં ઓગસ્ટ મહિનાથી પૈસા સંબંધિત કેટલાક નિયમો બદલાવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ તે નિયમો, જેથી તમે જાણી શકો કે આવનારા મહિનામાં તમારે કેટલા પૈસા ખર્ચવા પડશે.

HDFC બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતા ગ્રાહકો માટે 1 ઓગસ્ટથી નવા નિયમો લાગુ કરવા જઈ રહી છે. આ ફેરફારો વિવિધ વ્યવહારોને અસર કરશે, જેમાં ભાડા, શિક્ષણ અને ઉપયોગિતા બિલો માટે થર્ડ પાર્ટી એપ્સ દ્વારા કરવામાં આવેલા વ્યવહારો સહિત. 1 ઓગસ્ટથી, CRED, PayTM, Cheq, MobiKwik અને Freecharge જેવી થર્ડ પાર્ટી પેમેન્ટ એપની મદદથી HDFC બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવતા તમામ ભાડા વ્યવહારો પર ટ્રાન્ઝેક્શનની રકમ પર 1 ટકાનો ચાર્જ લાગશે. આ ચાર્જ પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂ. 3,000 સુધી મર્યાદિત રહેશે. આ સિવાય 50 હજાર રૂપિયાથી વધુના યુટિલિટી ટ્રાન્ઝેક્શન અને 15 હજાર રૂપિયાથી વધુના ફ્યુઅલ ટ્રાન્ઝેક્શન પર પણ 1 ટકા ચાર્જ ચૂકવવો પડશે. ઉપરાંત, HDFC બેંક ક્રેડિટ સ્ટેટમેન્ટ માટે રિવાર્ડ પોઈન્ટ રિડીમ કરવા પર રૂ. 50નો ચાર્જ વસૂલે છે. જો તમે આ રિડેમ્પશન ચાર્જ ટાળવા માંગતા હો, તો તમારે 1 ઓગસ્ટ પહેલા તમારા પૉઈન્ટ રિડીમ કરવા જોઈએ.

ગૂગલ મેપ 1 ઓગસ્ટથી ભારતમાં તેના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહ્યું છે. કંપનીએ ભારતમાં તેના સર્વિસ ચાર્જમાં 70 ટકાનો ઘટાડો કર્યો છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# global festival : કુદરતના ખોળે.. તહેવારોના મેળે...

ઉત્સવો દરેક સંસ્કૃતિનો નિર્ણાયક ભાગ માનવામાં આવે છે. જે કેટલાય યુગોથી ચાલતા આવ્યા છે. એમાં જ્યારે ઘણા તહેવારોના મૂળ ધર્મ અને પરંપરામાં રહેલા છે, ત્યારે ઘણા તહેવારો પ્રકૃતિની ઉજવણી અને પ્રશંસા કરવા માટે ઉજવવામાં આવે છે. જળ વાયુ અને આબોહવા પરિવર્તનના વધતા ખતરા જેવી પ્રકૃતિક ઘટનાઓ માટે યોગ્ય જાગૃતિની અત્યંત આવશ્યકતા હોય છે. જેથી આવા તહેવારો લોકો માટે પર્યાવરણીય રીતે વધુ જાગૃત અને સાવધ બનવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કરી શકે છે. વન્યપ્રાણી પ્રવાસોથી લઈને સંરક્ષણની વાતો સુધી, આ પ્રકૃતિ ઉત્સવો તમને પરિવર્તન લાવવા અને ત્યાંથી બહાર નીકળવા અને ગ્રહ માટે કંઈક સારું કરવા માટે પ્રેરિત કરવાની અનુભૂતિ ચોક્કસ કરે છે. અહીં વિશ્વભરના નવ અગ્રણી પર્યાવરણીય તહેવારો છે જે કુદરતી વિશ્વની સુંદરતા અને મહત્વને શ્રદ્ધાંજલિ આપે છે.

## 1. ઇકોઝ ઓફ અર્થ




એ ભારતનો પહેલો ઈકોલોજીકલ રીતે રચાયેલ સંગીત ઉત્સવ છે. આ ઉત્સવ એક બહુ-શૈલીનો, બે દિવસનો કાર્યક્રમ છે જે ભારતીય અને આંતરરાષ્ટ્રીય સંગીતકારો અને કલાકારોને તેઓ જે શ્રેષ્ઠ કરે છે તે કરવા માટે પ્રાકૃતિક પ્રકૃતિના ખોળામાં એકસાથે આવવાનું સ્વાગત કરે છે. ગોવામાં આ ફેસ્ટિવલ દર વર્ષે યોજાય છે.

## 2. "યેહલિયુ સ્ટોન એન્ડ લાઇટ - વિઝિટિંગ ધ ક્વીન એટ નાઇટ", યે લિયુ, તાઇવાન



તાઈવાનમાં આવેલ યેહલીયુ જીઓપાર્ક તેના અનન્ય ભૂસ્તરશાસ્ત્રીય લેન્ડસ્કેપ્સ અને ઉચ્ચ મનોરંજન ગુણવત્તા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત છે. "યેહલીયુ સ્ટોન એન્ડ લાઈટ - વિઝીટીંગ ધ ક્વીન એટ નાઈટ" રાત્રે વિચિત્ર ખડકાળ લેન્ડસ્કેપ જોવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે લાઈટ અને થીમ્સ દ્વારા સહાયિત છે. ઈવેન્ટમાં લેન્ડસ્કેપ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને કલા પ્રદર્શન અને પર્યાવરણીય શિક્ષણ જેવી પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવી છે.

## 3. લા નેચર ફેસ્ટિવલ, બેલ્જિયમ



બેલ્જિયન આર્ડેનના સુંદર જંગલમાં ઊંડે કુદરતના હૃદયમાં વસેલું એક ઘનિષ્ઠ કલા, સંગીત અને સુખાકારી ઉત્સવ, લા નેચર ફેસ્ટિવલ એ છે જેની ઓછામાં ઓછી એક વાર મુલાકાત લેવાની જરૂર છે. આ ફેસ્ટિવલ સહભાગીઓ માટે ટિકિટ, ભોજન અને આવાસ સહિત બજેટ પેકેજ ઓફર કરે છે.

## 4. મડેઇરા ફ્લાવર ફેસ્ટિવલ, ફંચલ, પોર્ટુગલ



દર મે મહિનામાં મડેઈરા ફ્લાવર ફેસ્ટિવલની શરૂઆત સાથે, ફંચલ ફૂલોની સુગંધ અને હજારો મુલાકાતીઓનો આનંદની અનુભૂતિ કરે છે. બાળકો 'વૉલ ઑફ હોપ' પર ફૂલો મૂકે છે અને ઈવેન્ટ દરમિયાન શેરીઓમાં ફૂલોની કાર્પેટ બિછાવે છે. ફિએસ્ટા ફ્લાવર ફેસ્ટિવલ ફ્લોટ પરેડ સાથે સમાપ્ત થાય છે, જેમાં તમામ ઉંમરના એક હજારથી વધુ સહભાગીઓ ભાગ લે છે. આ તહેવાર પ્રકૃતિના જોમને ઉજવે છે.

## 5. બર્નિંગ મેન ફેસ્ટિવલ, નેવાડા, યુએસએ



નેવાડાના બ્લેક રોક ડેઝર્ટમાં વાર્ષિક ધોરણે આયોજિત, બર્નિંગ મેન એ એક સપ્તાહ-લાંબી સમુદાય આધારિત ઈવેન્ટ છે જે કલા, સ્વ-અભિવ્યક્તિ અને આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉત્સવનું નામ તેની પરાકાષ્ઠાના પ્રસંગ પરથી પડ્યું છે, અંતિમ રાત્રે "ધ મેન" ની વિશાળ લાકડાની રચનાને બાળી નાખવાથી. આ ઉત્સવ સહભાગીઓને કુદરતી વાતાવરણ અને રણની આસપાસના વાતાવરણ સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરે છે.

## 6. ફ્લોરિડ ફ્લાવર ફેસ્ટિવલ, ઓસ્ટ્રેલિયા



ફ્લોરિડ એ એક ફૂલ અને મનોરંજન ઉત્સવ છે જે દર વર્ષે કેનબેરાના કોમનવેલ્થ પાર્કમાં લેક બર્લી ગ્રિફિનના કિનારે યોજાય છે. આ ઉત્સવ બાગાયત અને કલાનું મિશ્રણ પ્રદાન કરે છે, જેમાં મનમોહક ફ્લાવર બેડ ડિઝાઈન, કલાત્મક પ્રદર્શન, જીવંત મનોરંજન, વર્કશોપ અને શૈક્ષણિક કાર્યક્રમો છે. ફ્લોરિડ એ ઓસ્ટ્રેલિયાની પ્રકૃતિની સૌથી મોટી ઉજવણીમાંની એક છે.

## 7. ગ્લાસ્ટનબરી ફેસ્ટિવલ, ઇંગ્લેન્ડ




ગ્લાસ્ટનબરી એ વિશ્વના સૌથી મોટા સંગીત અને પર્ફોર્મિંગ આર્ટ ફેસ્ટિવલ છે જે ઈંગ્લેન્ડના સમરસેટમાં યોજાય છે. દર વર્ષે, વિશ્વભરના લોકપ્રિય કલાકારો ગ્લાસ્ટનબરી ખાતે પ્રદર્શન કરે છે, હજારો મુલાકાતીઓને આ ભવ્ય પર્વમાં આમંત્રિત કરે છે. તે મ્યુઝિકલ શૈલીઓની વિશાળ શ્રેણીનું પ્રદર્શન કરે છે અને પર્યાવરણીય સ્થિરતા અને સક્રિયતા પર પણ ભાર મૂકે છે, પર્યાવરણીય જાગૃતિ અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપે છે.

## 8. વન મહોત્સવ, ભારત



વન મહોત્સવનો અર્થ થાય છે "ટ્રી ફેસ્ટિવલ". આ તહેવાર ભારતમાં દર વર્ષે જુલાઈના પ્રથમ સપ્તાહે ઉજવવામાં આવે છે. દેશભરમાં આયોજિત વૃક્ષારોપણ અભિયાનમાં મોટી સંખ્યામાં રોપાઓ વાવવામાં આવે છે. લોક પ્રદર્શન અને પરેડ વનનાબૂદી અંગે જાગૃતિ લાવવા માટે યોજવામાં આવે છે અને તેની અસરો પછી થાય છે.

## 9. મેડોવલાર્ક નેચર ફેસ્ટિવલ, કેનેડા



કેનેડામાં મીડોવલાર્ક નેચર ફેસ્ટિવલ એ 1998 થી દર વર્ષે મે મહિનામાં યોજાતો એક નેચર-વોકિંગ પ્રોજેક્ટ છે. આ ફેસ્ટિવલ કેનેડાની દક્ષિણ ઓકાનાગન અને સિમિલકેમીન ખીણોના કુદરતી અજાયબીઓની ઉજવણી બાઈકિંગ, વૉકિંગ, કેયકિંગ અને ટ્રેલ-રાઈડિંગ ટુર જેવી પ્રવૃત્તિઓ દ્વારા કરે છે. સ્થાનિક માર્ગદર્શકો અને સંરક્ષણ ભાગીદારોની આગેવાની હેઠળ ઈકોલોજીકલ અથવા સાંસ્કૃતિક ફોકસ સાથે.

કુદરત ઉત્સવો પ્રકૃતિ સાથે જોડાવા, પર્યાવરણીય જાગૃતિ વધારવા અને પ્રકૃતિની સુંદરતાની ઉજવણી કરવાની અનન્ય તકો પ્રદાન કરે છે. ભલે તમે અનુભવી પ્રકૃતિના ઉત્સાહી હોવ અથવા ફક્ત કંઈક નવું શીખવા માંગતા હોવ, આ તહેવારો દરેક માટે કંઈક પ્રદાન કરે છે. પ્રખ્યાત ગ્લાસ્ટનબરી ઉત્સવથી લઈને ભારતના વાન મહોત્સવ સુધી, એવા તહેવારોનું અન્વેષણ કરો જે તમને પ્રકૃતિના હાથની નજીક લાવે છે.

# ચોમાસામાં ખરતા વાળની સમસ્યાનો રામબાણ ઈલાજ જાણવા જરૂર વાંચો...



મોટાભાગના લોકોને હવામાન બદલાતા વાળ ખરવાની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.વળી ચોમાસામાં આ સમસ્યા બમણી થઈ જાય છે. આ સિઝનમાં વધુ પડતો પરસેવો આવવાથી વાળ પણ ચીકણા દેખાવા લાગે છે. ભેજને કારણે વાળ મૂળથી નબળા પડી જાય છે અને ઝડપથી તૂટવા લાગે છે. વાળ ખરવા માટે બીજા અનેક કારણો જવાબદાર હોઈ શકે છે.ખરતા વાળ રોકવા માટે શરીરમાં પોષણની ઉણપ, હોર્મોનલ અસંતુલન, તણાવ અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સમાવેશ થાય છે. વાળ ખરતા અટકાવવા તમે યોગ્ય પોષક તત્વો લેવા જરૂરી બને છે . જાણો આવા પોષક તત્ત્વો વિશે જે તમારા વાળને મજબૂત બનાવવામાં અને કુદરતી રીતે ખરતા વાળને ઘટાડવામાં મદદ કરી શકે છે.

બદામ, અખરોટની સાથે સૂર્યમુખી જેવા બીજ, ચિયાના બીજમાં બાયોટિન (બી-વિટામિન) હોય છે જે કેરોટીનના ઉત્પાદનમાં મદદ કરે છે. તે વાળ બનાવે છે. એ જ રીતે કોળું, તલ અને કાજુમાં ઝીંક ભરપૂર માત્રામાં હોય છે. ઝીંક વાળના પેશીઓના વિકાસ અને સમારકામમાં ભૂમિકા ભજવે છે. તે છિદ્રોની આસપાસની તેલ ગ્રંથીઓને યોગ્ય રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. મસૂર, રાજમા અને ચણા વગેરે આયર્નના સારા સ્ત્રોત છે. આયર્ન લોહીના પ્રવાહને વધારે છે, જેના કારણે વાળમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન પહોંચે છે. તેનાથી વાળ મજબૂત થાય છે. આયર્નની ઉણપ પણ વાળ ખરવાનું કારણ બની શકે છે. બીજી બાજુ, વિટામિન ઈ, મુક્ત રેડિકલ અને એન્ટીઑકિસડન્ટોના અસંતુલનને કારણે તણાવને કારણે થતા નુકસાનથી વાળનું રક્ષણ કરે છે. પાલક, બદામ અને એવોકાડો આના સારા સ્ત્રોત છે.વિટામિન ડી નવા વાળના વિકાસમાં મદદ કરે છે. સૂર્યપ્રકાશ એ વિટામિન ડી વધારવાની કુદરતી રીત છે.

આધુનિક યુગમાં ખરતા વાળ માટે છોકરીઓ ઘણી મોંઘી ટ્રીટમેન્ટનો સહારો લે છે, પરંતુ થોડા સમય પછી તેમના પહેલા કરતા વધુ વાળ ખરવા લાગે છે.તેથી તમારે ઘરેલું ઉપચારનો સહારો લેવો જોઈએ.રાસાયણિક ઉત્પાદનોની તુલનામાં ઘરેલું ઉપચાર વાળ અને ત્વચા માટે ફાયદાકારક માનવામાં આવે છે. મેથીના દાણા વાળ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેને નારિયેળ તેલમાં ગરમ કરીને લગાવવાથી વાળ ખરવાની સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે. આ સાથે તે વાળને જાડા અને મજબૂત પણ બનાવે છે.

ડુંગળીનો રસ વાળ માટે ખૂબ જ ફાયદાકારક છે, તેની સાથે વાળની સંભાળના ઘણા ઉત્પાદનોમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં એવા ઘણા ગુણ હોય છે જે તમારા વાળને મૂળથી મજબૂત બનાવે છે. આ ન માત્ર વાળ ખરતા અટકાવે છે પણ વાળનો વિકાસ બમણી કરવામાં પણ મદદ કરે છે. તમે ડુંગળીના રસને નારિયેળના તેલમાં મિક્સ કરી શકો છો અને તેને અઠવાડિયામાં એકવાર તમારા માથા પર લગાવી શકો છો. તેનાથી વાળ ખરવાની સમસ્યા ઘણી હદ સુધી ઓછી થશે.

# પપૈયાંની સાથે એના પાન છે અદભુત ગુણકારી,ડેન્ગ્યુમાં પણ ઉપયોગી...

ચોમાસાની શરૂઆત થતા જ સર્વત્ર રોગચાળો ઝડપથી ફેલાવા માંડે છે. આવી પરિસ્થિતિમાં દરેકે પોતાના સ્વાસ્થ્ય અંગે થોડી કાળજી લેવી અતિ આવશ્ય બની જતી હોય છે. તાજેતરમાં કોવિડ બાદ રોજ નવા નવા વાઈરસ દેશમાં ફેલાઈ રહ્યા છે. જે કોઈપણ લો ઈમ્યુન સિસ્ટમ ધરાવનાર વ્યક્તિને ઝડપથી અસર કરી શકે છે. તેથી દરેક વ્યક્તિએ સ્વસ્થ્યવર્ધક ખોરાક ખાસ કરીને ઋતુની શરૂઆતમાં લેવો જોઈએ. તેની સાથે ઉકાળેલું પાણી અથવા R.O.ના પાણીનો ઉપયોગ કરવો જોઈએ. વળી સ્વાસ્થય વર્ધક ખોરાકની સાથે ચોમાસામાં બજારમાં મળતા ફળોને આહારમાં સામેલ કરવા રહયા.ફળોની વાત કરીએ તો ચોમાસા દરમિયાન બજારમાં કેળાં,નાસપતી, પપૈયું, લીચી, દાડમ, પ્લમ,ચેરી,પિચ વગેરે ફળો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.દરેક ફળ સ્વાસ્થ્ય માટે આશીર્વાદ સમાન જ હોય છે,ખાસ કરીને પપૈયું અને તેના પાંદડા શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ખૂબ જ ઉપયોગી છે.

ન્યુટ્રિશનિસ્ટ અને વેલનેસ એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે પપૈયાના પાંદડામાં વિટામિન સી જેવા પોષક તત્વોની સાથે ઈમ્યુનોમોડ્યુલેટરી અસર પણ હોય છે, જે રોગપ્રતિકારક શક્તિને



મજબૂત રાખવામાં મદદ કરે છે. પપૈયાના પાંદડામાં ફ્લેવોનોઈડ્સ અને આલ્કલોઈડ્સ સહિત ઘણા એન્ટિવાયરલ ગુણધર્મો પણ હોય છે જે શરીરને વાયરલ ચેપ સામે લડવામાં મદદ કરે છે.તો ચાલો જાણી એ પપૈયાના પાંદડાના ફાયદા અંગે :

પાચનઃ પપૈયાના પાનમાં પપૈન અને ફાઈબર જેવા પોષક તત્વો મળી આવે છે, જે પાચનક્રિયાને સુધારવામાં અને ગેસ, પેટનું ફૂલવું અને અપચો જેવી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. ફાયબર આંતરડા માટે ફાયદાકારક છે અને પપૈન પ્રોટીનના ભંગાણમાં મદદ કરે છે.

રોગપ્રતિકારક શક્તિઃ પપૈયાના પાનમાં હાજર વિટામિન A, C અને E રોગપ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. આ પાંદડામાં હાજર એન્ટીઑકિસડન્ટો ઓક્સિડેટીવ તણાવ ઘટાડીને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.

# લગ્ન પહેલા નીતા અંબાણી હતા એક સામાન્ય સ્કૂલ ટીચર



નીતા અંબાણીના લગ્ન મુકેશ અંબાણીની ગણના વર્લ્ડ રીચેસ્ટ કપલમાં થાય છે, થોડા સામે પહેલા જ અંનત અને રાધિકાના લગ્નના જાકમજોળે સૌની આંખો આંજી નાખી. ત્યારે અંબાણી પરિવારના 'હોમ મિનિસ્ટર' એટલે કે Nita Ambani એ આ લગ્નમાં પોતાની સાદગી અને પ્રેમાળ સ્વભાવના કારણે ચોતરફ વાહવાહી મેળવી. નીતા અંબાણી - $116.1 બિલિયન (આશરે રૂ. 9.6 લાખ કરોડ) ની નેટવર્થ સાથે ભારતના સૌથી ધનિક વ્યક્તિની સાથે સાથે એક સ્થાપિત ઉદ્યોગપતિ અને પરોપકારી વ્યક્તિ પણ છે.

રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ બનવાથી લઈને IPL ટીમ મુંબઈ ઈન્ડિયન્સની માલિકી અને મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) શરૂ કરવા સુધી, નીતા અંબાણી (Nita Ambani)એ વર્ષો દરમિયાન ઘણી પ્રોફેશનલ સિદ્ધિઓ હાંસલ કરી છે. જો કે, અંબાણી પરિવારનો ભાગ બનતા પહેલા, નીતા મુંબઈના એક મધ્યમવર્ગીય ગુજરાતી પરિવારની હતા અને એક સામાન્ય શાળાની શિક્ષિકા હતા...

મુકેશ અંબાણી સાથે લગ્ન કરતા પહેલા નીતા અંબાણીની સનફ્લાવર નર્સરી (Sunflower Nursery) માં સ્કૂલ ટીચર તરીકે પ્રથમ પગાર 800 રૂપિયા હતો. સિમી ગ્રેવાલ સાથે રેન્ડેઝવસ પર અંબાણી પરિવારના ઇન્ટરવ્યૂ દરમિયાન, નીતા (Nita Ambani) એ શિક્ષણ પ્રોફેશનમાં તેની પ્રથમ નોકરી વિશે વાત કરીઃ Nita Ambani એ જણાવ્યું કે તેઓ એક ખાનગી શાળા સનફ્લાવર નર્સરીમાં ટીચર હતા, અને દર મહિને તેમને 800 રૂપિયાનો પગાર મળતો .

ઈન્ટરવ્યુંમાં જ મુકેશ અંબાણીએ કટાક્ષ કર્યો, "અને તે આખો પગાર મારો હતો.." નીતાએ એ પણ જણાવ્યું કે તે સમયે લોકો આ માટે તેની મજાક ઉડાવતા હતા, જો કે બાળકોને ભણાવવાથી તેને ઘણો સંતોષ મળતો હતો.રિપોર્ટ અનુસાર, મુકેશ અંબાણી અને નીતા અંબાણીએ ફ્રેન્ડશીપ બાદ 1985માં લગ્ન કર્યા હતા. મુકેશ અંબાણી સાથેના લગ્ન પછી પણ, નીતા અંબાણીએ ઘણા વર્ષો સુધી શિક્ષિકા તરીકે કામ કર્યું, જે રિલાયન્સના ચેરમેન સાથે લગ્ન કરતા પહેલા એક પૂર્વશરત હતી. તેમણે નરસી મોંજી કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિકસમાંથી કોમર્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે.

2014માં રિલાયન્સના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (BoD)માં નિયુક્ત નીતા અંબાણી, તેમના અને મુકેશ અંબાણીના બાળકો ઈશા અંબાણી, આકાશ અંબાણી અને અનંત અંબાણી કંપનીના બોર્ડમાં જોડાયા પછી તેમણે ઓગસ્ટ 2023 માં ડિરેક્ટર પદ છોડી દીધું હતું.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વાર્ષિક અહેવાલ 2022-2023 મુજબ, નીતા અંબાણીએ રૂ. 6 લાખની સિટિંગ ફી અને રૂ. 2 કરોડનું નફા આધારિત કમિશન મેળવ્યું હતું. રિપોર્ટ અનુસાર, મુકેશ અને નીતા અંબાણીના બાળકોને ડિરેક્ટર તરીકે પગાર નહીં મળે. જો કે, તેમને તેમની માતા જેવી જ સુવિધાઓ મળશે. નીતા અંબાણી (Nita Ambani) રિલાયન્સની બોર્ડ મીટિંગમાં કાયમી આમંત્રિત તરીકે હાજરી આપવાનું ચાલુ રાખશે, જે મુકેશ અંબાણી અથવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં અન્ય કોઈને નથી મળતી.

# ગૂગલના આ ખાસ ફીચરનો કરો ઉપયોગ,સ્માર્ટફોન વારંવાર ફુલ નહીં થાય

આ ઈન્ટરનેટની દુનિયામાં મોટાભાગના લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે. જો કે મોટા ભાગના લોકોની સમસ્યા એ હોય છે કે ફોનનું સ્ટોરેજ ફુલ થઈ જાય છે. ફોનના સ્ટોરેજને ખાલી કરવા માટે તમે ગેલેરીમાંના ફોટા અને વીડિયોને વારંવાર ડિલીટ કરતા રહો છો, પરંતુ તેમ છતાં સંપૂર્ણ સ્ટોરેજ નથી થતું. જો તમે પણ વારંવાર આ સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો ગૂગલનું આ નવું ફીચર તમારી મદદ કરી શકે છે. ઘણીવાર આપણે ગૂગલ પ્લે સ્ટોર પરથી આવી એપ્સ ડાઉનલોડ કરીએ છીએ, જેનો આપણે બિલકુલ ઉપયોગ કરતા નથી. પરંતુ શું તમે જાણો છો કે આવી એપ્સ જાણી-અજાણ્યે તમારા ફોનના વધુને વધુ સ્ટોરેજનો ઉપયોગ કરે છે. આ કારણોસર તમે ગમે તેટલા ફોટા અને વીડિયો ડિલીટ કરો તમારા ફોનનો સ્ટોરેજ ઓછો થતો નથી.




જો તમે એન્ડ્રોઈડ સ્માર્ટફોન યુઝર છો, તો ગૂગલની આ ટ્રિક તમારા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ ટ્રિક દ્વારા તમારા ફોન પરનો ઘણો સ્ટોરેજ ઘણી હદ સુધી ખાલી થઈ જશે. આ માટે તમારે ફક્ત તમારા Google Play Store પર જવું પડશે અને પછી Automatically Archive Appsનું ટોગલ ઓન કરવું પડશે. અહીં સ્ટેપ-બાય-સ્ટેપ સેટિંગ્સ પ્રક્રિયા જાણો..

- આ માટે સૌથી પહેલા તમારે તમારા સ્માર્ટફોનમાં ગૂગલ પ્લે સ્ટોર ખોલવું પડશે.
- ત્યારબાદ ઉપર-ડાબા ખૂણામાં દેખાતા પ્રોફાઈલ આઈકોન પર ક્લિક કરો.
- અહીં તમને ઘણા વિકલ્પો જોવા મળશે તમારે અહીં Settings વિકલ્પ પસંદ કરવો પડશે.
- હવે તમારે ટોચ પર દેખાતા General વિકલ્પ પર ટેપ કરવાનું રહેશે.
- આગલી વિન્ડોમાં તમને ઘણા વિકલ્પો જોવા મળશે.
- Automatically Archive Apps ના વિકલ્પ પર નીચે સ્ક્રોલ કરો અને ટોગલ કરો.

આ ટૉગલ ચાલુ કર્યા પછી તમારા ફોનમાં અસ્તિત્વમાં છે તે તમામ એપ્સ આર્કાઈવ થઈ જશે, જેનો તમે બિલકુલ ઉપયોગ કરતા નથી. એપ્સ આર્કાઈવ થઈ ગયા પછી તમારા ફોનનો સ્ટોરેજ આપમેળે ખાલી થઈ જશે. આ પછી તમારે તમારા ફોનમાંથી મહત્વપૂર્ણ ફોટો અને વીડિયો ડિલીટ કરવાની જરૂર નહીં પડે.

# શરીરના માનસિક રોગ માટે પણ જવાબદાર છે વિટામિન B12ની ઉણપ

આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી વિટામિન B12 શોષવા માટે આપણા શરીરને બે વસ્તુઓની જરૂર હોય છે. પ્રથમ, તમારા પેટમાં રહેલું હાઈડ્રોક્લોરિક એસિડ તે જે ખોરાકમાં હતું તેમાંથી વિટામિન B12 દૂર કરે છે. પછી, વિભાજિત વિટામિન B12 પેટ દ્વારા બનાવેલ પ્રોટીન સાથે જોડાય છે, જેને આંતરિક પરિબળ કહેવાય છે, અને શરીર તેમને એકસાથે શોષી લે છે.

જો કોઈને પેટ અથવા નાના આંતરડાને લગતી કોઈ પણ પ્રકારની સમસ્યા હોય, જેમ કે સેલિયાક ડિસીઝ અથવા ક્રોહન ડિસીઝ, તો વ્યક્તિનું શરીર ખોરાકમાંથી વિટામિન B12ની પૂરતી માત્રામાં શોષણ કરી શકતું નથી. જેના કારણે શરીરમાં વિટામિન B12 ની ઉણપ થાય છે. આ સિવાય જો કોઈ વ્યક્તિ માત્ર શાકાહારી આહાર લે છે એટલે કે જાનવરોમાંથી મેળવેલી ખાદ્ય વસ્તુઓનું સેવન ન કરે તો તેના કારણે પણ B12ની ઉણપનો ખતરો રહે છે.

જે લોકો ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ સર્જરી કરાવે છે, જેમ કે ગેસ્ટ્રિક બાયપાસ, તેમને વિટામિન B12 શોષવામાં પણ મુશ્કેલી પડી શકે છે. શરીરમાં વિટામિન B12 ની ઉણપને કારણે ઘણા પ્રકારના લક્ષણો દેખાઈ શકે છે. જેમાં સતત થાક, ચક્કર, શ્વાસ લેવામાં તકલીફ, સ્નાયુઓની નબળાઈ, વજન ઘટવું અને ખરાબ માનસિક સ્થિતિનો સમાવેશ થાય છે. વિટામિન B12 શરીર માટે ખૂબ જ જરૂરી છે. તે મગજની સારી કામગીરી




જાળવવામાં અને શરીરને અનેક પ્રકારની સમસ્યાઓથી બચાવવામાં મદદ કરે છે.

પરંતુ જો શરીરમાં વિટામીન B12 ની ઉણપ હોય તો એનિમિયા એટલે કે શરીરમાં લોહીની ઉણપનું જોખમ પણ વધી જાય છે. સગર્ભા સ્ત્રીઓમાં એનિમિયાનું જોખમ પણ વધુ હોય છે. તે તેમના અજાત બાળકના સ્વાસ્થ્યને પણ અસર કરી શકે છે. વિટામિન B12 શરીરમાં લાલ રક્તકણોનું ઉત્પાદન કરવાનું કામ કરે છે. આવી સ્થિતિમાં, વિટામિન B12 ની ઉણપને કારણે જો કોઈ વ્યક્તિના શરીરમાં લાલ રક્તકણો ઉત્પન્ન ન થાય તો એનિમિયા થાય છે.

વિટામિન B12 ની માત્રા દરેક વ્યક્તિની ઉંમર અને અન્ય પરિબળો અનુસાર બદલાય છે. નિષ્ણાતોના મતે, 14 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોને દરરોજ 2.4 માઈક્રોગ્રામ વિટામિન B12ની જરૂર હોય છે. જ્યારે સગર્ભા સ્ત્રીઓને વિટામિન B12 ની 2.6 માઈક્રોગ્રામ અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને દરરોજ 2.3 માઈક્રોગ્રામ વિટામિન B12 ની જરૂર પડે છે. પરંતુ વિટામિન B12 ની ઉણપને દૂર કરવાનો સૌથી સરળ રસ્તો એ છે કે તમારા આહારમાં ફેરફાર કરો.

નોંધઃ આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# બેઈજિંગ ઓલિમ્પિકમાં અભિનવ બિન્દ્રાએ ભારત માટે સુવર્ણ ઈતિહાસ રચ્યો હતો

## ભારતે બોક્સિંગ, શૂટિંગ અને કુસ્તીમાં મેડલ જીત્યા અને દેશ માટે એ સૌથી સફળ ઓલિમ્પિક સાબિત થઈ હતી

ગુજરાત | વંદન

2008માં ઓલિમ્પિક ચીનની રાજધાની બેઈજિંગમાં રમાઈ હતી. જેમાં ભારતના 57 ખેલાડીઓએ વિવિધ 12 રમતોમાં ભાગ લીધો હતો. ભારતે બોક્સિંગ, શૂટિંગ અને કુસ્તીમાં મેડલ જીત્યા હતા અને તે સમયે દેશ માટે સૌથી સફળ ઓલિમ્પિક સાબિત થયું હતું.

ભારતીય ખેલાડીઓએ 2016માં રિયો ઓલિમ્પિકમાં નિરાશાજનક પ્રદર્શન બાદ 2020ના ટોક્યો ઓલિમ્પિકમાં 7 મેડલ જીતી ઈતિહાસ રચ્યો હતો. આ ભારત માટે અત્યારસુધીની સૌથી સફળ ઓલિમ્પિક છે. હવે ભારતના 112 ખેલાડીઓ પેરિસ ઓલિમ્પિક 2024માં મેડલ માટે રમશે. દેશને આશા છે કે, 26 જૂલાઈથી શરુ થનારી આ ઈવેન્ટમાં ભારતીય ખેલાડીઓ એક નવો કીર્તિમાન રચશે. જેમાં પહેલા 2008માં બેઈજિંગ ઓલિમ્પિક વિશે જાણીએ, જે ભારત માટે ઐતિહાસિક હતુ.

બેઈજિંગ ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનું ઐતિહાસિક પ્રદર્શન રહ્યું હતુ.1900માં શરુ થયેલા ઓલિમ્પિક ઈવેન્ટમાં 2008માં બેઈજિંગ ઓલિમ્પિક ભારત માટે સફળ રહ્યું હતુ. જેમાં પહેલી વખત કોઈ ભારતીય એથ્લેટે વ્યક્તિગત રમતમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ પહેલા 2004 એથેન્સ ઓલિમ્પિકમાં રાજ્યવર્ધન સિંહ રાઠૌર અને 1900 પેરિસ ઓલિમ્પિકમાં નોર્મન પ્રિચર્ડે વ્યક્તિગત ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ સિવાય સુશીલ કુમારે 1952ના હેલસિંકી ઓલિમ્પિક બાદ પહેલી વખત રેસલિંગમાં કોઈ મેડલ જીત્યો હતો. તેમણે 56 વર્ષ બાદ રેસલિંગમાં મેડલ જીત્યો હતો.

### ઈતિહાસ સૌથી સફળ મેડલ જીતવાનો રેકોર્ડ બન્યો...



તો વિજેન્દર સિંહ બોક્સિંગમાં બ્રોન્ઝ મેડલ જીતી ઈતિહાસ રચી દીધો હતો. ભારતનો પહેલો એથલેટ હતો. જેમણે બોક્સિંગમાં મેડલ જીત્યો હતો. આટલું જ નહિ ભારતે 1 ગોલ્ડ અને 2 બ્રોન્ઝ મેડલ સાથે ઓલિમ્પિક ઈતિહાસ સૌથી સફળ મેડલ જીતવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો. આ પહેલા 1900 અને 1952માં ભારતે 2-2 મેડલ જીત્યા હતા. 2012ના લંડન ઓલિમ્પિકમાં આ રેકોર્ડ પણ તુટી ગયો, જેમાં ભારતીય એથલેટે 2 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ સાથે કુલ 6 મેડલ જીત્યા હતા.

### હોકી માટે સૌથી ખરાબ ઓલિમ્પિક....



ઓલિમ્પિકમાં ભારતીય હોકી ટીમનો દબદબો રહ્યો છે. ભારત માટે ઓલિમ્પિકમાં સૌથી વધુ મેડલ હોકી ટીમે જીત્યા છે. ભારતીય હોકી ટીમે અત્યારસુધી 8 ગોલ્ડ મેડલ સાથે કુલ 12 મેડલ જીત્યા છે, પરંતુ બેઈજિંગ ઓલિમ્પિક ટીમ સૌથી ખરાબ સાબિત થયું. 80 વર્ષમાં પહેલી વખત ભારતીય ટીમ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી શકી ન હતી.

આ સિવાય વેટલિફ્ટિંગમાં પણ ભારતને ઝટકો લાગ્યો હતો. વેટલિફ્ટિંગ સંઘે 2006ના કોમનવેલ્થ ગેમ્સ બાદ ભારતીય વેટલિફ્ટર મોનિકા દેવી પર ડોપિંગનો ચાર્જ લગાવી 2 વર્ષનો પ્રતિબંધ લગાવ્યો હતો. આ કારણે તે ઓલિમ્પિકનો ભાગ બની શકી ન હતી. 9 ઓગસ્ટ 2008ના આ કેસ મામલે તેને ક્લીન ચીટ મળી પરંતુ ત્યાં સુધી વેટલિફ્ટિંગની ઈવેન્ટ રમાઈ ચૂકી હતી.

### અભિનવ બિંદ્રા હિરો સાબિત થયો



બેઈજિંગ ઓલિમ્પિકમાં અભિનવ બિંદ્રાનું નામ ચમક્યું હતુ. જેમાં ભારતનો હિરો બન્યો હતો. તેમણે આ ઓલિમ્પિકમાં ભારત તરફથી મેડલનું ખાતું ખોલ્યું હતુ. 10 મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ જીતી દેશનો હિરો બન્યો હતો. 28 વર્ષ બાદ ભારતે ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ પહેલા ભારતીય હોકી ટીમે 1980માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. બિંદ્રા આ પહેલા કોમનવેલ્થમાં 2 ગોલ્ડ મેડલ જીતી ચૂક્યો હતો, પરંતુ બેઈજિંગ ઓલિમ્પિકની ફાઈનલમાં તેમણે મુશ્કેલીથી એન્ટ્રી મેળવી હતી. ફાઈનલમાં પહોંચતાં તેમણે સ્પીડ પકડી હતી. ફાઈનલમાં અભિનવ બિંદ્રાએ 2004ના ગોલ્ડ મેડલિસ્ટના ફાઈનલના સ્કોરને પણ પાર કર્યો હતો.

### મેડલની નજીક પહોંચ્યા હતા આ ખેલાડીઓ

અભિનવ બિંદ્રા,સુશીલ કુમાર અને વિજેન્દ્ર સિંહ આ ત્રણેય એથલીટ બેઈજિંગ ઓલિમ્પિકમાં મેડલ નજીક પહોંચ્યા હતા પરંતુ મેડલ જીતી શક્યા ન હતા. ભારતની આર્ચરી ટીમમાં સામેલ ડોલા બેનર્જી,બોમ્બાયલા દેવી અને પ્રણિતા વર્ધનેનીએ ક્વાર્ટરફાઈનલ સુધી ગઈ હતી પરંતુ સેમીફાઈનલમાં સ્થાન બનાવી શકી ન હતી. આ સિવાય ભારતીય એથલીટ ગીતા મંજીતા કૌર,સીની જોસ, ચિત્રા સોમન અને મનદીપ કૌર 400 મીટર અને રિલે રેસની સેમિફાઈનલમાં ક્વોલિફાય કરી શકી ન હતી.

બેઈજિંગ ઓલિમ્પિકમાં ક્વાર્ટર ફાઈનલ અનેક ખેલાડીઓ માટે ખરાબ રહ્યું હતુ. ભારતની બેડમિન્ટન સ્ટાર સાયના ખેલાડી સાયના નહેવાલ ક્વાર્ટર ફાઈનલ સુધી શાનદાર પ્રદર્શન કર્યું હતુ. ક્વાર્ટર ફાઈનલમાં તેમણે સારી શરુઆત કરી હતી. આ સિવાય ઈન્ડોનેશિયાની મારિયા સામે હારી ગઈ હતી. તેના સિવાય બોક્સર જિતેન્દ્ર કુમાર અને અખિલ કુમાર, શૂટર ગગન નારંગ અને ટેનિસ જોડી મહેશ ભૂપતિ અને લિએન્ડર પેસ પણ ક્વાર્ટર ફાઈનલમાં હારી ગયા હતા.

# ગોલ્ડ મેડાલિસ્ટ બિન્દ્રાના જીવનમાં 10 ઓગસ્ટની તારીખ સુવર્ણ અક્ષરે લખાશે



■ પેરિસમાં એ દિવસે ઓલિમ્પિક ઓર્ડર નામના પુરસ્કારથી સન્માનિત કરાશે

ગુજરાત | વંદન

10 ઓગસ્ટનો દિવસ શૂટર અભિનવ બિન્દ્રાના જીવનમાં એક તવારીખ બનવા જઇ રહી છે. એ દિવસે પેરિસમાં ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિ(આઈઓસી) દ્વારા તેમનું ઓલિમ્પિક ઓર્ડર નામના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

આંતરરાષ્ટ્રિય ઓલમ્પિક સમિતિ દ્વારા ભારતના ગોલ્ડ મેડાલિસ્ટ અભિનવ બિન્દ્રાનું સન્માન કરવાની જાહેરાત કરી છે. અભિનવ બિંદ્રાને પ્રતિષ્ઠિત ઓલંપિક ઓર્ડર નામના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. વડાપ્રધાન મોદીએ પણ આ પુરસ્કાર બદલ બિન્દ્રાને અભિનંદન પાઠવ્યા છે. પેરિસ ઓલંપિકના સમાપનથી એક દિવસ પહેલા 10 ઓગસ્ટ, 2024ના રોજ પેરિસમાં 142મી IOC સત્રમાં આ સન્માન આપવામાં આવશે. ઓલમ્પિક ઓર્ડર પુરસ્કાર, IOC નું સર્વોચ્ચ એવોર્ડ છે, જે ઓલમ્પિક હલચલ પ્રત્યે વિશેષતા આપે છે.

નોંધનીય છે કે બિન્દ્રાને 2008 બીજિંગ ઓલંપિકમાં પુરુષોની 10 મીટર એર રાયફલ સ્પર્ધા જીતીને વ્યક્તિગત ઓલંપિક સ્વર્ણ જીતનાર પ્રથમ ભારતીય બન્યા હતા. 2018 થી બિન્દ્રા IOC એથલીટ કોંગ્રેસ સભ્યો છે.

આ એવોર્ડનું મહત્વ એ છે કે તે ઓલંપિક આંદોલનમાં સમાનતા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે, જે રમતમાં અસાધારણ યોગ્યતા અથવા ઓલંપિક માટે મહત્વપૂર્ણ સલાહકારની માન્યતા આપવામાં આવે છે.યુવા અને રમત બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ બિન્દ્રાને અભિનંદન આપતા જણાવ્યું કે તેમની ઉપલબ્ધિ થી રાષ્ટ્રીય ગૌરવની લાગણી થાય છે અને અન્ય રમતવીરો માટે પ્રેરણા સમાન છે.

# ભૂખ્યા રહેવા મજબૂર ભારતીય ખેલાડીઓ! બહારથી ઓર્ડર કરવી પડી દાલ-રોટી..

ગુજરાત | વંદન



આજથી પેરિસ ઓલમ્પિક્સ 2024નો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતીય ઍથ્લીટ્સ ઓલમ્પિક્સમાં ભાગ લેવા માટે પેરિસ પહોંચી ગયા છે. ભારતીય ઍથ્લીટ્સને માટે ત્યાં સાત સ્ટોરી બ્લોકમાં લગભગ 30 એપાર્ટમેન્ટ આપવામાં આવેલા છે. બહારથી તે ભારતીય તિરંગાના રંગમાં રંગાયેલા છે. શનિવારથી વાસ્તવિક રમતોની સ્પર્ધા શરુ થશે.


**ઍથ્લીટ્સ ભોજનની સુવિધાથી બહુ ખુશ નથી** | ભારતીય ઍથ્લીટ્સ ભોજનની સુવિધાથી બહુ ખુશ નથી. આ અંગે તેમણે ચિંતા પણ વ્યક્ત કરી છે. ઍથ્લીટ્સ પોતાની પાસે રહેલા મર્યાદિત વિકલ્પોથી બહુ ખુશ નથી. ડાઈનિંગ એરિયામાં ગ્લોબલ ક્યુઝીન, હલાલ ફૂડ, એશિયન ભોજન અને ફ્રેન્ચ ફૂડ માટેના પાંચ અલગ-અલગ હોલ છે. ભારતની ડબલ બેડમિન્ટન સ્ટાર તનિષા ક્રાસ્ટોએ જણાવ્યું હતું કે, 'આજે જમવામાં રાજમા હતા. પરંતુ અમે ત્યાં પહોંચીએ તે પહેલાં જ તે ખતમ થઈ ગયા હતા. ભારતની બૉક્સર અંતિમ પંઘાલે પણ લંચ બહુ સારું ન હોવાનું જણાવ્યું. પંઘાલે પોતાની સહાયક ટીમને રાત્રે ભોજન માટે ભારતીય ભોજન દાળ રોટી ડિલિવરી કરવાનું કહ્યું હતું. તે છેલ્લાં કેટલાક દિવસથી આ રીતે જ પોતાની ભોજન વ્યવસ્થા કરી રહી છે.

**ભારત પાસે પસંદગીનો અધિકાર નથી** | ઓલમ્પિક્સમાં હજુ નબળી સ્થિતિમાં હોવાના કારણે ભારત પાસે પસંદગી કરવાનો કે ઍથ્લીટ્સ કઈ જગ્યાએ રહેવા માંગે છે તે પસંદ કરવાનો વિકલ્પ નથી. જો કે, કેટલાક મોટા દેશો ઍથ્લીટ્સ ક્યાં રહેવા માંગે છે તે પસંદ કરી શકે છે. ઉદાહરણ તરીકે, ચીનને 'શાંતિ' જોઈતી હતી માટે તેમને ગામની નજીક સૌથી શાંત ખૂણામાં રહેવાની જગ્યા મળી. બ્રિટિશ ઍથ્લીટ્સ એક નાના ટાપુ પર રહે છે. યજમાન તરીકે, ફ્રાંસને પસંદગીની પહેલી તક મળી. તેણે તેની ત્રણ ઈમારતોને પોતાના રંગોમાં શણગારી હતી. અમેરિકન ઈચ્છતા ન હતા કે તેમના ઍથ્લીટ્સને ડાઈનિંગ હોલ સુધી ચાલીને જવું પડે. માટે તેમણે મુખ્ય ડાઈનિંગ હોલની બાજુમાં પોતાનું સ્થાન પસંદ કર્યું હતું

# ઓલિમ્પિકનો સૌથી સફળ ખેલાડી, 23 તો માત્ર ગોલ્ડ મેડલ જીત્યા છે!!

## પૂર્વ અમેરિકન સ્વિમર ફેલ્પ્સનો આ રેકોર્ડ અત્યાર સુધી કોઈ ખેલાડી તોડી શક્યો નથી

ગુજરાત | વંદન





એફિલ ટાવર જેની આગવી ઓળખ છે તે પે રિસ ઓલિમ્પિકની શરુઆત 26 જૂલાઈથી થઈ ગઇ છે. આ મોટી ઈવેન્ટની રાહ દુનિયાભરમાં જોવાઇ રહી હતી.. વિશ્વભરના કરોડો ચાહકો આ ઈવેન્ટ જોવા આતુર હતા અને હવે શરૂ થઇ ગઇ છે ત્યારે દુનિયાભરમાંથી તેને નિહાળવા પેરિસ પહોંચી રહ્યાં છે..આ ઈવેન્ટમાં અનેક રમતવીરો ગોલ્ડ મેડલ જીતશે પરંતુ એ પણ એક રેકોર્ડ છે કે , અમેરિકાના પૂર્વ સ્વિમર માઈકલ ફેલ્પસ દુનિયાનો સૌથી સફળ ઓલિમ્પિયન છે. તેના નામે ઓલિમ્પિકમાં સૌથી વધારે ગોલ્ડ મેડલ જીતવાનો રેકોર્ડ છે.

ભૂતપૂર્વ અમેરિકન સ્વિમર ફેલ્પ્સનો આ રેકોર્ડ અત્યાર સુધી કોઈ ખેલાડી તોડી શક્યો નથી. ઓલિમ્પિકની રમતમાં માઈકલ ફેલ્પસ સૌથી મોટો ચેમ્પિયન માનવામાં આવે છે. ઓલિમ્પિકમાં તેના નામે 23 ગોલ્ડ, 3 સિલ્વર અને 2 બ્રોન્ઝ મેડલ છે..

2016માં રિયો ઓલિમ્પિકમાં 5 ગોલ્ડ મેડલ સહિત એક સિલ્વર મેડલ જીત્યા બાદ ફેલ્પ્સે સંન્યાસ લઈ લીધો હતો. 2008માં બેઈજિંગ ઓલિમ્પિક્સમાં તેમણે 8 ગોલ્ડ મેડલ જીત્યા હતા. જે એક મોટો રેકોર્ડ હતો. જેને અત્યારસુધી કોઈ એથલીટ તોડી શક્યું નથી.

ફેલ્પ્સે પોતાની પર્સનલ લાઈફ વિશે એવો ખુલાસો કર્યો હતો કે તેને જાણી બધા ચોંકી ગયા હતા. ફેલ્પ્સે એક વખત કહ્યું હતું કે લંડન ઓલિમ્પિક (2012) માં ગોલ્ડ મેડલ જીત્યા બાદ એક સમય એવો આવ્યો જ્યારે તેણે આત્મહત્યા વિશે વિચારવાનું શરૂ કર્યું. ડિપ્રેશનમાં ચાલ્યો ગયો હતો. 15 વર્ષની ઉંમરે પહેલી વખત ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો. તે સમયે તે મેડલ જીતી શક્યો ન હતો. પરંતુ 200 મીટરની બટરફલાઈ ઈવેન્ટમાં 5માં સ્થાને રહ્યો હતો. તેમની માતા પણ સ્વીમર હતી.

# ઈંગ્લેન્ડની ટીમનો હુંકાર કે અભિમાન- હાં, અમે એક દિવસમાં 600 રન બનાવી શકીએ છીએ!

■ 1936માં ભારત સામેની ટેસ્ટ મેચના બીજા દિવસે ઈંગ્લેન્ડે 6 વિકેટે 588 રન બનાવ્યા હતા...

ગુજરાત | વંદન



ટેસ્ટ ક્રિકેટમાં પોતાની આક્રમક બેટિંગ માટે જાણીતા ઈંગ્લેન્ડ ટીમના બેટ્સમેન ઓલી પોપનું કહેવું છે કે તેમની ટીમ એક દિવસમાં 600 રન બનાવી શકે છે. તેણે કહ્યું કે તેની ટીમ બેટિંગમાં તેનો આક્રમક અભિગમ ચાલુ રાખશે.

નોંધનીય છે કે એક દિવસમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ઈંગ્લેન્ડના નામે છે. વર્ષ 1936માં ભારત સામે માન્ચેસ્ટરમાં રમાયેલી ટેસ્ટ મેચના બીજા દિવસે ઈંગ્લેન્ડે 6 વિકેટે 588 રન બનાવ્યા હતા. પોપનું માનવું છે કે વર્તમાન અંગ્રેજી ટીમ આ રેકોર્ડ તોડી શકે છે.

પોપે કહ્યું કે તેમની ટીમ ક્યારેક એક દિવસમાં 280 થી 300 રન બનાવી શકે છે, પરંતુ તે ઠીક છે કારણ કે તેઓ પરિસ્થિતિઓ અનુસાર રમે છે. ભવિષ્યમાં તેની ટીમ એક દિવસમાં 500 અથવા તો 600 રન બનાવી શકે છે.

ઈંગ્લેન્ડે વર્ષ 2022માં પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટ મેચના પહેલા દિવસે 506 રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં 2-0થી લીડ મેળવી લીધી છે. ઈંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટ ઈનિંગ્સથી જીતી હતી અને બીજી ટેસ્ટ 241 રને જીતી હતી.

નોટિંગહામમાં પ્રથમ વખત ઈંગ્લેન્ડે ટેસ્ટ મેચની બંને ઈનિંગ્સમાં 400થી વધુ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં 416 રન અને બીજા દાવમાં 425 રન બનાવ્યા હતા. પોપે બીજા દાવમાં 121 રન બનાવ્યા હતા અને જો રૂટ અને હેરી બ્રુકે પણ સદી ફટકારી હતી.

પોપે કહ્યું કે ક્યારેક ઈંગ્લેન્ડના બેટ્સમેનોએ રમતને થોડી સંભાળવી પડી શકે છે, પરંતુ કોચ બ્રેન્ડન મેક્કુલમ અને કેપ્ટન સ્ટોક્સના નેતૃત્વમાં આક્રમક રીતે રમવાની રીત હવે તેમના માટે સ્વાભાવિક બની ગઈ છે.

# ફૂટબોલ મેદાનમાં દર્શકો દોડી આવ્યા, આર્જેન્ટિનાના ખેલાડીઓ પર ફટાકડા ફોડ્યા, મેદાન છોડી ભાગવું પડ્યું

ગુજરાત | વંદન

વિશ્વમાં ફૂટબોલની રમત લોકપ્રિય છે. ઘણી વખત ફૂટબોલ મેચ દરમિયાન બબાલની ઘટના બની છે. તો ક્યારેક બે ટીમના સમર્થકો વચ્ચે ઘર્ષના કિસ્સાઓ પણ અગાઉ પ્રકાશિત થયા છે. ત્યારે હવે આવી જ એક ઘટના પેરિસ ઓલિમ્પિકમાં બની છે. આર્જેન્ટિના અને મોરોક્કો વચ્ચેની ગ્રુપ સ્ટેજની ચાલૂ મેચમાં જ મેદાનમાં જ દર્શકો દોડી ગયા હતા જેના પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ખેલાડીઓને મેદાન છોડીને ભાગવું પડ્યું હતું.

**આ કારણે મેચમાં વિવાદ સર્જાયો** | પેરિસ ઓલિમ્પિક ફૂટબોલમાં આર્જેન્ટીના અને મોરક્કોની પુરુષોની મેચમાં વિવાદ સર્જાયો હતો. મેચમાં આર્જેન્ટીનાએ સ્ટોપેજ ટાઈમમાં ગોલ ફટકારીને મેચ 2-2થી ડ્રો કરી હતી. જોકે મેચમાં રેફરીએ ઊમેરેલા ઈન્જરી ટાઈમથી નારાજ મોરક્કોના ચાહકોએ આર્જેન્ટીનાના ખેલાડીઓને ટાર્ગેટ કરીને પાણીની બોટલો ફેંકી હતી. કેટલાક તો સ્ટેડિયમમાં પણ ધસી આવ્યા હતા. આર્જેન્ટિનાના ખેલાડીઓ પર ફટાકડા ફોડ્યા હતા. આ વિચિત્ર દ્રશ્ય જોઈને ખેલાડીઓ ગભરાયા હતા અને મેદાન છોડીને ભાગવું પડ્યું હતું.



### મોરક્કોના ચાહકોનો રેફરી પર આરોપ લગાવ્યો હતો

મોરક્કોના ચાહકોનો આરોપ હતો કે, રેફરીએ આર્જેન્ટીના મેચમાં બરોબરી મેળવી શકે એટલે મેચ લંબાવી હતી. અગાઉ મેચ પહેલા આર્જેન્ટીનાનું રાષ્ટ્રગાન વગાડવામાં આવ્યું ત્યારે સ્ટેડિયમમાં ઉપસ્થિત કેટલાક પ્રેક્ષકોએ હુરિયો બોલાવતા વિવાદ સર્જાયો હતો. આ વિવાદિત ઘટના પાછળ આર્જેન્ટીના અને ફ્રાન્સ વચ્ચેની રમતના મેદાનથી લઈને બહાર સુધી પહોંચેલી પ્રતિસ્પર્ધા જવાબદાર છે. ફિફા વર્લ્ડ કપની ફાઈનલમાં આર્જેન્ટીનાએ ફ્રાન્સને હરાવ્યું ત્યાર બાદ આર્જેન્ટીનાના ગોલકિપરે ફ્રેન્ચ ફૂટબોલરે એક સોફ્ટ ટોય પર ફ્રેન્ચ ફૂટબોલર એમ્બાપ્પેની તસવીર લગાવી તેનું અપમાન કર્યું હતુ.

**ફર્નાન્ડેઝ ઉજવણીમાં ભાન ભૂલ્યો હતો** | તાજેતરમાં જ કોપા અમેરિકા જીત્યા બાદ આર્જેન્ટીનાના ફૂટબોલર એન્ઝો ફર્નાન્ડેઝ ઉજવણીમાં ભાન ભૂલ્યો હતો અને તેણે ફ્રેન્ચ ફૂટબોલરોને અપશબ્દો કહેતાં તેમને અંગોલાના ખેલાડીઓ તરીકે ઓળખાવ્યા હતા. હવે પેરિસમાં જ્યારે ઓલિમ્પિક યોજાઈ રહ્યી છે, ત્યારે સ્થાનિક ચાહકોએ એર્જેન્ટીનાના રાષ્ટ્રગાન વખતે હુરિયો બોલાવીને તેમનો રોષ ઠાલવ્યો હશે.

## ભારતની મહિલા તીરંદાજી ટીમને સફળતા, મેડલ સુધીનો માર્ગ મોકળો

ગુજરાત | વંદન



પેરિસ ઑલ્મપિક માટે 117 ઍથ્લીટ્સ સાથે ભારતની ટીમ પેરિસ પહોંચી ગઈ છે. ઉદ્ઘાટન પૂર્વે જ કેટલીક રમતોની શરુઆત થઈ ગઈ છે. કેટલીક ઑલ્મપિક રમતો માટે ભારતને પાવરહાઉસ માનવામાં આવે છે. આ રમતોમાં તીરંદાજીનો પણ સમાવેશ થાય છે. જેમાં ભારતને પ્રથમ સફળતા મળી ચૂકી છે.

**શું છે ગુડ ન્યૂઝ?** | ભારતીય ખેલ જગત માટે ખુશીની વાત છે કે તીરંદાજીમાં ભારતીય મહિલા ટીમને ક્વાર્ટર ફાઈનલમાં સીધો જ પ્રવેશ મળી ગયો છે.

**કોણ છે આ ટીમના સભ્યો?** | ભારતની મહિલા તીરંદાજી ટીમમાં દિપીકા કુમારી, ભજન કૌર, અંકિતા ભક્ત જેવી ઍથ્લીટ્સનો સમાવેશ થાય છે. તેમણે 1983 પૉઈન્ટ સાથે ચોથું સ્થાન મેળવ્યું હતું અને ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. સાઉથ કોરિયન ટીમે ટોપનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને તેઓના 2046 પૉઈન્ટ્સ રહ્યા હતા.

દેશ-વિદેશ
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# સમયની સાથે: હવે રેલવે ગાર્ડ્સ પાસે લોખંડની પેટી નહીં પણ આધુનિક ટ્રોલી બેગ જોવા મળશે

■ તમામ ઝોનને રેલવે બોર્ડે લોકો પાઈલટ અને ગાર્ડને ટ્રોલી બેગ આપવા તમામ ઝોનને કહ્યું



ગુજરાત | વંદન

જો બધું યોજના મુજબ ચાલે છે તો, લોકો પાઈલોટ્સ (રેલ એન્જિન ડ્રાઈવર) અને ગાર્ડ્સને હવે તેમની અંગત સામાન અને સત્તાવાર સાધનો લોખંડના થડમાં રાખવાની જરૂર રહેશે નહીં અને તેના બદલે તેઓ ટ્રોલી બેગનો ઉપયોગ કરી શકશે. તેના તમામ ઝોનને લખેલા પત્રમાં રેલવે બોર્ડે તેમને લોકો પાઈલટ અને ગાર્ડને ટ્રોલી બેગ આપવાનું કહ્યું છે.

રેલ્વે બોર્ડે 19 જુલાઈના રોજ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, "ઝોનલ રેલ્વેને વિનંતી કરવામાં આવે છે કે તેઓ લોકો પાઈલટ અને ગાર્ડને ટ્રોલી બેગ આપવાના નીતિગત નિર્ણયનો અમલ શરૂ કરે."

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર બોર્ડે 2006માં મોટા પાયે નિર્દેશ સાથે આ પગલું શરૂ કર્યું હતું. એક વર્ષ પછી, તેણે ટ્રેડ યુનિયનો સાથે ચર્ચા કર્યા પછી તેને અજમાયશ ધોરણે લાગુ કરવા માટે બીજી માર્ગદર્શિકા બહાર પાડી. લોકો પાયલોટ અને ગાર્ડના જોરદાર વિરોધને કારણે તેને લાગુ કરવામાં 11 વર્ષ લાગ્યા. વર્ષ 2018માં, બોર્ડે ફરી એકવાર યોજનાને બે ઝોન, ઉત્તર રેલવે અને દક્ષિણ મધ્ય રેલવેમાં પરીક્ષણ માટે આગળ વધારવાનો નિર્ણય કર્યો છે.

વિવિધ ટ્રાયલ્સમાંથી સકારાત્મક પ્રતિસાદને પગલે, બોર્ડે 21 ફેબ્રુઆરી, 2022 ના રોજ અંતિમ આદેશ જારી કર્યો, જેમાં જણાવ્યું હતું કે, "લોકો પાયલોટ અને ગાર્ડને લાઈન બોક્સ (લોખંડની થડ) ના બદલે ટ્રોલી બેગ આપવામાં આવી શકે છે. ઝોનલ રેલ્વે ડ્રાઈવરો ટીમ નક્કી કરી શકે છે. ખરીદેલી ટ્રોલી બેગના બદલામાં ભથ્થું ખરીદો અને વિતરણ કરો અથવા ભથ્થું દર 3 વર્ષ માટે રૂ. 5000 સુધી મર્યાદિત રહેશે. સંબંધિત વિભાગોને ટ્રોલી બેગમાં સાધનસામગ્રીને પ્રમાણિત કરવા માટે નિર્દેશ આપવા ઉપરાંત, આદેશમાં તેમને ટ્રોલી બેગનું વજન ઘટાડવા માટે રેલવે નિયમો અને મેન્યુઅલની સોફ્ટ કોપી પ્રદાન કરવા પણ જણાવ્યું હતું.

જો કે, ઓલ ઈન્ડિયા ગાર્ડ્સ કાઉન્સિલ અને અન્ય હિતધારકોએ આ આદેશને નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT)ની મુખ્ય બેંચ સહિત વિવિધ કાનૂની મંચો પર પડકાર્યો હતો, જેના કારણે રેલવેને તેને અટકાવવાની ફરજ પડી હતી. રેલ્વેના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "જ્યારે પણ કોઈ લોકો પાઈલટ (ટ્રેન ડ્રાઈવર) અથવા ગાર્ડ ટ્રેનની ડ્યુટી માટે સાઈન ઈન કરે છે, ત્યારે તે એન્જિન/ગાર્ડ કેબિનમાં 20 કિલોથી વધુ વજનનું લોખંડનું ટ્રંક લઈ જાય છે, કારણ કે તેમાં રેલવેના ધોરણો, વિવિધ સાધનો તેમજ તેનો અંગત સામાન." "ભારે લોખંડની થડ વહન કરવા માટે, તેમને એક કુલી આપવામાં આવે છે, જે બોક્સને તેમની સંબંધિત કેબિનમાં લઈ જાય છે," એમ અધિકારીએ જણાવ્યું હતું.

# પાસપોર્ટ હો તો સિંગાપોર જૈસા... 195 સ્થળોએ વગર વિઝાએ મળે એન્ટ્રી-વેલકમ!

■ ભારતના પાસપોર્ટ પર માત્ર 58 વિદેશી સ્થળોમાં વિઝા ફ્રી એન્ટ્રી કરી શકાય છે

ગુજરાત | વંદન




વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટની તાજેતરની યાદી બહાર પાડવામાં આવી છે. મંગળવારે જાહેર કરાયેલ હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ 2024માં સિંગાપોર ટોચ પર છે. સિંગાપોરનો પાસપોર્ટ વિશ્વનો સૌથી મજબૂત પાસપોર્ટ છે જેના નાગરિકો વિશ્વના 227 સ્થળોમાંથી 195 સ્થળોએ વિઝા વિના મુસાફરી કરી શકે છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારત 82મા ક્રમે છે. ભારતીય નાગરિકો 58 વિદેશી સ્થળોમાં વિઝા ફ્રી એન્ટ્રી કરી શકે છે. વર્ષ 2023માં હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સમાં ભારતે 84મું સ્થાન મેળવ્યું હતું અને આ વખતે તે બે સ્થાનની છલાંગ લગાવ્યું છે. તે જ સમયે, દર વખતની જેમ આ વખતે પણ પાકિસ્તાને પાસપોર્ટ ઈન્ડેક્સમાં ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું છે. પાકિસ્તાન નીચેથી પાંચમા સ્થાને છે. 105 દેશોની યાદીમાં પાકિસ્તાન 100મા સ્થાને છે. પાકિસ્તાનના નાગરિકો 33 દેશોમાં વિઝા વિના પ્રવેશ કરી શકે છે. યાદીમાં પાકિસ્તાનની નીચે યમન, ઈરાક, સીરિયા અને સૌથી નીચે અફઘાનિસ્તાન છે.

સિંગાપોર પછી ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન અને સ્પેન 192 વિઝા ફ્રી ટ્રાવેલ ડેસ્ટિનેશન સાથે શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં બીજા ક્રમે છે. ત્રીજા સ્થાને ઑસ્ટ્રિયા, ફિનલેન્ડ, આયર્લેન્ડ, લકઝમબર્ગ, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા અને સ્વીડન 191 વિઝા ફ્રી પ્રવાસ સ્થળો સાથે છે. બેલ્જિયમ, ડેનમાર્ક, ન્યુઝીલેન્ડ, નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રિટન 190 વિઝા ફ્રી ડેસ્ટિનેશન સાથે યાદીમાં ચોથા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા અને પોર્ટુગલ 189 વિઝા ફ્રી પ્રવાસ સ્થળો સાથે પાંચમા સ્થાને છે.

હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ વિશ્વના પાસપોર્ટને વિઝા-મુક્ત પ્રવેશના આધારે માપીને રેન્ક આપે છે. તેનો અર્થ એ છે કે, જે દેશના પાસપોર્ટનો ઉપયોગ કરીને તમે મોટાભાગના સ્થળોએ વિઝા વિના મુસાફરી કરી શકો છો તે દેશનો પાસપોર્ટ સૌથી શક્તિશાળી છે. આ ઈન્ડેક્સ ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન તરફથી મળેલા એક્સક્લુઝિવ ડેટાના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

# કોર્ટે આદેશથી પૂજા ખેડકરની માતાને 23મીથી 14 દિવસ કસ્ટડીમાં રહેવુ પડશે

■ જમીન વિવાદમાં ખેડૂતને પિસ્તોલ બતાવી ધમકી આપી

ગુજરાત | વંદન



પૂણેની કોર્ટે વિવાદોમાં ફસાયેલી મહારાષ્ટ્રની તાલીમાર્થી IAS પૂજા ખેડકરની માતા મનોરમા ખેડકરને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી છે. જમીન વિવાદ સંબંધિત ફોજદારી કેસમાં કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી હતી અને તેને કસ્ટડીમાં મોકલી દીધી હતી.ફરિયાદ પક્ષનું કહેવું છે કે મનોરમા વિરુદ્ધ હત્યાના પ્રયાસનો કેસ નોંધવામાં આવ્યો છે અને તેને સેશન્સ કોર્ટમાંથી જ રાહત મળી શકે છે. મનોરમાની પોલીસ કસ્ટડી સોમવારે સમાપ્ત થઈ હતી, ત્યારબાદ તેને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. અહીં કોર્ટે તેને 14 દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધો હતો.મનોરમાના વકીલે તેના જામીન માટે અરજી કરી હતી. પરંતુ કોર્ટે કહ્યું કે મનોરમા વિરુદ્ધ આઈપીસીની કલમ 307 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે, જેની સુનાવણી સેશન્સ કોર્ટમાં જ થઈ શકે છે. એમ કહીને કોર્ટે આ કેસમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો અને જામીન અરજી ફગાવી દીધી હતી.

જણાવી દઈએ કે મનોરમા ખેડકરની ગયા વર્ષે પુણે જિલ્લામાં જમીન વિવાદ કેસમાં કેટલાક લોકોને બંદૂક બતાવીને ધમકી આપવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાનો વીડિયો આ મહિને સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.મનોરમા ખેડકરની રાયગઢની હોટલમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પૂજા ખેડકરની માતા મનોરમા ખેડૂતોને બંદૂકથી ધમકી આપતો વીડિયો વાયરલ થયા બાદ ફરાર થઈ ગઈ હતી. તે નકલી ઓળખ સાથે રાયગઢના મહાડમાં એક હોટલમાં રહેતી હતી. પુણે પોલીસે તેની આ હોટલમાંથી ધરપકડ કરી હતી.

મનોરમાનો પિસ્તોલ લહેરાવતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ મનોરમા પર દબાણ વધી ગયું હતું. કાયદાકીય કાર્યવાહીના ભય વચ્ચે તે ગુમ થઈ ગઈ હતી. જ્યારે પોલીસ તેના ઘરે પહોંચી ત્યારે તે ત્યાં નહોતો. તે સતત પોલીસથી છુપાઈ રહી હતી. તેનો ફોન પણ બંધ હતો. આવી સ્થિતિમાં તે કોઈપણ રીતે તપાસમાં સહકાર આપી રહી ન હતી.

## ભાજપના પ્રવક્તાએ તો ટોણો માર્યો- શું કેરળ સરકાર હવે પોતાના માટે સંરક્ષણમંત્રીની પણ નિમણૂંક કરશે..?

# અવનવુ: શું રાજ્ય સરકાર પોતાના માટે કોઈ વિદેશ સચિવની નિમણૂંક કરી શકે કે કેમ..?

■ કેરળ સરકારે IAS અધિકારી કે.વાસુકીને વિદેશ સચિવ તરીકે નિયુક્ત કરતા વિવાદ સર્જાયો



ગુજરાત | વંદન

કેરળમાં IAS અધિકારી કે વાસુકીની નિમણૂકને લઈને રાજકીય અને બંધારણીય હોબાળો મચી ગયો છે. ભાજપનું કહેવું છે કે કેરળ સરકારે કે વાસુકીને વિદેશ સચિવ તરીકે નિયુક્ત કર્યા છે. આ અંગે ભાજપે સીપીઆઈ-એમના નેતૃત્વવાળી એલડીએફ ગઠબંધન સરકાર પર નિશાન સાધ્યું છે. ભાજપના પ્રવક્તાએ તો ટોણો માર્યો કે શું કેરળ સરકાર હવે પોતાના માટે સંરક્ષણ પ્રધાનની પણ નિમણૂક કરશે કે શું.... જોકે, કેરળના મુખ્ય સચિવ ડૉ. વી વેણુએ સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં વિદેશ સચિવનું કોઈ પદ નથી. કોઈપણ રીતે, વિદેશી બાબતો કેન્દ્ર સરકાર હેઠળ આવે છે અને કોઈપણ રાજ્ય સરકાર વિદેશ સચિવની નિમણૂક કરી શકતી નથી.

આ વિવાદમાં એ જાણવાનો પ્રયાસ કરીએ કે વિદેશ સચિવની નિમણૂક કેવી રીતે થાય છે અને શું રાજ્યમાં વિદેશ સચિવની નિમણૂક બંધારણની વિરુદ્ધ છે.

વાસ્તવમાં ભારતના વિદેશ સચિવ દેશના સૌથી મોટા રાજદ્વારી છે. તેઓ વિદેશ મંત્રાલયના વહીવટી વડા પણ છે. વિદેશ સચિવના પદને સોંપવામાં આવેલી વહીવટી ફરજો સિવાય, વિદેશ સચિવ વાસ્તવમાં વિદેશ મંત્રાલયની આંતરિક નીતિઓ અને વહીવટી બાબતો પર વિદેશ મંત્રીના મુખ્ય સલાહકારની ભૂમિકા ભજવે છે. આ પદ ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી પાસે છે, જેઓ ભારત સરકારના સચિવ સ્તરના અધિકારી છે.

કેન્દ્રીય સૂચિનો ઉલ્લેખ ભારતના બંધારણની સાતમી અનુસૂચિમાં કરવામાં આવ્યો છે. બંધારણના આ અનુસૂચિમાં રાષ્ટ્રીય મહત્વના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ શિડ્યુલમાં સમાવિષ્ટ વિષયો પર માત્ર કેન્દ્ર સરકાર જ કોઈ કાયદો બનાવી શકે છે. યુનિયન લિસ્ટને લિસ્ટ-1 તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમાં લગભગ સો વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદેશી બાબતો પણ આ શેડ્યૂલ હેઠળ આવે છે.

વિદેશ મંત્રાલયમાં વિદેશ સચિવની નિમણૂક કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા કરવામાં આવે છે. સામાન્ય રીતે વિદેશ સચિવનો કાર્યકાળ બે વર્ષનો હોય છે. જો કે સરકાર દ્વારા તેમાં વધારો કરી શકાય છે. વિદેશ સચિવ વાસ્તવમાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રીમંડળ, સંસદ અને વિદેશ મંત્રીને જવાબદાર હોય છે. આવી સ્થિતિમાં કોઈપણ રાજ્યમાં વિદેશ સચિવની નિમણૂક કરી શકાય નહીં. જો આમ થશે તો તેને સંપૂર્ણપણે ગેરબંધારણીય ગણવામાં આવશે.

વાસ્તવમાં, મીડિયામાં સમાચાર હતા કે કેરળ સરકારે IAS અધિકારી કે વાસુકીને વિદેશ સચિવ તરીકે નિયુક્ત કર્યા છે. તેના પર ભાજપના પ્રદેશ અધ્યક્ષ કે સુરેન્દ્રને કેરળ સરકારના પગલાને બંધારણની કેન્દ્રીય સૂચિનું ઉલ્લંઘન ગણાવ્યું હતું. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે આ કેરળ સરકારના અધિકારક્ષેત્રની બહાર છે. એલડીએફ સરકારને વિદેશી દેશો સાથે સંબંધિત બાબતોમાં કોઈ સત્તા નથી. આ પગલું ગેરબંધારણીય છે અને એક ખતરનાક દાખલો બેસાડી શકે છે.

તેમણે એવો પણ સવાલ ઉઠાવ્યો હતો કે શું કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન રાજ્યને અલગ દેશ બનાવવા માગે છે. કેરળના મુખ્ય સચિવ ડૉ. વી વેણુએ આ અંગે સ્પષ્ટતા આપી છે. તેમણે નિવેદન જારી કર્યું છે કે રાજ્યમાં વિદેશ સચિવનું કોઈ પદ નથી. આ મામલે મીડિયા રિપોર્ટ નકલી છે.

કેરળના મુખ્ય સચિવે સ્પષ્ટ કર્યું છે કે ઘણી વિદેશી એજન્સીઓ, અન્ય દેશોના દૂતાવાસોમાં કામ કરતી સંસ્થાઓ, બહુપક્ષીય એજન્સીઓ અને પ્રતિનિધિમંડળ કેરળ સરકારના નિયમિત સંપર્કમાં છે. આવું માત્ર કેરળ સરકારનું નથી, પરંતુ આ તમામ એજન્સીઓ અન્ય રાજ્યોની સરકારો સાથે પણ નિયમિત સંપર્કમાં છે.

વ્યાપારી, સાંસ્કૃતિક અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં પરસ્પર સહકાર દ્વારા સહકારી સંબંધો સ્થાપિત થાય છે. રાજ્યના મુખ્યમંત્રી કે અન્ય મંત્રી જ્યારે વિદેશ જાય છે ત્યારે ત્યાં જે પણ ચર્ચા થાય છે તેના આધારે અનેક પ્રતિનિધિઓ કેરળમાં સંપર્ક કરવા આવે છે. આવા કિસ્સાઓ વધવાથી કેરળમાં ફોરેન કોઓપરેશન ડિવિઝનની સ્થાપના કરવામાં આવી.

મુખ્ય સચિવે સ્પષ્ટતા કરી કે કેરળના મુખ્ય સચિવ સુમન બિલ્લા અગાઉ આ વિભાગના પ્રભારી હતા. તાજેતરમાં તેઓ કેન્દ્રીય સેવામાં જોડાયા હતા. આ પછી તેમનો ચાર્જ IAS અધિકારી કે વાસુકીને આપવામાં આવ્યો હતો. વરિષ્ઠ IAS અધિકારી કે વાસુકીને કેરળ સરકાર દ્વારા 15 જુલાઈના રોજ વિદેશી સહયોગ સંબંધિત આ વિભાગનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે કેરળ સરકારે કેન્દ્ર સરકારના અધિકારક્ષેત્રમાં આવતી કોઈપણ બાબતમાં દખલગીરી કરી નથી. કેરળ સરકારમાં બેઠેલા લોકો એ મૂળભૂત હકીકતથી અજાણ નથી કે વિદેશી બાબતો ખરેખર કેન્દ્ર સરકારનો વિષય છે.

# વિવાદ:મુખ્યમંત્રીને ફસાવવાના આરોપસર ઈડીના બે અધિકારીઓ સામે કેસ નોંધાયો

■ કર્ણાટકના મુખ્યમંત્રીને કથિત કૌભાંડમાં 'ફસાવવા' અધિકારી પર દબાણ કર્યાની ફરિયાદ

ગુજરાત | વંદન

કર્ણાટક મહર્ષિ વાલ્મીકી અનુસૂચિત જનજાતિ વિકાસ નિગમમાં રૂ. 187 કરોડના કથિત કૌભાંડે સોમવારે મોટો વળાંક લીધો જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના બે અધિકારીઓ સામે કેસ નોંધવામાં આવ્યો. EDના અધિકારીઓ પર રાજ્ય સરકારના એક અધિકારી પર મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાણા વિભાગને કથિત કૌભાંડમાં 'ફસાવવા' માટે દબાણ કરવાનો આરોપ છે. સમાજ કલ્યાણ વિભાગના અધિક નિયામક કલેશ બી. ફરિયાદના આધારે, વિલ્સન ગાર્ડન પોલીસ સ્ટેશનમાં બે ED અધિકારીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. કલેશે મુરલી કન્નન નામના ED અધિકારી અને મિત્તલ નામના અધિકારી પર આરોપ લગાવ્યો છે.કર્ણાટક સરકાર દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ ઉપરાંત, CBI 187 કરોડ રૂપિયાની કથિત ઉચાપતની પણ તપાસ કરી રહી છે, જેમાં હૈદરાબાદ સ્થિત કંપનીઓને 88 કરોડ રૂપિયાના ગેરકાયદે ટ્રાન્સફરનો સમાવેશ થાય છે.કલેશે કહ્યું કે 16 જુલાઈએ પૂછપરછ દરમિયાન મુરલી કન્નને તેને 17 પ્રશ્નો પૂછ્યા અને તેણે તરત જ જવાબ આપ્યા. તેણે આરોપ લગાવ્યો કે કન્નને પૂર્વ મંત્રી બી મારફત આ મામલે તેમનો સંપર્ક કર્યો હતો. નાગેન્દ્ર, મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાણા વિભાગના નામ લેવા જણાવ્યું હતું. વધુમાં, કલેશે જણાવ્યું હતું કે મિત્તલે કથિત રીતે તેમને આ કેસમાં ફસાવવાની ધમકી આપી હતી અને કહ્યું હતું કે જો તે ઈચ્છે છે કે ED તેને મદદ કરે, તો તેણે મુખ્યમંત્રી, નાગેન્દ્ર અને નાણા વિભાગના નામ લેવા જોઈએ.

# બાંગ્લાદેશે બંગાળનો માંગ્યો જવાબ, અમારા લોકોને શરણ આપવાની જાહેરાત કેમ કરી..?

ગુજરાત | વંદન

બાંગ્લાદેશ સરકારે પશ્ચિમ બંગાળના



મુખ્ય પ્રધાન મમતા બેનર્જીના તાજેતરના નિવેદન સામે નવી દિલ્હીમાં સત્તાવાર રીતે હિંસાગ્રસ્ત પડોશી દેશમાંથી ભાગી રહેલા 'નિઃસહાય લોકોને આશ્રય' આપવાનો વિરોધ નોંધાવ્યો હતો.

"પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન, જેમની સાથે અમે ખૂબ જ નજીકના સંબંધો શેર કરીએ છીએ, તેમના આદર સાથે, અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે તેમની ટિપ્પણીઓમાં મૂંઝવણનો ઘણો અવકાશ છે. તેથી, અમે ભારત સરકારને એક નોંધ આપી છે, બાંગ્લાદેશના વિદેશ મંત્રી હસન મહમુદે ઢાકાએ નવી દિલ્હીને મોકલેલી સત્તાવાર નોટ વિશે જણાવ્યું હતું.

બેનર્જીએ હાલમાં જ એમ કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ રાજ્ય બાંગ્લાદેશથી પીડિત લોકો માટે તેના દરવાજા ખોલશે અને તેમને આશ્રય આપશે. "જો અસહાય લોકો પશ્ચિમ બંગાળના દરવાજા ખટખટાવશે, તો અમે ચોક્કસ તેમને આશ્રય આપીશું," તેમણે એક રેલીમાં એમ પણ કહ્યું હતું કે વિદેશી મુદ્દાઓ પર ટિપ્પણી કરવી ખરેખર કેન્દ્રનો વિષય છે તેમ છતાં પીડિત લોકોને આશ્રય આપવા માટે શરણાર્થીઓ પર સંયુક્ત રાષ્ટ્રના ઠરાવમાં કરાયેલી જોગવાઈનો ઉલ્લેખ કર્યો હતો.


## વિમાન બરાબર ઉડે છે કે નહીં તે ચકાસવા વિમાન ઉડ્યુ અને પછડાયું...15 ટેકનીકલ સ્ટાફ સાફ..!

# નેપાળમાં જ સૌથી વધારે વિમાની અકસ્માતો કેમ થાય છે: એક રસપ્રદ તારણ

■ યુરોપમાં કોઈપણ નેપાળી એરલાઈનને ફ્લાઈટ્સ ચલાવવાની મંજૂરી નથી

ગુજરાત | વંદન







નેપાળમાં નવા ચૂંટાયેલા વડા પ્રધાન ખડગા પ્રસાદ ઓલીની સરકારે બુધવારે તેના સૌથી ગંભીર સંકટનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સૌર્ય એરલાઈન્સની ફ્લાઈટ ટેકઓફ કર્યા પછી તરત જ ક્રેશ થઈ હતી, જેમાં સવાર 18 લોકો માર્યા ગયા હતા. મનીષ રત્ન શાક્ય, ફ્લાઈટ કેપ્ટન જેને સળગતા કાટમાળમાંથી બચાવી લેવામાં આવ્યો હતો, તે એકમાત્ર બચી ગયેલા નશીબદાર વ્યક્તિ છે. જો કે એક જાણકારી પ્રમાણે, નેપાળમાં છેલ્લાં 15 વર્ષમાં 450 કરતાં વધુ લોકો વિમાની અકસ્માતમાં માર્યા ગયા છે.

પાયલટ બચી ગયા એ દુર્ઘટના પાછળનું કારણ હજુ અજ્ઞાત છે. એક ઉડ્ડયન નિષ્ણાતે ટ્વીન-એન્જિન એરક્રાફ્ટમાં ટેકઓફ દરમિયાન એન્જિનમાં નિષ્ફળતાની શક્યતાને જવાબદાર ઠેરવી છે. જ્યારે તે થાય છે, ત્યારે એરક્રાફ્ટ નિષ્ફળ એન્જીન તરફ ઝૂકી જાય છે; ક્રેશ થયેલું પ્લેન ઝડપથી જમણી તરફ ખસ્યું. બહોળા પ્રમાણમાં શેર કરાયેલા વિડિયોમાં, બોમ્બાર્ડિયર પ્લેન જમીન પર અથડાય અને આગમાં ભડકે તે પહેલાં ટેકઓફ કર્યાની સેકન્ડોમાં તેના ફ્લાઈટ પાથથી જોખમી રીતે દૂર જતું જોવા મળે છે.

બોમ્બાર્ડિયર CRJ-200 એરક્રાફ્ટમાં બે ક્રૂ મેમ્બર અને અન્ય 17 લોકો સવાર હતા. દુઃખદ બાબત એ છે કે, મૃત્યુ પામેલા લોકોમાંથી 15 જણાં એરલાઈન્સની ટેકનિકલ ટીમના સભ્યો હતા, જેઓ વિમાન ઉડાન ભરી રહ્યું છે તેની ખાતરી કરવા માટે દર 18 મહિનાથી બે વર્ષ પછી અથવા ચોક્કસ ફ્લાઈટના કલાકો પછી સી-ચેક (અથવા વ્યાપક તપાસ) ની કામગીરી કરતાં હતા.

આ દુર્ભાગ્યપૂર્ણ ફ્લાઈટ નેપાળના મુખ્ય પર્યટન કેન્દ્ર પોખરા માટે જતી હતી, જે કાઠમંડુથી અડધા કલાકથી પણ ઓછા અંતરે હતી. સી-ચેક, જે બે અઠવાડિયા સુધી ચાલી શકે છે, તે ચીન દ્વારા બાંધવામાં આવેલા (અને મોટા પ્રમાણમાં ઓછા ઉપયોગમાં લેવાયેલા) પોખરા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક વિશાળ હેંગર અને રનવે સાથે હાથ ધરવામાં આવવાના હતા.

સૌર્ય એરલાઈન્સ નેપાળમાં પાંચ સ્થળોએ ફ્લાઈટ્સ ચલાવે છે અને તેની પાસે ત્રણ 50-સીટ બોમ્બાર્ડિયર CRJ-200 જેટનો કાફલો છે.

દુર્ઘટના બાદ, ઓલી સરકારે કટોકટીની કેબિનેટ બેઠક યોજી હતી અને પાંચ સભ્યોની તપાસ ટીમની રચના કરી હતી, તેને અકસ્માતના કારણની તપાસ માટે 45 દિવસની સમયમર્યાદા આપી હતી. જો કે, પહેલાથી જ એવી આશંકા છે કે તપાસમાં મૂર્ત સલામતીનાં પગલાં ન આવે.

અહીં હવે દરેકના મનમાં પ્રશ્ન છે: નેપાળનું આકાશ કેટલું સુરક્ષિત છે? મહત્વનું છે કે, ઉડાનને વધુ સુરક્ષિત બનાવવા માટે શું કરી શકાય?

નેપાળમાં 1962 થી 90% થી વધુ જીવલેણ હવાઈ દુર્ઘટનાઓને CFIT અથવા કન્ટ્રોલ્ડ ફ્લાઈટ ઈન ટેરેન તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે, જેનો અર્થ થાય છે કે એરલાયન્સનું એરક્રાફ્ટ નબળી દૃશ્યતાના કારણે પાછળના પર્વતો સાથે અથડાય છે, નેપાળી ટાઈમ્સ દ્વારા ગયા જાન્યુઆરીમાં કરવામાં આવેલા ડેટા અનુસાર.

પરંતુ બુધવારની સૌર્ય ફ્લાઈટ અને ગયા વર્ષે જાન્યુઆરીમાં બીજી મોટી દુર્ઘટના - યેતી એરલાઈન્સની ફ્લાઈટ, તે પોખરા ખાતે ઉતરાણ કરવાની તૈયારીમાં હતી - બંને સ્પષ્ટ દિવસે અને તમામ આધુનિક નેવિગેશનલ સાધનો સાથે એરપોર્ટ પર બની હતી. તેથી સ્પષ્ટપણે બુધવારે થયેલો ક્રેશ CFIT નો કેસ ન હતો. તેથી, એક પ્રારંભિક પ્રશ્નઃ શું વિમાન ખરાબ આકારમાં હતું?

ત્યારથી નાગરિક ઉડ્ડયન મંત્રી બદ્રી પ્રસાદ પાંડેએ રેકોર્ડ પર જઈને કહ્યું હતું કે, સૌર્ય એરલાઈન્સના વિમાનના સંપૂર્ણ ટેકનિકલ પરીક્ષણ (અથવા વ્યાપક રીતે, સી-ચેક) માટે ફ્લાઈટનો 50 કલાકનો સમય બાકી હતો. જો કે, અન્ય ઘણા લોકો દલીલ કરે છે કે એરક્રાફ્ટમાં કદાચ વણઉકેલાયેલી તકનીકી સમસ્યાઓ હતી અને પ્રશ્નમાં રહેલી એરલાઈન હંમેશા સલામતી પ્રોટોકોલનું કડકપણે પાલન કરતી નથી.

એ પણ નોંધવું જરૂરી છે કે નેપાળમાં દૈનિક હવાઈ ટ્રાફિકની મોટી સંખ્યા તરાઈ એરપોર્ટ પર છે, જે પોખરા અને કાઠમંડુ ઉપરાંત સપાટ મેદાનોમાં છે, અને પર્વતીય એરપોર્ટ પર નથી. સમગ્ર દેશમાં તરાઈ એરપોર્ટ - પૂર્વમાં ભદ્રપુર અને બિરાટનગરથી; મધ્ય તરાઈમાં જનકપુર અને સિમરા; અને પશ્ચિમમાં ભીરહાવા, નેપાળગંજ અને ધનગઢી - ભારતીયો દ્વારા કાઠમંડુમાં અથવા ત્યાંથી મુસાફરી કરવા માટે પણ વપરાય છે. પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશની સરહદે આવેલા જિલ્લાઓમાં આ એરપોર્ટ પર સૌથી ઓછી સંખ્યામાં જીવલેણ અકસ્માતો થયા છે.

બુધવારના રોજ ભારે જનઆક્રોશ પછી, પાંડેએ જણાવ્યું હતું કે ફેક્ટ-ફાઈન્ડિંગ ટીમ હવાઈ સલામતી અંગે વિગતવાર ભલામણો કરશે અને તાજેતરના અકસ્માતે સત્તાવાળાઓ પર હવાઈ સલામતી સુધારવા માટે વધુ દબાણ કર્યું છે. પહેલેથી જ, યુરોપિયન યુનિયનએ

...અનુસંધાન પાના નં. 06

# મમતાનો દાવો- ટેકાવાળી સરકાર લાંબી નહીં ચાલે, ગમે ત્યારે ગબડી પડશે!?

■ ભાજપના સહયોગીઓ "કાયર અને લોભી", જેઓ આર્થિક પ્રલોભનોને વશ થઈ ગયા-ટીએમસી

ગુજરાત | વંદન



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવો કર્યો છે કે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની ટેકાવાળી NDA સરકાર લાંબો સમય ટકશે નહીં કારણ કે તેની રચના "ડરાવી-ધમકાવીને" કરવામાં આવી હતી.

કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમમાં કોઈનું નામ લીધા વિના, તેમણે કેન્દ્ર સરકારમાં ભાજપના એનડીએ સહયોગીઓની ટીકા કરી હતી અને તેમના પર નાણાકીય લાભ માટે મંત્રીપદને 'ત્યાગ' કરવાનો આરોપ લગાવ્યો હતો.. તેમના આ કાર્યક્રમમાં સમાજવાદી પાર્ટી ( સપા)ના વડા અખિલેશ યાદવ પણ હાજર રહ્યા હતા.

તેમણે કહ્યું, 'કેન્દ્ર સરકાર લાંબો સમય નહીં ચાલે. આ સ્થિર સરકાર નથી અને ટૂંક સમયમાં પડી જશે. બેનર્જીએ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) સરકારમાં ભાજપના સહયોગીઓને 'કાયર અને લોભી જેઓ આર્થિક પ્રલોભનોને વશ થઈ ગયા' ગણાવ્યા હતા.

મમતાએ એવો સવાલ કર્યો હતો કે, 'શું કોઈએ ક્યારેય મંત્રાલયના બદલામાં પૈસા આપવાની વાત સાંભળી છે? તેઓ કાયર, નિર્લજ્જ અને લોભી છે. આવા લોકોએ પોતાની ઓળખ ગુમાવી દીધી છે.

અખિલેશ યાદવના વખાણ કરતાં તૃણમૂલ કોંગ્રેસના વડાએ કહ્યું, 'તમે ઉત્તર પ્રદેશમાં જે 'ગેમ' રમી તેના કારણે ભાજપ સરકારે (ઉત્તર પ્રદેશની) રાજીનામું આપી દેવું જોઈએ, પરંતુ સરકાર એજન્સીઓ અને અન્ય માધ્યમોનો દુરુપયોગ કરીને સત્તામાં છે.

તેમણે એનડીએ સરકારને કહ્યું, 'તમે એજન્સીઓનો દુરુપયોગ કરીને અમને દબાવી શકો તેમ નથી. માત્ર બંગાળ જ ભારતનું અસ્તિત્વ બચાવી શકે છે. બંગાળ વિના ભારતનું અસ્તિત્વ નથી એમ પણ તેમણે કહ્યું હતું.

# બોલીવુડમાં કામ મેળવવા માટે સંઘર્ષ કરી રહી છે નેહા ધૂપિયા..



બોલિવૂડમાં ઘણા એવા કલાકારો છે જે ફેમસ ફેસ બની ગયા છે. પરંતુ તેઓને કામ મળતું નથી. ઘણા કલાકારો એમ કહેતા સાંભળ્યા છે કે હવે તેમને કામ મળવાનું બંધ થઈ ગયું છે. કેટલાક આનાથી કંટાળીને અન્ય કોઈ ધંધો શરૂ કર્યો છે, જ્યારે કેટલાક વર્ષોથી સંઘર્ષ કરી રહ્યા છે. આવી જ એક અભિનેત્રી છે નેહા ધૂપિયા, જે ઘણા વર્ષોથી ઈન્ડસ્ટ્રીનો ભાગ છે. તેણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. જોકે નેહા ઘણી ફેમસ છે. પરંતુ તેણીની પીડા તાજેતરના એક ઈન્ટરવ્યુમાં બહાર આવી, જ્યારે તેણીએ ખુલાસો કર્યો કે તેણીને બોલીવુડમાંથી કામની ઓફર મળી રહી નથી અને તે વર્ષોથી સંઘર્ષ કરી રહી છે.


નેહા ધૂપિયાએ પોતાના કરિયરની શરૂઆત થિયેટરથી કરી હતી. આ પછી તેણે વર્ષ 2002માં ટીવી સીરિયલ 'રાજધાની'માં કામ કર્યું. તે જ વર્ષે તેણે મિસ ઈન્ડિયા 2002નો ખિતાબ પણ જીત્યો હતો. ત્યારબાદ તેણે ફિલ્મોમાં પગ મૂક્યો અને 2003માં સાઉથની ફિલ્મ 'નિન્ને ઈષ્ટપદદાનુ'માં જોવા મળી. આ જ વર્ષે તેણે બોલિવૂડમાં પણ એન્ટ્રી કરી હતી. તે ફિલ્મ 'કયામત'માં જોવા મળી હતી. હવે નેહાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેને સાઉથ ઈન્ડસ્ટ્રીમાંથી ઘણી ઓફર મળી રહી છે. પરંતુ તેને બોલિવૂડની ફિલ્મોમાં કામ નથી મળી રહ્યું.

નેહા ધૂપિયાએ કહ્યું, "હું સિનેમાના રસપ્રદ ભાગોમાં જોડાવા માટે 22 વર્ષથી સંઘર્ષ કરી રહી છું." તે માને છે કે કેટલીકવાર કેટલીક ફિલ્મો બોક્સ ઓફિસ પર ખૂબ સારી કમાણી કરે છે, જ્યારે કેટલીકને બહુ ઓછા દર્શકો મળે છે. તેમની ફિલ્મો 'એક ચાલીસ કી લાસ્ટ લોકલ', 'મિથ્યા' અને 'એ ગુરુવાર'ના ઉદાહરણો આપતાં તેમણે યાદ કર્યું કે લોકો તેમને કહેતા હતા, "આ ખૂબ જ સારી છે, અમને આ ફિલ્મમાં તું ખૂબ ગમ્યો."

આ જ કારણ છે કે નેહાને લાગે છે કે તેના કામને લોકોની સામે લાવવું ખૂબ જ જરૂરી છે. આ જ વાતચીતમાં તેણે એ પણ જણાવ્યું કે તેને સાઉથ તરફથી સતત બે ઓફર મળી છે અને તેણે તેમની પાસેથી ત્રણ મહિનાનો સમય માંગ્યો છે. નેહાએ પ્રશ્નાર્થ સ્વરમાં કહ્યું, "પણ મને યાદ નથી કે મને છેલ્લી વખત હિન્દી ફિલ્મની ઓફર મળી હતી." દરવાજો ખખડાવવો અને કામ માંગવામાં કોઈ નુકસાન નથી, પરંતુ સમસ્યા એ છે કે જે લોકો કામ આપી રહ્યા છે તેઓ પોતે જ સંઘર્ષ કરી રહ્યા છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો નેહા ધૂપિયા તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં માલિની શર્માના રોલમાં જોવા મળી હતી. આનંદ તિવારીની આ ફિલ્મમાં વિકી કૌશલ, તૃપ્તિ ડિમરી અને એમી વિર્ક મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. 'બેડ ન્યૂઝ' 19 જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી અને તેને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. થોડા દિવસો પહેલા નેહાએ એક BTS વીડિયો શેર કર્યો હતો એટલે કે ફિલ્મના સેટ પરથી પડદા પાછળનો વીડિયો, જેમાં તે વિકી અને તૃપ્તિ સાથે મસ્તી કરતી જોવા મળી હતી. તેણે તેના કેપ્શનમાં લખ્યું, "માકોરોના કી કસમ મજા ગયા"

# કોમેડી ડ્રામા : અક્ષય કુમારની ખેલ ખેલ મેં રિલીઝ થશે 15 ઓગસ્ટે, પોસ્ટર જાહેર





સરફિરા બાદ હવે અક્ષય કુમારની આગામી ફિલ્મ ખેલ ખેલ રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં અક્ષય કુમારની સાથે તાપસી પન્નુ , વાણી કપૂર , એમી વિર્ક , આદિત્ય સીલ , પ્રજ્ઞા જયસ્વાલ અને ફરદીન ખાન મહત્વની ભૂમિકામાં જોવા મળશે. તાજેતરમાં જ નિર્માતાઓએ ફિલ્મનું પહેલું મોશન પોસ્ટર રિલીઝ કર્યું હતું જે રોમાંચક , રોલરકોસ્ટર રાઈડ તરફ ઈશારો કરે છે . આમાં , તમને રમૂજ , રસપ્રદ વાર્તાલાપ અને ઘણું બધું જોવા મળશે.

અક્ષય કુમાર , તાપસી પન્નુ , વાણી કપૂર , એમી વિર્ક , આદિત્ય સીલ , પ્રજ્ઞા જયસ્વાલ અને ફરદીન ખાન અભિનીત કોમેડી ડ્રામા એ હાસ્ય-બહાર-મોટેથી ક્ષણો અને હૃદયને સ્પર્શી જાય તેવા દ્રશ્યોનું સંપૂર્ણ મિશ્રણ છે જે હૃદયને સ્પર્શી જાય છે. મોશન પોસ્ટર શેર કરતી વખતે અક્ષયે લખ્યું , " યારોં વાલા ખેલ ... યારી વાલા પિક્ચર!" બેન્ડ વગાડતા વાતાવરણમાં ... બેન્ડ વગાડવાનું ચિત્ર ! , વર્ષના સૌથી મોટા ફેમિલી એન્ટરટેનરને ' હેલો ' કહો ! , ખેલ ખેલ મેં 15મી ઓગસ્ટ 2024 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે "

ગુલશન કુમાર , ટી - સિરીઝ અને વકાઉ ફિલ્મ્સ ખેલ ખેલ મેં રજૂ કરે છે. A T - Series ફિલ્મ , Wakau Films અને KKM ફિલ્મ પ્રોડક્શન , ખેલ ખેલ મેં મુદસ્સર અઝીઝ દ્વારા નિર્દેશિત અને ભૂષણ કુમાર , ક્રિષ્ન કુમાર , વિપુલ ડી શાહ , અશ્વિન વર્દે , રાજેશ બહલ , શશિકાંત સિંહા અને અજય રાય દ્વારા નિર્મિત છે .આ ફિલ્મ 15 ઓગસ્ટ 2024 ના રોજ દેશભરમાં રિલીઝ થશે .

# પ્રેમની ભાષા સમજાવતી ફિલ્મ "વાર તહેવાર" થઈ રહી છે 2 ઓગસ્ટે રીલીઝ




પ્રેમ જેવો કોઈ વાર નથી કે નથી કોઈ તહેવાર - આ ટેગ લાઈન ઘણું બધું કહી જાય છે. જો જીવનમાં પ્રેમ હોય તો દરેક વાર પણ તહેવાર બની જાય. આવી જ એક વાતને કહેવા માટે આવી રહી છે ફિલ્મ "વાર તહેવાર". જે 2જી ઓગસ્ટ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. ફિલ્મના મુખ્ય કલાકારો પરીક્ષિત ટમાલીયા, એમ. મોનલ ગજ્જર અને ટીકુ તલસાણીયા. ચિન્મય પી પુરોહિત દ્વારા લિખિત અને તેમના દ્વારા જ દિર્ગદર્શિત આ ફિલ્મ 2 ઓગસ્ટ, 2024ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. થોડાં દિવસ અગાઉ રિલીઝ થયેલ ફિલ્મના ટ્રેલરને અદ્ભૂત પ્રતિસાદ મળ્યો છે અને ફિલ્મ જોવા અંગેની ઉત્સુકતા પણ વધી છે.

આ એક સંપૂર્ણ ફેમિલી એન્ટરટેઈન્મેન્ટ ફિલ્મ છે. આ ફિલ્મ પ્રેમની પરિભાષા સમજાવે છે. માંગલ્ય મીડિયા એન્ટરટેઈન્મેન્ટ એલએલપીના બેનર હેઠળ બનેલ અને મનીષ દેસાઈ તથા રીટા દેસાઈ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલ આ ફિલ્મ પરિવાર ની લાગણી અને કોમેડીનો સમન્વય ધરાવે છે ફિલ્મના મુખ્ય પાત્રોમાં પરીક્ષિત ટમાલીયા, એમ મોનલ ગજ્જર અને ટીકુ તલસાણીયા જેવા દિગ્ગજ કલાકારો છે. તે સાથે ફિલ્મમાં અરવિંદ વૈદ્ય જેવા જાણીતા એક્ટર પણ ખાસ રોલમાં જોવા મળશે. તેમની સાથે જ આંચલ શાહ, અનુરાગ પ્રપન્ન, કલ્પેશ પટેલ, કલ્પના ગગદેકર, ભૂમિકા પટેલ જેવા કલાકારો ચાર ચાંદ ઉમેરશે. જાણીતી અભિનેત્રી મનીષા પુરોહિત અને અલીશા પ્રજાપતિ પણ મહેમાન કલાકાર તરીકે પણ જોવા મળવાના છે.

આ ફિલ્મનું શુટિંગ અમદાવાદમાં થયું છે. અને આ ફિલ્મમાં 4 ગીતો છે. જેમાંથી એક ગીત બોલીવુડમાં ના જાણીતા સિંગર શાન એ અવાજ આપ્યો છે. ફિલ્મની સ્ટોરી લાઈનની વાત કરીયે તો ફિલ્મમાં અભિનેત્રી એમ મોનલ ગજ્જર એક મનોવિજ્ઞાનીક પ્રીતલ પાઠકની ભૂમિકામાં છે તો પરાક્ષિત ટમાલીયા રોબોટિક એન્જીનીયર શુભ મેહતાના રોલમાં જોવા મળશે. એટલે કે ફિલ્મના હીરો અને હિરોઈન જેઓ આજની જનરેશનને રિપ્રેઝન્ટ કરી રહ્યા છે.

ફિલ્મના મુખ્ય નાયક શુભ મેહતા (પરીક્ષિત)નું સપનું છે એક આર્ટિફિશિયલ હાર્ટ બનાવવાનું. જેની સાથે એક રોબોટ પણ છે જે માનવ સંબંધોની વ્યાખ્યા પોતાની રીતે કહે છે. આ બંને કઈ રીતે મળે છે અને તેમના વચ્ચે પ્રેમ થશે કે નહિ અને જો થશે તો બંનેના દિલ જોડાશે કે તૂટશે? તે તો આ ફિલ્મ થકી જ જાણવા મળશે. ફિલ્મનું મુખ્ય કેન્દ્ર ઈમોશન્સ અને બે પેઢી વચ્ચેની વિચારધારાનું અંતર એ આ ફિલ્મ થકી ઘણું શીખવાડશે.ટીકુ તલસાણીયા ફિલ્મમાં મોનલના પિતા તરીકે પોતાના આ વિચારોને મજાથી આ ફિલ્મમાં મૂક્યા છે તેવું દેખાઈ રહ્યું છે.

ટીકુ તલસાણીયા જેવા જાણીતા અભિનેતાના પરિપક્વ અભિનય, કોમેડી ટાઈમિંગ તો જગ જાહેર છે. તેમ જ એક પિતાની સંવેદનાને, પિતાની ચિંતાને પણ તેમણે અદભુત રીતે ફિલ્મમાં બતાવી છે. ફિલ્મની સ્ટારકાસ્ટ, પ્રોડક્શન વેલ્યૂ અને મ્યુઝિક સરાહનીય છે. ફિલ્મમાં આજની ટેક્નોલોજીથી પ્રેરિત રોબોટનું કેરેક્ટર ફિલ્મને સફળતાનાં શિખરે ચોક્કસપણે લઈ જશે. ટીકુ તલસાણીયા જણાવે છે કે, "મારો રોલ ફેમીલીમેન, ખુશ મિજાજ અને ભાવુક પિતાનો છે અને હુ મારી રિયલ લાઈફમાં પણ એવો જ છું. કોઈ પણ તહેવાર પરિવાર વિના શક્ય નથી અને તે જ વાત આ ફિલ્મમાં પણ બતાવવામાં આવી છે."

પરીક્ષિત ટમાલીયા જણાવે છે કે, "મારો રોલ શુભ મહેતાનો છે જે એક રોબોટિક એન્જીનીયર છે અને જેના માટે પૈસા જ બધું છે. તેના જીવનમાં ભાવનાઓને સ્થાન નથી પરંતુ અંગત જીવનમાં મારા માટે પરિવાર જ બધું છે." એમ મોનલ ગજ્જર જણાવે છે કે, "આ આજની જનરેશનની ફિલ્મ છે. મોટાભાગના લોકોના જીવનમાં જે બને છે તે જ આ ફિલ્મમાં દર્શાવાયું છે. આ એક સેન્સિબલ ફિલ્મ છે જે દરેક વયના લોકોને કનેક્ટ કરશે."

# અભિષેક-ઐશ્વર્યા શું ફરીથી સાથે જોવા મળશે ? આરાધ્યાનો પ્રેમ બંને માતા-પિતાને ભેગા કરવામાં સફળ થશે, શું કહે છે ગ્રહો







તાજેતરમાંજ અનંત-રાધિકાના લગ્ન સમાપ્ત થયા હતા.આ લગ્ન સમારંભમાં દેશ વિદેશથી જાણીતી હસ્તીઓ જેમાં ક્રિકેટરો, ગાયક. એક્ટર, નેતાઓ,વેપારીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં બચ્ચન પરિવાર પણ આમંત્રિત હતો. પરંતુ બચ્ચન પરિવાર એક સાથે ન આવતા મીડિયાને વાત કરવાનો ચાન્સ મળી ગયો ,જેમાં અભિષેક પિતા અમિતાભ બચ્ચન ,જયા બચ્ચન અને શ્વેતા બચ્ચન નંદા સાથે આવ્યો હતો ,જ્યારે ઐશ્વર્યા રાય દીકરી આરાધ્યા સાથે આવી હતી.

ત્યારથીજ મીડિયામાં આ સમાચાર હવાની જેમ ફેલાવા માંડ્યા કે શું એશ અને અભિ અલગ થવાના છે ? એવામાં એક જાણીતા જ્યોતિષશાસ્ત્રીએ જણાવ્યું હતું કે બંનેના લગ્ન જીવનમાં મુશ્કેલીઓ આવી છે, અને તેઓ અલગ થવાની સાંભવનાઓ જણાઈ રહી છે. જાણીતા જ્યોતિષશાસ્ત્રીએ જણાવ્યું હતું કે તેમના લગ્ન જીવન માટે મુશકેલીભર્યો સમય છે. અભિષેક અને ઐશ્વર્યા રાય છેલ્લા કેટલાય સમયથી સમાચારોમાં છે. અને તેમના લગ્ન વિશે મીડિયામાં ઘણી અફવાઓ ચાલી રહી છે કે આ કપલ વચ્ચે બધુ બરાબર નથી અને તેઓ એકબીજાની સાથે લાંબા સમયથી રહેતા નથી. જ્યારે તેમની દીકરી આરાધ્યા બચ્ચન પણ તેની માતા ઐશ્વર્યા સાથે જ રહે છે.

આ બધાની વચ્ચે અભિષેક બચ્ચને એક છૂટા છેડાની ઈન્સ્ટાગ્રામની પોસ્ટને લાઈક પણ કરી હતી અને ઐશ્વર્યાને ઈન્સ્ટાગ્રામમાં અનફોલો કરી જેથી છૂટાછેડાની વાતો ને વાંધારે વેગ મળ્યો હતો. માહિતી મુજબ જાણીતા જ્યોતિષશાસ્ત્રી જગન નાથ ગુરુજીએ આ બાબતે કહ્યું હતું કે તેઓ ફક્ત તેમની પુત્રી પ્રત્યેના લાગાવ- પ્રેમ માટે સાથે છે. ગુરુજી એતો અગાઉ જ બંનેના જન્માક્ષર જોઈને બંનેના છૂટા છેડા અંગે વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે બંને પોતાના લગ્ન જીવન ટકાવી રાખવાના પ્રયત્ન કરી રહયા છે.તે છત્તા આપણે બન્નેને કેટલાય પ્રસંગોમાં અલગ અલગ આવતા જોયા છે, આવનાર સમયમાં બંને ચોક્કસ છૂટાછેડા લેશે એવું કહી શકાય નહીં ,પરંતુ તેઓ ચોકકસ અલગ જોવા મળશે. બનેમાં મિત્રતા અને આદર કાયમ રહે તે માટે તેઓ પ્રયન્ત કરશે.

# માધુરી 57 વર્ષે પણ મેશઅપ ગીતના તાલ પર ડાન્સ કરી મચાવી રહી છે તાક ધૂમધૂમ..તાક ધૂમધૂમ





બોલીવુડની જાણીતી અભિનેત્રી માધુરી દીક્ષિત કાયમ સોશિયલ મીડિયામાં અપડેટ રહેતી હોય છે. એક સમયે પોતાના કરિયરમાં ઘણી શાનદાર ફિલ્મોમાં કામ કર્યું છે. માધુરી દીક્ષિતે તેના અભિનયથી લઈને તેના નૃત્ય સુધી લોકોનું ધ્યાન ખેંચ્યું છે. હાલ 57 વર્ષની માધુરી દીક્ષિત હવે ફિલ્મોમાં ભાગ્યે જ જોવા મળે છે પરંતુ તે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહી પોતાના ચાહકો સાથે તેના સંબંધિત અપડેટ્સ શેર કરતી રહે છે. તાજેતરમાં જ 'પુષ્પા 2'ના ગીતને લઈને તેની ખૂબ ચર્ચા થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ માધુરીએ પુષ્પા-2 માં કઈક અલગ ફ્લેવર ઉમરીને તેમાં નવિનતા લાવવાનો પ્રયત્ન કર્યો છે. જેના કારણે તેના ડાન્સની સૌ કોઈ પ્રશંસા કરી રહ્યું છે. વાસ્તવમાં માધુરી દીક્ષિત ફિલ્મ 'પુષ્પા 2'ના એક ટ્રેન્ડિંગ ગીત અને મરાઠી ગીતને મૅશઅપ કરી તેના પર ડાન્સ કરતો વિડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો છે. જેને તેના ચાહકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યો છે.

અભિનેત્રી માધુરી દીક્ષિતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં માધુરી દીક્ષિત ડાન્સ કરતી જોવા મળી રહી છે. રસપ્રદ વાત એ છે કે માધુરી દીક્ષિત 'પુષ્પા 2'ના ટ્રેન્ડિંગ ગીત અને મરાઠી ગીત 'લજરા ના સાઝર મુખડા'ના મૅશઅપ પર ડાન્સ કરી રહી છે. માધુરી દીક્ષિતે આ સાથે લખ્યું છે કે, જ્યારે શંકા હોય ત્યારે ખુલીને ડાન્સ કરો. માધુરી દીક્ષિતના આ ડાન્સ વીડિયોને ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે અને ચાહકો તેના પર ઉગ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે. તેને ચાહકોએ લખ્યું છે, 'ડાન્સ એટલે માધુરી મેમ.' "તેમનાથી શ્રેષ્ઠ કોઈ ન હોઈ શકે."

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો માધુરી દીક્ષિત છેલ્લે મૂવી'ધ ફેમ ગેમ' જોવા મળી હતી. ત્યારબાદ તે વધારે ડાન્સ રિયાલિટી શોમાં જજ તરીકે જોવા મળે છે. તમને જણાવી દઈએ કે માધુરી દીક્ષિત હાલમાં જ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં જોવા મળી હતી જેમાં તેની સાથે તેના પતિ અને પુત્ર પણ જોવા મળ્યા હતા. માધુરી દીક્ષિતે લગ્નનો પોતાનો ડાન્સ વીડિયો શેર કર્યો છે. જે જોઈને કૉઈ પણ ન કહી શકે કે માધુરી હાલ 57 વર્ષની છે.

# કાર્તિક આર્યન પતિ પત્ની ઔર વો-2 માટે અભિનેત્રીની શોધમાં,કોણ હશે ?



કાર્તિક આર્યન બોલિવૂડના મોસ્ટ ડિમાન્ડિંગ એક્ટર્સમાંથી એક બની ગયો છે. અલગ-અલગ ભૂમિકાની ફિલ્મોમાં પોતાને સાબિત કરી ચૂકેલા કાર્તિક આર્યનની અગાઉની ફિલ્મ ચંદુ ચેમ્પિયન તેની અભિનય કારકિર્દીને આગલા સ્તર પર લઈ ગઈ છે . ગંભીર , તીવ્ર અને એક્શન ઈમેજ ઉપરાંત, કાર્તિક આર્યનની કોમિક શૈલી તેના ચાહકોમાં વધુ લોકપ્રિય છે. અને તેથી હવે કાર્તિક ફરી એકવાર તેની કોમિક ઈમેજમાં પાછો આવી રહ્યો છે. કાર્તિક આર્યન ફરી એકવાર તેની 2019 ની બ્લોકબસ્ટર પતિ પત્ની ઔર વોની સિક્વલમાં જોવા મળશે .

પ્રોજેક્ટની નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે સિક્વલની સ્ક્રિપ્ટ પહેલાથી જ લોક કરી દેવામાં આવી છે અને કાર્તિક નાના શહેરના એક સામાન્ય વ્યક્તિની ભૂમિકા ભજવવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. સૂત્રે જણાવ્યું હતું કે , " કાર્તિકને પતિ પત્ની ઔર વો 2 ની સ્ક્રિપ્ટ ખરેખર ગમતી હતી અને તે તેના માટે સંમત થતાં જ નિર્માતાઓએ તેને જલ્દીથી શરૂ કરવાનું નક્કી કર્યું હતું. અભિનેતાના ચુસ્ત શેડ્યૂલ અને ઘણી ફિલ્મોને ધ્યાનમાં રાખીને, નિર્માતાઓએ શક્ય તેટલી વહેલી તકે તેની તારીખો સુરક્ષિત કરી છે. કાર્તિક ભુલ ભુલૈયા 3 નું શૂટિંગ પૂર્ણ કરે કે તરત જ પતિ પત્ની ઔર વો 2 નું શૂટિંગ શરૂ થશે. ,

પતિ પત્ની ઔર વો (2019) ને તેની અનોખી લવ સ્ટોરી માટે પ્રેક્ષકો દ્વારા પસંદ કરવામાં આવી હતી અને વાયરલ ગીત ' ધીમે ધીમે'માં કાર્તિકના ધમાકેદાર ડાન્સ મૂવ્સે ઈન્ટરનેટ પર તોફાન મચાવી દીધું હતું.

ભૂષણ કુમાર અને જુનો ચોપરા દ્વારા નિર્મિત , પતિ પત્ની ઔર વોની સિક્વલ મુદસ્સર અઝીઝ દ્વારા નિર્દેશિત કરવામાં આવશે. સૂત્રએ ખુલાસો કર્યો કે મેકર્સે હજુ સુધી સિક્વલ માટે ' વોહ'ને લોક કર્યું નથી . કાર્તિક અને કોમેડી શૈલી હંમેશા બ્લોકબસ્ટર કોમ્બો રહી છે, અને અભિનેતાએ પ્યાર કા પંચનામા (1 અને 2), સોનુ કે ટીટુ કી સ્વીટી , પતિ પત્ની ઔર વો , લુકા છુપી અને ભુલ ભુલૈયા 2 જેવી હિટ ફિલ્મો આપી પોતાને સાબિત કર્યું છે.

# બેડ ન્યૂઝ કરી રહી છે બમ્પર કમાણી, દર્શકોની પસંદગી બતાવી રહ્યાં છે આંકડા




બોલિવૂડ એક્ટર વિકી કૌશલની ફિલ્મ 'બેડ ન્યૂઝ' બોક્સ ઓફિસ પર સતત સારી કમાણી કરી રહી છે. ફિલ્મની કમાણીના આંકડા મેકર્સને ખુશ કરી રહ્યા છે. તે જ સમયે, ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલની સાથે તૃપ્તિ ડિમરી અને એમી વિર્કનું કામ પણ પસંદ કરવામાં આવી રહ્યું છે. ફિલ્મ રિલીઝ થયા પછી ખબર પડી કે તે સારી કમાણી કરનાર છે. ફિલ્મ 'બેડ ન્યૂઝ' સોમવારે લિટમસ ટેસ્ટમાં પાસ થઈ ગઈ છે. ચાલો જાણીએ કે આ ફિલ્મે રિલીઝ થયા પછી પહેલા સોમવારે કેટલું કલેક્શન કર્યું છે.

વિકી કૌશલ , તૃપ્તિ ડિમરી અને એમી વિર્કની ફિલ્મ 'બેડ ન્યૂઝ' ગયા શુક્રવારે સિનેમાઘરોમાં આવી હતી. રિલીઝ પહેલા આ ફિલ્મને લઈને ઘણી ચર્ચા હતી જેના કારણે તે સારી કમાણી કરી રહી છે. ફિલ્મ 'બેડ ન્યૂઝ' જોવા સિનેમાઘરોમાં આવતા લોકોને મનોરંજનનો પૂરો ડોઝ મળી રહ્યો છે. પરિણામ એ છે કે ફિલ્મ સોમવારના લિટમસ ટેસ્ટમાં પાસ થઈ ગઈ છે. ફિલ્મ 'બેડ ન્યૂઝ' વિશે મીડિયા રિપોર્ટ્સમાં આપવામાં આવેલા પ્રારંભિક આંકડાઓ અનુસાર, તેણે સોમવારે 3.75 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ રીતે ફિલ્મનું કુલ કલેક્શન 34.37 કરોડ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મે પહેલા દિવસે 8.62 કરોડ રૂપિયા, બીજા દિવસે 10.55 કરોડ રૂપિયા અને ત્રીજા દિવસે 11.45 કરોડ રૂપિયાની કમાણી કરી છે. હવે જોવાનું એ રહે છે કે ફિલ્મ કમાણીના મામલામાં કેટલી આગળ વધે છે.ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં મનોરંજનનો સંપૂર્ણ ડોઝ ઉપલબ્ધ છે. આનંદ તિવારીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'ની સાથે સાથે ફિલ્મ 'કલ્કી 2898 એડી' અને ફિલ્મ 'સરફિરા' પણ સિનેમાઘરોમાં દેખાઈ રહી છે. જો કે તેમ છતાં વિકી કૌશલ, તૃપ્તિ ડિમરી અને એમી વિર્કની ફિલ્મ 'બેડ ન્યૂઝ' સારું કલેક્શન કરી રહી છે.

# 48 વર્ષની ઉમરે પણ એકલી અને આનંદિત રહેતી સુષ્મિતા સેન...પૂર્વ બોયફ્રેન્ડના સબંધો વાગોળે છે



બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેન પોતાની ફિલ્મો અને એક્ટિંગ ઉપરાંત પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ઘણી ચર્ચામાં રહે છે. તેના ઘણા અફેર રહ્યા છે. જોકે હજુ સુધી સુસ્મિતાએ લગ્ન નથી કર્યા. એક સમયે તેનું નામ લલિત મોદી સાથે પણ જોડાયેલું હતું. ત્યારબાદ તે પોતાના કરતા 16 વર્ષ નાના રોહમન શૉલ સાથેના તેના સંબંધોને લઈને ચર્ચામાં હતી.

તાજેતરમાં, તેણીએ તેની લવ લાઈફ વિશે વાત કરતા કહ્યું કે તે હાલમાં સિંગલ છે અને કોઈને ડેટ કરી રહી નથી. પરંતુ અહીં તેના પૂર્વ બોયફ્રેન્ડે તેના વિશે એક મોટી વાત કહી. સુષ્મિતા સેન ફરી એકવાર તેની અંગત જીવનને લઈને ચર્ચાનો વિષય બની છે. વાસ્તવમાં તેની શરૂઆત ત્યારે થઈ જ્યારે સુષ્મિતા સેન અને રોહમન શાલ એક એવોર્ડ ફંક્શનમાં સાથે જોવા મળ્યા હતા. જોકે, તેણે ખુલાસો કર્યો હતો કે તે છેલ્લા કેટલાક સમયથી સિંગલ છે. પરંતુ બીજી તરફ તેના પૂર્વ બોયફ્રેન્ડ રોહમને કહ્યું છે કે તેમના સંબંધોમાં કંઈપણ બદલાશે નહીં. એક ઈન્ટરવ્યુમાં રોહમનને સુષ્મિતા સેન વિશે પૂછવામાં આવ્યું અને તેને એક્ટ્રેસ સાથેના તેના રિલેશનશિપ સ્ટેટસ વિશે પૂછવામાં આવ્યું.

જવાબ આપતા રોહમને કહ્યું, "અમે 6 વર્ષથી સાથે છીએ, તો હવે નવું શું છે?" આ સાથે તેણે આગળ કહ્યું કે બંને હંમેશાથી મિત્રો છે અને આમાં કંઈ બદલાયું નથી અને બદલાશે પણ નહીં. આ સાથે તેણે કહ્યું કે તે બંને કેટલાક ખાસ બોન્ડ શેર કરે છે અને તે તેના વિશે ખૂબ જ સ્પષ્ટ છે. જ્યારે સુષ્મિતાએ રિયા ચક્રવર્તીના શો 'ચેપ્ટર 2'માં કહ્યું હતું કે તેના જીવનમાં કોઈ નથી.

સુષ્મિતાએ કહ્યું હતું કે, આજે જ્યારે અમે અહીં બેઠા છીએ ત્યારે મારા જીવનમાં કોઈ છોકરો નથી. હું લાંબા સમયથી સિંગલ છું. હું લગભગ બે વર્ષથી સિંગલ છું. ચોક્કસ કહીએ તો, હું 2021 થી કોઈ સંબંધમાં નથી. મારા જીવનમાં કેટલાક ખાસ લોકો છે, જે મારા મિત્રો છે." આ સાથે તેણે આ જ ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું હતું કે 5 વર્ષના રિલેશનશિપ બાદ તે હવે બ્રેક લેવા માંગે છે. સુષ્મિતા સેન રોહમન શોલને ડેટ કરી રહી હતી. પરંતુ વર્ષ 2021માં તેણે રોહમનથી અલગ થવાનો નિર્ણય કર્યો. જોકે, બંને હજુ પણ ઘણી ઈવેન્ટ્સમાં સાથે જોવા મળે છે. વિદાય લેતી વખતે તેઓએ કહ્યું કે ભલે તેઓ અલગ થઈ રહ્યા છે, પરંતુ તેઓ ભવિષ્યમાં પણ મિત્રો રહેશે.

સુષ્મિતા સેને પણ આ જ ઈન્ટરવ્યુમાં હાર્ટબ્રેક વિશે વાત કરી હતી અને પોતાનો અભિપ્રાય પણ શેર કર્યો હતો. તેણીએ કહ્યું હતું કે તે જે ઉંમરમાં છે, તેમાં એવું કંઈ નથી, બલ્કે, તે સંબંધમાં પ્રેમ અને કાળજી રાખે છે કારણ કે દરેક તેમાં સામેલ છે. તેણે કહ્યું હતું કે, "હું ખૂબ જ સુરક્ષિત છું. જો તે વાતાવરણમાં કંઈપણ ખરાબ બની જાય, તો તમે મારું નામ લો તે પહેલાં હું ઝડપથી દૂર થઈ જાઉં છું.

સુષ્મિતા સેનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સુષ્મિતા સેને 1996માં ફિલ્મ 'દસ્તક "થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. તે અનમેરીડ છે, તેને બે દીકરીઓ છે, અલીશા અને રિમી સેન. બંનેને અભિનેત્રીએ દત્તક લીધી હતી. ત્યારબાદ તેણે વર્ષ 2020માં આર્ય સાથે કમબેક કર્યું હતું. આમાં તેની સાથે ઈલા અરુણ, સિકંદર ખેર, ઈન્દ્રનીલ સેનગુપ્તા, વિકાસ કુમાર, માયા સરાવ અને ગીતાંજલી કુલકર્ણી જેવા કલાકારો જોવા મળ્યા હતા. છેલ્લી વખત તે 'તાલી'માં જોવા મળી હતી. આ એક શ્રેણી છે, જેમાં તેણીએ ટ્રાન્સજેન્ડર એક્ટિવિસ્ટ ગૌરી સાવંતની ભૂમિકા ભજવી હતી. દર્શકોને તેની એક્ટિંગ ખૂબ જ પસંદ આવી હતી.

ગુજરાત વંદન
સાપ્તાહિક
gujaratvandan.com

# રેલ બજેટમાં ગુજરાત માટે રૂ.8743 કરોડની ફાળવણી

## ગુજરાત માટેના ખર્ચમાં ૧૫ ગણો વધારો કરાયો

ગુજરાત | વંદન

ગુજરાતમાં રેલવે પ્રોજેક્ટ્સ માટે ફાળવણીમાં જંગી વધારો કરી રેલવે મંત્રાલયે આ વર્ષે રૂ.૮૭૪૩ કરોડની ફાળવણી કરી છે.

બજેટની જોગવાઈઓ અંગે માહિતી આપતાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯-૧૪ દરમિયાન વાર્ષિક રૂ.૫૮૯ કરોડના વાર્ષિક સરેરાશ ખર્ચની સરખામણીએ ગુજરાત માટેના ખર્ચમાં ૧૫ ગણો વધારો થયો છે. હાલ રાજ્યમાં રૂ.૩૦,૮૨૬ કરોડની કિંમતના ૧૯૪૮ કિમીને આવરી લેતાં ટ્રેક સહિત ૪૨ પ્રોજેક્ટ્સનું કામ ચાલી રહ્યું છે.




ગુજરાતના ૮૭ સ્ટેશનોને અમૃત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવશે જેમાં અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, અસારવા, બારડોલી, ભચાઉ, ભક્તિનગર, ભાણવડ, ભરૂચ, ભાટિયા, ભાવનગર, ભેસ્તાન, ભીલડી, બીલીમોરા જંકશન, બોટાદ જંકશન, ચાંદલોડિયા, ચોરવાડ રોડ, ડભોઈ જંકશન, દાહોદ, ડાકોર, ડેરોલ, ધ્રાગધ્રા, દ્વારકા, ગાંધીધામ, ગોધરા જંકશન, ગોંડલ, હાપા, હિંમતનગર, જામ જોધપુર, જામ વંથલી, જામનગર, જુનાગઢ જંકશન, કલોલ જંકશન, કાનાલુસ જંકશન, કરમસદ, કેશોદ, ખંભાળિયા, કીમ, કોસંબા જંકશન , લખતર, લીંબડી, લીમખેડા, મહેમદાવાદ ખેડા રોડ, મહેસાણા જંકશન, મહુવા, મણિનગર, મીઠાપુર, મિયાગામ કરજણ જંકશન, મોરબી, નડિયાદ જેએન, નવસારી, ન્યુ ભુજ, ઓખા, પડધરી, પાલનપુર જંકશન, પાલિતાણા, પાટણ, પોરબંદર, પ્રતાપનગર, રાજકોટ જંકશન, રાજુલા જંકશન, સાબરમતી બીજી, સાબરમતી એમજી, સચિન, સામખિયાળી, સંજાણ, સાવરકુંડલા, સાયનસિદ્ધપુર, સિહોર જંકશન, સોમનાથ, સોનગઢ, સુરત, સુરેન્દ્રનગર, થાન, ઉધના, ઉદવાડા, ઉમરગાંવ રોડ, ઊંઝા, ઉતરણ, વડોદરા, વાપી, વટવા, વેરાવળ, વિરમગામ, વિશ્વામિત્રીનો સમાવેશ થાય છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ટ્રેકના વિકાસની વાત કરીએ તો, ૨૦૦૯-૨૪ દરમિયાન ૨૨૪ કિમી વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે.

# કેન્સર સહિતના અસાધ્ય રોગની મોંઘી દવા હવે મફત મળશે

## ઓક્ટોબર-નવેમ્બરથી આ દવાઓ દર્દીઓ માટે ઉપલબ્ધ થઈ શકશે

ગુજરાત | વંદન



કેન્સર સહિતના અસાધ્ય રોગથી પીડાતા દર્દીઓને હવે સારવાર માટે મોંઘી દવાઓ વિનામૂલ્યે મળી શકશે. આ અંગેની વ્યવસ્થા રાજ્ય સરકાર કરશે.સરકારના આરોગ્ય વિભાગે ચાલુ વર્ષે આવશ્યક દવાઓની યાદીમાં નવી 665 દવા ઉમેરી છે. આ સાથે આવશ્યક દવાઓની સંખ્યા 717થી વધી 1,382 થઈ છે. મહત્ત્વનું છે કે, છેલ્લાં 20 વર્ષમાં પહેલી વખત આવશ્યક દવાની યાદીમાં એક સાથે 92 ટકા દવા ઉમેરાઈ છે.

કેન્સર, કિડની કે સ્કીઝોફેનિયા જેવા અસાધ્ય રોગના દર્દીનો ઈલાજ જીવનપર્યંત ચાલતો હોય છે. આ રોગની દવાઓ ખૂબ જ મોંઘી આવતી હોવાથી દર્દીઓ દવાનો કોર્સ અડધેથી છોડી દેતા હોય છે. દર્દીઓની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે આવશ્યક દવાની યાદીમાં અસાધ્ય રોગોનો સમાવેશ કર્યો છે.

સાથેસાથે જૂની યાદીની દવાઓનો પણ રિવ્યુ કરી લેટેસ્ટ અને અસરકારક દવાઓની પસંદગી કરાઈ છે. દવાઓ પાછળ વાર્ષિક એક હજાર કરોડ રૂપિયા કરતા વધુ ખર્ચનો અંદાજ છે. અગ્ર સચિવ, આરોગ્યના અધ્યક્ષ સ્થાને ઉચ્ચ સ્તરિય મિટિંગ મળી હતી જેમાં વિવિધ રોગોના નિષ્ણાત તબીબોને એકત્ર કરાયા હતા.લગભગ 6 કલાકથી વધુ સમય માટે ચાલેલી આ મિટિંગમાં એક-એક દવાનો રિવ્યુ કરાયો હતો. ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લિ. દ્વારા આગામી બે મહિના સુધીમાં તમામ દવાઓનું ટેન્ડર કરી વર્ક ઓર્ડર અપાશે. ઓક્ટોબર-નવેમ્બર મહિનાથી આ દવાઓ દર્દીઓ માટે ઉપલબ્ધ થઈ શકશે. ચામડીના રોગ, માનસિક રોગ, ડાયાબિટિસ, બ્લડપ્રેશર, ઈમરજન્સી અને સિરિયસ દર્દીઓ માટે આઈસીયુમાં વપરાતી મોંઘી અને લેટેસ્ટ એન્ટિબાયોટિક દવાઓનો યાદીમાં સમાવેશ કરાયો છે. સર્જીકલ સ્યુચર, ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ અને જીઆઈ સ્ટેપલર જેવી સર્જીકલ આઈટમો પણ યાદીમાં ઉમેરાઈ છે. નિષ્ણાત ડૉક્ટરોની ટીમે મહત્તમ દર્દીઓને લાભ મળી શકે તે હિસાબે દવાઓ પસંદ કરી છે.

ગંભીર બીમારીદવા-ઈન્જેક્શન કેન્સર Injection Rituximab 500 mg ઈસ્કેમિક સ્ટ્રોકI njection Tenecteplase 20 mg ઈસ્કેમિક સ્ટ્રોકI njection Tenecteplase 40mg/vial ફન્ગલ ઈન્ફેક્શન Injection Caspofungin 50 mg/vial સ્કીઝોફેનિયા Injection Paliperidone 100 mg સ્કીઝોફેનિયા Injection Risperidone 50 mg ઓસ્ટિઓઆર્થરાઈટિસ Injection Sodium Hyaluronate 8 m બેક્ટેરિયલ ઈન્ફેક્શન (ચામડી)Tablet Tedizolid 200mg હિપેટાઈટિસ-બી Injection Hepatitis B Immunoglobulin દર્દીઓને આ દવા મળી શકશે.

# ફાયર NOC મેળવી લેવા 30 દિવસનું અલ્ટીમેટમ

## એનઓસીનીના સાધનોની વ્યવસ્થા નહીં કરતાં શાળાની માન્યતા રદ થઈ શકે છે



ગુજરાત | વંદન

રાજ્યની તમામ સ્કૂલોને આગામી 30 દિવસમાં ફાયર અને એનઓસી મેળવી લેવા માટે કમિશનર ઓફ સ્કૂલ દ્વારા તાકીદ આપવામાં આવી છે. રાજ્યની દરેક ડીઈઓ કચેરીને પરિપત્ર મોકલીને ફાયર એનઓસી માટે કયા પ્રકારના નિયમોનું પાલન કરવું તેની વિસ્તૃત ગાઈડલાઈન પણ જાહેર કરાઈ છે.

વિભાગ દ્વારા દરેક સ્કૂલોમાં ફાયર સેફટીને લગતી વ્યવસ્થા અને બી.યુ. પરવાનગી છે કે નહીં તેની ચકાસણી કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. હવે સ્કૂલ ઓફ કમિશ્નર દ્વારા દરેક જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર મોકલીને એવી તાકીદ કરવામાં આવી છે કે, આગામી 30 દિવસમાં દરેક સ્કૂલોએ ફાયર એનઓસી મેળવી લેવાનું રહેશે.

આ ઉપરાંત ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે જેમાં બે કે તેથી વધારે માળ ધરાવતી સ્કૂલોએ ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવાનો રહેશે. જે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય તેણે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરીને પાળી બદલવાની રહેશે.

આ ઉપરાંત જે સ્કૂલમાં આધુનિક અને ઓનલાઈન શિક્ષણ આપવાની વ્યવસ્થા હોય તેઓ ઓનલાઈન શિક્ષણ પણ આપી શકશે. જે શાળાનો ફ્લોર એરિયા 500 ચો.મી.થી વધુ હોય તેવી શાળાઓએ શકય હોય તો 500 ચો.મી.થી વધુ હોય તેવી શાળાઓએ શકય હોય તો 500 ચો.મી.થી ઓછા ફ્લોર એરિયાનો શૈક્ષણિક કાર્ય માટે ઉપયોગ કરવાનો રહેશે.

શાળા સમય દરમિયાન આગ લાગી શકે કે પ્રસરી શકે તેવા જવલનશીલ પદાર્થ કે વસ્તુઓ રાખી કે તેવી કોઈ પ્રવૃતિ કરી શકાશે નહી. શાળા પરિસરમાં આવેલી પેન્ટ્રી, રસોઈ ઘર, કેન્ટીનનો આ સમયગાળા દરમિયાન ઉપયોગ ન કરવા તાકીદ કરવામાં આવી છે. ઈલેક્ટ્રીક સીટીના મંજુર થયેલા લોડ પ્રમાણે જ સાધનોનો ઉપયોગ કરવો. વધુ વપરાશ ટાળવો, શાળામાં શૈક્ષણિક કાર્ય દરમિયાન પુરતી હવા ઉજાસ જળવાઈ રહે, બારી-બારણા ખુલ્લા રહે તેની તકેદારી રાખવી, શાળાઓમાં ફાયર સેફટી પ્લાન સરળ ભાષામાં તૈયાર કરીને યોગ્ય જગ્યાએ પ્રદર્શિત કરવાનો રહેશે.

શાળાઓએ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સાથે રહીને મોક ડ્રીલ કે તાલીમનું આયોજન કરવાનું રહેશે. આ તમામ તકેદારી રાખ્યા પછી પણ કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની સંપૂર્ણ જવાબદાર શાળાની રહેશે તેવી તાકીદ પણ કરવામાં આવી છે.

# શહેરની સિવિલ હોસ્પિટલમાં થ્રી ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા કાર્યરત કરાઈ: ડો. રાકેશ જોષી

## આ સુવિધા ઉપલબ્ધ કરાવનાર સિવિલ રાજ્યની પ્રથમ હોસ્પિટલ બની છે

ગુજરાત | વંદન



સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે થ્રી ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા કાર્યરત કરવામાં આવી છે. જેના કારણે દર્દીઓની સુખાકારીમાં વધારો થશે. આ સુવિધા ઉપલબ્ધ કરાવનાર સિવિલ રાજ્યની પ્રથમ હોસ્પિટલ બની છે. નોંધનીય છે કે, સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધીમાં ૨૧૩૦ કરતા વધુ ટુ ડી લેપ્રોસ્કોપિક સર્જરીઓ કરવામાં આવી છે.

આધુનિક તબીબી વિજ્ઞાનના સમયમાં સર્જરી કરવામાં થ્રી ડી લેપ્રોસ્કોપીની મોટી ભૂમિકા છે. જટિલ શસ્ત્રક્રિયાના કેસોમાં, થ્રી ડી લેપ્રોસ્કોપી શરીરના અંદરનાં અવયવો અને ભાગોનું સચોટ અનુમાન તથા ત્રિપારિમાણિક વિઝન આપે છે. જે પ્રોસ્ટેટ, મૂત્રાશયના કેન્સર, કિડની કેન્સર, વગેરેનાં ઓપેરેશન દરમિયાન જટિલ શરીર રચનાને નેવિગેટ કરવા માટે નિર્ણાયક હોય છે.

આ ઉત્તમ ત્રિપારીમાણિક વિઝન નાજુક પ્રોસિઝર માટે જરૂરી સચોટ ચીરફાડ અને ટાંકા લેવામાં મદદ કરે છે. વિવિધ ગાંઠની સર્જરીમાં ચોકસાઈ સુધારે છે અને સર્જરી દરમિયાન લોહી ઓછું વહે છે. થ્રી ડી લેપ્રોસ્કોપીને કારણે ઓપન સર્જરીનો દર ઘટાડી શકાય છે અને ઓછામાં ઓછી કાપકૂપથી જટિલ સર્જરી કરી સર્જિકલ પરિણામોમાં સુધારો કરી શકાય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગમાં થ્રી ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા કાર્યરત કરાવી છે.

એડિ. ડાયરેક્ટર ડૉ. રાઘવેન્દ્ર દીક્ષિત, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી સહિતના તબીબોના હસ્તે આ સેવાનો શુભારંભ કરાયો હતો. સિવિલ

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતના ઘરોમાં પીએનજી કનેક્શનની સંખ્યામાં થયો વધારો

## 7 મહિનામાં 1.75લાખ કનેક્શનનો વધારો થયો

ગુજરાત | વંદન




ગુજરાતના ઘરોમાં પાઈપ્ડ નેચરલ ગેસ કનેક્શનની (PNG) સંખ્યા ઝડપથી વધી રહી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ 2023થી ફેબ્રુઆરી 2024 સુધીમાં ગુજરાતમાં PNGકનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે.

જુલાઇ 31, 2023 સુધીમાં, ગુજરાતમાં ડોમેસ્ટિક PNG કનેક્શનની સંખ્યા 3,078,162 હતી જે 29 ફેબ્રુઆરી 2024માં 3,253,175 સુધી પહોંચી ગઇ છે. આ સાત મહિનામાં 5.6%ના વધારા સાથે કુલ 175,013 કનેક્શનનો વધારો થયો છે, જે ઘરગથ્થુ વપરાશમાં એક નોંધપાત્ર પ્રગતિ છે.

વ્યવસાયિક તેમજ ઔદ્યોગિક PNG કનેક્શનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર છે. ગુજરાતમાં અત્યારે 23,445 વ્યવસાયિક તેમજ 5786 ઔદ્યોગિક PNG કનેક્શન છે. આ સંખ્યા બાકીના રાજ્યો કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

### ગેંગસ્ટર સાથેના સંબંધોનું ઘાતક પરિણામ: વાંચવા જેવો કિસ્સો

# ગુજરાત કેડરના એક આઈએએસ અધિકારીની પત્નીને ગેંગસ્ટર સાથેનો સંબંધમાં મોત મળ્યું

## મદુરાઈમાં બાળકના અપહરણ કેસમાં નામ સંડોવાયું અને .....

ગુજરાત | વંદન



થોડા સમયમાં પૈસાવાળા થવા કે પોતાના પ્રેમી કે પ્રેમિકા સાથે મજા કરવા કેટલાક લોકો ન કરવાના બધા જ કામો કરતા હોય છે. સારા શબ્દોમાં કહી તો ખરાબ કામ કે ફાંદા પરંતુ જ્યારે આ શોર્ટકર્ટમાં તેને સફળતા મળતી નથી ત્યારે તે પોતાનું જીવન ટુંકાવી દે છે. આવો જ એક કિસ્સો તાજેતરમાં ગુજરાતમાં પ્રકાશમાં આવ્યો છે. એક ગુજરાત કેડરના IAS અધિકારી રણજીતની પત્નીએ તાજેતરમાં જ તેના ઘરની બહાર ઝેર ગટગટાવીને આત્મહત્યા કરી લીધી હતી. હવે આ સમગ્ર ઘટનાની પોલીસ તપાસમાં એક પછી એક નવા ચેપ્ટરો બહાર આવી રહ્યાં છે. તો ચાલો જાણીએ IAS અધિકારીની પત્નીને કઈ રીતે શોર્ટકર્ટ લોન્ગ પડ્યો...

થોડા દિવસો અગાઉ IAS અધિકારીની 45 વર્ષીય પત્નીનું ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું, તેના એક દિવસ બાદ તેણીએ કથિત રીતે તેના પતિના ઘરની બહાર ઝેર પીધું હતું. પોલીસે જણાવ્યું કે મહિલાએ તેના પતિને મહિનાઓ પહેલા છોડી દીધો હતો. તે તમિલનાડુના મદુરાઈના એક ગેંગસ્ટર સાથે રહેતી હતી, જેને હાઈકોર્ટ મહારાજા તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યાએ કથિત રીતે જમીન વિવાદ અને પૈસા પડાવવા માટે ગેંગસ્ટરના ગુનાહિત નેટવર્કનો લાભ લીધો હતો.

પોલીસે જણાવ્યું કે સૂર્યા તેના મૃત્યુના દિવસો પહેલા મદુરાઈમાં 14 વર્ષના છોકરાના અપહરણમાં કથિત રીતે સામેલ હતી.

...અનુસંધાન પેજ નં. 6 પર

# સાપુતારામાં 'મોન્સૂન ફેસ્ટિવલ'નો પ્રારંભ

## મેઘ મલ્હાર પર્વ-2024નો પ્રારંભ, 29મીથી એક માસ સુધી ચાલશે

ગુજરાત | વંદન





દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા ચોમાસાની ઋતુમાં 29મી, જુલાઈથી 28મી, ઓગસ્ટ-2024 એમ એક માસ સુધી સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરાયું છે. બોટ હાઉસ ગ્રાઉન્ડ, સાપુતારા ખાતે 29મીએ યોજાનાર આ ઉદ્ઘાટન સમારંભમાં કાર્યક્રમની શરૂઆત પ્રવાસન નિગમની તોરણ હોટેલ સામેથી રંગબેરંગી પરેડથી થશે. જેમાં ડાંગના સ્થાનિક સંગીતના વાજિંત્રો, મનોરંજક પાત્રો, અલગ-અલગ વેશભૂષામાં પાત્રો, ડાંગી આદિવાસી નૃત્ય તેમજ વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરાશે. રંગબેરંગી પરેડ બાદ મુખ્ય અતિથિ ગણ સાપુતારા તળાવ પાસે તૈયાર કરવામાં આવેલા ડોમ ખાતે પધારશે, જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અંતે સાપુતારા સર્કલ પાસે મુખ્યમંત્રી 'રેઈન રન મેરેથોન'નું ફ્લેગ ઓફ કરાવશે.

પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, પ્રવાસીઓ ડાંગની સ્થાનિક સંસ્કૃતિ સાથે પરિચય કેળવે અને સ્થાનિક કલાકારોને પણ વધુ રોજગારી મળી રહે તે હેતુથી કાર્યક્રમના મુખ્ય ડોમ ખાતે શુક્ર-શનિ-રવિ-જાહેર રજાના દિવસે તેમજ સાપુતારા મેઈન સર્કલ અને ગવર્નર હિલ ખાતે સાંજના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે. આ સાથે આગામી જન્માષ્ટમીના દિવસે ખાસ દહીં-હાંડી કાર્યક્રમનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 2022માં સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે 8.16 લાખ, જ્યારે વર્ષ 2023માં સાપુતારા ફેસ્ટિવલમાં 2.44 લાખથી વધુ સહિત એમ સમગ્ર વર્ષમાં કુલ 11.13 લાખ પ્રવાસીઓએ સાપુતારાની મુલાકાત લીધી હતી. મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓને આજુબાજુમાં 18 જેટલા મુખ્ય જોવાલાયક સ્થળો માણવા મળશે, જેમાં, ઈકો ટુરીઝમ કેમ્પ સાઈટ-મહલ, એક્વેરિયમ, ઈકો પોઈન્ટ, ગાંધર્વપુર આર્ટિસ્ટ વિલેજ, ગીરા ધોધ, ગવર્નર હિલ, હાથગઢનો કિલ્લો, મધમાખી કેન્દ્ર, સંગ્રહાલયો, નાગેશ્વર મહાદેવ મંદિર, પૂર્ણા અભયારણ્ય, રોઝ ગાર્ડન, સાપુતારા તળાવ, સાપુતારા આદિજાતિ સંગ્રહાલય, સ્ટેપ ગાર્ડન, સનરાઈઝ પોઈન્ટ, સનસેટ પોઈન્ટ અને પ્રસિદ્ધ વાંસદા નેશનલ પાર્કનો સમાવેશ થાય છે.

# બાયોગેસ માટે બનાસ ડેરી-સુઝુકી વચ્ચે મહત્વના કરાર

## સુઝુકી બનાસકાંઠામાં પાંચ પ્લાન્ટ સ્થાપવામાં મદદ કરશે

ગુજરાત | વંદન



એરીયાની સૌથી મોટી ડેરી બનવા તરફ આગળ વધી રહેલી બનાસ ડેરીએ પર્યાવરણ જાળવણી અને કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવાની દિશામાં એક મહત્વનું કદમ ભર્યુ છે. પશુઓના છાણમાંથી બાયો સીએનજી તૈયાર કરીને વાહનો દોડતા થાય અને એની ગૌણ પેદાશોમાંથી ઉતમ પ્રકારનું લિકવીડ પાકૃતિક ખાતર પેદા થાય એ દિશામાં આગળ વધવા બનાસ ડેરી અને જાપાનની સુઝુકી કંપની વચ્ચે મહત્વપૂર્ણ કરાર થવાના છે.

સુઝુકી કંપની બનાસકાંઠા જીલ્લામાં પાંચ સીએનજી પ્લાંટ સહ સ્ટેશનો ઉભા કરવા રૂા.250 કરોડથી વધુના રોકાણ કરશે એ સાથે કેટલીક ટેકનોલોજી પણ પુરી પાડશે.બનાસડેરીનાં ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈના સુચનથી બનાસડેરીને મળેલી રાહ ઉપર ચાલી બનાસ ડેરી ગોબરધનના પ્રોજેક્ટ થકી જીલ્લામાં સ્વચ્છ ઈંધણ અને જૈવિક ખાતરોનું ઉત્પાદન કરી સર્ક્યુલર ઈકોનોમી પ્રસ્થાપીત કરવા માટે આગળ વધી રહી છે. શરૂઆતનાં પ્રાયોગીક પ્લાંટની સફળતા પછી સુઝુકી કંપનીના સહયોગથી વધારેમાં વધારે બાયોગેસ પ્લાંટની જીલ્લામાં સ્થાપના કરાશે.

પશુપાલકોનાં પશૂઓના છાણ, મુત્રમાંથી એક સર્ક્યુલર ઈકોનોમી ઉભી કરવાના હેતુથી 2019 માં બનાસ ડેરીએ દામા ગામ ખાતે પાયલોટ પ્રોજેક્ટ સ્થાપી બાયોગેસ પ્લાંટ સ્થાપ્યો હતો આ પ્રોજેક્ટથી પ્રેરાઈને જાપાનની જાણીતી મોટરકાર કંપની સુઝુકીએ વિશેષ રસ દાખવી વધુ ચાર બાયોગેસ પ્લાંટ સ્થાપવા બનાસ ડેરી સાથે કરાર કર્યા હતા.



### શું આખુ ગામ પણ વેચાઈ શકે છે...? યસ, આ રહ્યો અદભૂત અને અનન્ય કિસ્સો....

# 'અમારાં ઘરો, મંદિરો, સરકારી ઇમારતો, દરેક ચીજ રાતોરાત વેચાઈ ગઈ..હવે અમે ક્યાં જઇશું'

## 700થી વધુની વસતી- 88 મકાનો ધરાવતું પહાડિયા ગામ ખાનગી પાર્ટીને વેચી દેવાયું

ગુજરાત | વંદન


અમારા ગામમાં અમારાં ઘરોથી લઈને મંદિરો, સરકારી ઈમારતો અને પાણીની ટાંકી સુધીની દરેક ચીજ રાતોરાત વેચાઈ ગઈ છે."

આ શબ્દો છે ગાંધીનગર જિલ્લાના જૂના પહાડિયા ગામના રહેવાસી રાજુ ઝાલાના. થોડા દિવસો પહેલાં જ તેમને જાણવા મળ્યું કે તેમનું આખું ગામ એક ખાનગી પાર્ટીને વેચી દેવામાં આવ્યું છે.

ગુજરાતમાં કથિત છેતરપિંડી, બનાવટી દસ્તાવેજોના ઉપયોગ અને ગેરરીતિનો આ બેજોડ કિસ્સો છે જેમાં 700થી વધુ લોકોની વસતી અને 88 મકાનો ધરાવતું આખું ગામ એક ખાનગી પાર્ટીને વેચી નાખવામાં આવ્યું છે અને આ અંગે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે.

આ ગામને ધ્યાનથી જોતા જ ખબર પડશે કે અહીં ગ્રામજનોને સારી એવી પ્રાથમિક સુવિધાઓ મળી રહી છે.અહીં મોટા ભાગે સારી રીતે બંધાયેલાં સિમેન્ટનાં પાક્કાં મકાનો, સિમેન્ટના રસ્તા, પાણીની ટાંકી, શેરીની બાજુઓએ ઘણાં મંદિરો અને લગભગ દરેક ઘરની બહાર ભેંસો રાખવાના શેડ જોવા મળે છે.

પરંતુ આ ગામની લગભગ બે એકર જમીન એક ખાનગી પાર્ટીને 2 કરોડ રૂપિયામાં વેચી દેવામાં આવી ત્યારે આ ગામ અચાનક મીડિયામાં ચર્ચામાં આવી ગયું છે. આખેઆખું ગામે વેચાઈ જવાનો શું છે મામલો? 13 જૂન, 2024ના રોજ ગાંધીનગર જિલ્લાની સબ-રજિસ્ટ્રાર ઑફિસમાં આ સોદો નોંધવામાં આવ્યો હતો. જોકે, 13 જુલાઈ, 2024ના રોજ સબ-રજિસ્ટ્રાર દ્વારા આ ગામ વેચનારા સાત લોકો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.




રાજુ ઝાલાએ કહ્યું કે થોડા દિવસો પહેલાં જ તેમને ખબર પડી કે સબ-રજિસ્ટ્રારે એક સોદો રજિસ્ટર કર્યો છે જેમાં છ લોકોએ તેમનું આખું ગામ રાજકોટની એક વ્યક્તિને વેચી દીધું હતું. તેઓ કહે છે, "અમે રજિસ્ટ્રારને કહ્યું કે અમારી પાસે જમીનનો કબજો છે અને આ સોદો કાયદેસર ગણી શકાય નહીં. તેથી સબ-રજિસ્ટ્રારે પોલીસ ફરિયાદ દાખલ કરી."

જોકે, સબ-ડિવિઝનલ મૅજિસ્ટ્રેટ (એસડીએમ) બ્રિજેશ મોરિયાએ બીબીસી સાથે વાત કરતાં જણાવ્યું કે, "આ ગામ અગાઉ મેસ્વો નદીના કિનારે આવેલું હતું, પરંતુ નદીનો પ્રવાહ બદલાતા આ ગામને નવી જમીન પર ખસેડવામાં આવ્યું હતું, જે જમીન રેકૉર્ડ મુજબ ભીખાજી સોમાજી ઠાકોરના નામે નોંધાયેલી છે." આ જમીનના 7/12ના ઉતારા (જમીનની માલિકીનો દાવો કરવા માટેનો કાનૂની દસ્તાવેજ) મુજબ જમીનની માલિકી ભીખાજી ઠાકોરથી તેમના વંશજોના નામે ગઈ હતી.

હાલની એફઆઈઆરમાં છ આરોપીઓ ભીખાજી ઠાકોરના વારસદાર છે, જ્યારે સાતમા આરોપી જમીનના ખરીદનાર છે. મોરિયાએ વધુમાં જણાવ્યું કે, "આ

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009